અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


30 JANUARY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 208 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
વેનેઝુએલા સરકાર દર મહિને અમેરિકાને બજેટનો હિસાબ આપશે: અમેરિકા તેલ વેચીને કમાયેલા પૈસા મોકલશે

4 
પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી-બીકાનેર અને પોરબંદર-જોધપુર વચ્ચે વન-વે સ્પેશિયલ ટ્રેનો

6 
દુબેની ભારત માટે ત્રીજી સૌથી ફાસ્ટેસ્ટ ફિફ્ટી : 101 મીટર લાંબી સિક્સ પણ ફટકારી, રિન્કુએ ચાર કેચ પકડ્યા

7 
સેન્સેક્સ 221 પોઈન્ટ વધીને 82,566 પર બંધ: નિફ્ટીમાં પણ 73 પોઈન્ટનો ઉછાળો

## સુપ્રીમ કોર્ટે યુજીસીના નવા નિયમો પર સ્ટે લગાવી દીધો

# UGCના નવા નિયમો અસ્પષ્ટ, દુરુપયોગનો ખતરો : સુપ્રીમ કોર્ટ

### સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિયમોનો ડ્રાફ્ટ ફરીથી તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે : આ મામલે વધુ સુનાવણી 19 માર્ચે હાથ ધરવામાં આવશે

**નવી દિલ્હી, તા.29**

સુપ્રીમ કોર્ટે UGC (University Grants Commission-UGC)ના નવા નિયમો પર સુનાવણી દરમિયાન મોટો આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જ્યોમાલ્યા બાગચીની બેન્ચમાં આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, UGCના નવા નિયમો અસ્પષ્ટ છે અને તેનો દુરુપયોગ થવાનો ખતરો છે. આ પછી કોર્ટે યુજીસીના નવા નિયમો પર સ્ટે (રોક) લગાવી દીધો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિયમોનો ડ્રાફ્ટ ફરીથી તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. આ મામલે વધુ સુનાવણી ૧૯ માર્ચે હાથ ધરવામાં આવશે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આદેશ આપતાં કહ્યું કે, ૨૦૧૨ના નિયમો ફરીથી લાગુ થશે. તેમણે કહ્યું કે, રેગ્યુલેશનમાં જે શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેનાથી એવું લાગે છે કે આ રેગ્યુલેશનનો દુરુપયોગ થઈ શકે છે. એટલે કે આ નિયમોનો દુરુપયોગ થઈ શકે છે. જસ્ટિસ બાગચીએ કહ્યું કે, અમે સમાજમાં એક નિષ્પક્ષ અને સમાવેશી માહોલ બનાવવા પર વિચાર કરી રહ્યા છીએ. નોંધનીય છે કે, UGCના નવા નિયમો વિરુદ્ધ મૃત્યુંજય તિવારી, એડવોકેટ વિનીત જિંદલ અને રાહુલ દીવાને અરજીઓ દાખલ કરી છે.

અરજદારના વકીલ વિષ્ણુ શંકર જૈને સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, અમે યુજીસી એક્ટની કલમ ૩(C)ને પડકારી રહ્યા છે અને તે બંધારણની વિરુદ્ધ છે. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે કહ્યું કે, આઝાદીના ૭૫ વર્ષ પછી પણ દેશ જાતિની જંજાળમાંથી બહાર નથી નીકળી શક્યો. બીજી તરફ જસ્ટિસ જ્યોમાલ્યા બાગચીએ અમેરિકાની સ્થિતિનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે 'મને આશા છે કે આપણે એવી સ્થિતિ સુધી નહીં પહોંચીએ જ્યાં અમેરિકાની જેમ અલગ-અલગ શાળાઓ હોય, જ્યાં એક સમયે અશ્વેત અને શ્વેત બાળકોને અલગ-અલગ શાળાઓમાં ભણવું પડતું હતું.' ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને



(UGC) નવા નિયમો જાહેર કર્યા હતા, જેનું નામ છે પ્રમોશન ઑફ ઈક્વિટી ઈન હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુશન્સ રેગ્યુલેશન્સ, ૨૦૨૬. આ નિયમનો મુખ્ય હેતુ કોલેજ અને યુનિવર્સિટીમાં જાતિ આધારિત ભેદભાવ રોકવાનો હતો. ખાસ કરીને SC, ST અને OBC વિદ્યાર્થીઓને ત્રાસ, અપમાન કે અસમાન વર્તનથી બચાવવાનો. આ માટે દરેક કોલેજ-યુનિવર્સિટીને ઈક્વિટી કમિટી, ઈક્વોલ ઓપોર્ચ્યુનિટી સેન્ટર, ૨૪ કલાકની હેલ્પલાઈન અને મોનિટરિંગ ટીમ બનાવવાની સૂચના આપવામાં આવી હતી.

નિયમો મુજબ, આ ટીમ SC, ST અને OBC વિદ્યાર્થીઓની ફરિયાદોની તપાસ કરશે. સરકારનું કહેવું છે કે આ ફેરફારો ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં નિષ્પક્ષતા અને જવાબદારી લાવવા માટે કર્યા છે. જોકે, જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓએ અને કેટલાક સંગઠનો-સંસ્થાઓએ આ નિયમોનો વિરોધ કર્યો હતો.

દેશભરમાં નિયમોને લઈને વિરોધ થવા લાગ્યો હતો. આ નિયમો સામે દેશભરમાં પ્રદર્શનો થઈ રહ્યા હતા.UGC ઓફિસ બહાર વિદ્યાર્થીઓએ ધરણા કર્યા હતા. કેટલાક જનરલ કેટેગરીના લોકોએ રાજીનામાં પણ આપ્યા હતા. આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો હતો. જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોનું કહેવું હતું કે સવર્ણ વિદ્યાર્થીઓને 'સ્વાભાવિક અપરાધી' બનાવી દેવામાં આવ્યા છે. નવા નિયમો કોલેજ કે યુનિવર્સિટી કેમ્પસમાં તેમની વિરુદ્ધ ભેદભાવને પ્રોત્સાહન આપી શકે છે. તેનાથી કોલેજોમાં અરાજકતા પેદા થશે. જોકે, આ નિયમોનો ભારે વિરોધ થયા બાદ સુપ્રીમ કોર્ટે હવે નવા નિયમ પર સ્ટે લગાવી દીધો છે.

CJI સૂર્યકાંતે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, યુજીસીના નવા નિયમો અસ્પષ્ટ છે અને આવી પરિસ્થિતિનો તોફાની તત્વો દ્વારા દુરુપયોગ થઈ શકે છે. તેમણે સોલિસિટર જનરલ તુષાર મહેતાને ટકોર કરતાં કહ્યું કે, કેટલાક પ્રતિષ્ઠિત લોકોની એક સમિતિ બનાવવા પર વિચાર કરો. જે મુદ્દાની સમીક્ષા કરે જેથી સમાજમાં કોઈ પણ પ્રકારના વિભાજન વગર આગળ વધી શકીએ અને સૌનો વિકાસ થાય.

અન્ય એક અરજી કરનારા વકીલે કહ્યું કે, જો હું એક સામાન્ય વર્ગનો વિદ્યાર્થી છું. કોલેજમાં સિનિયરને મને જોઈને ખબર પડી જશે કે હું ફ્રેશર છું. પછી મારી રેગિંગ થશે. જો તે સિનિયર SC, ST વર્ગનો હશે તો મારે જ કાર્યવાહીનો સામનો કરવો પડશે. મારી પાસે તો કોઈ સહારો નહીં રહે. આગોતરા જામીનનો કોઈ વિકલ્પ નથી, કારણ કે સરકારે પહેલેથી જ કાયદા બદલી નાંખ્યા છે. વિદ્યાર્થીનું કરિયર સમાપ્ત થઈ જશે. કેસની ગંભીરતાને જોતાં સુપ્રીમ કોર્ટે તાત્કાલિક ધોરણે આદેશ આપ્યા છે કે જૂના ૨૦૧૨ના જ નિયમો ફરીથી લાગુ કરાશે. જૂના નિયમો નવા નિયમો કરતાં વધુ સંતુલિત છે. સુપ્રીમ કોર્ટે આ મામલે નોટિસ જાહેર કરી છે. આગામી સુનાવણી ૧૯ માર્ચે કરાશે જ્યાં સમિતિની રચના તથા નિયમોની વ્યાખ્યા મુદ્દે આદેશ અપાશે.

### અજિત પવારની ખાલી જગ્યા પત્ની સુનેત્રા ભરશે?

## કદાવર નેતાઓ સાથેની મુલાકાતથી ડેપ્યુટી-CM બનવાની ચર્ચાઓ તેજ, પ્રફુલ પટેલના હાથમાં NCPની કમાન આવી શકે



**મુંબઈ, તા.29**

અજિત પવારના નિધન બાદ તેમની પત્ની સુનેત્રા પવારને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે. સૂત્રો અનુસાર, પ્રફુલ પટેલ, છગન ભુજબળ, ધનંજય મુંડે અને સુનીલ તટકરેએ સુનેત્રા સાથે મુલાકાત કરી છે. સુનેત્રા હાલમાં રાજ્યસભા સાંસદ છે, તેઓ હવે અજિત પવારની બારામતી બેઠક પરથી ચૂંટણી લડી શકે છે.

આ ઉપરાંત, પ્રફુલ પટેલના NCPના અધ્યક્ષ બનવાની પણ ચર્ચા છે. આ પ્રસ્તાવ પર NCPના નેતાઓ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે પણ મુલાકાત કરશે. બીજી તરફ, NCP પાર્ટીનું શરદ જૂથ સાથે પણ વિલિનીકરણ થઈ શકે છે.

ખરેખર, અજિત પવારનું બુધવારે બારામતી એરપોર્ટ પર પ્લેન ક્રેશમાં નિધન થયું હતું. તેઓ 66 વર્ષના હતા.

આ દુર્ઘટનામાં પવારના સુરક્ષાકર્મી, બે પાઈલટ અને એક મહિલા ક્રૂ સહિત 5 લોકોના મોત થયા હતા. પવારના નિધન પર મહારાષ્ટ્રમાં 3 દિવસનો રાજકીય શોક રાખવામાં આવ્યો છે

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું કે પાઈલટે બારામતી એરપોર્ટ પર લેન્ડિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રનવે સ્પષ્ટ દેખાયો નહીં, તેથી તે પ્લેનને પાછો ઊંચાઈ પર લઈ ગયો. ફરીથી લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ દરમિયાન વિમાન રનવે પહેલા જ પડી ગયું અને તેમાં આગ લાગી ગઈ.

એવિએશન કંપની VSR વેન્ચર્સે જણાવ્યું છે કે પાઈલટને 16 હજાર કલાકનો ફ્લાઈંગ અનુભવ હતો. વિમાનના કો-પાયલટ પાસે 1500 કલાકનો અનુભવ હતો. કંપનીએ દાવો કર્યો કે એરક્રાફ્ટમાં કોઈ તકનીકી ખામી નહોતી.

## કોંગ્રેસમાં સૌ સારાં વાનાં થવાના સંકેત!: મિટિંગમાંથી 'ગુલ્લી' મારતા થરૂરની આખરે ખડગે-રાહુલ સાથે મુલાકાત

**નવી દિલ્હી, તા.29**

કોંગ્રેસમાં પાર્ટી હાઈકમાન્ડ સાથે મતભેદ બાદ કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે ગુરુવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી. ત્રણેય વચ્ચે બેઠક ખડગેના કાર્યાલયમાં મળી હતી. બેઠક પછી, થરૂરે કહ્યું, "મેં મારી પાર્ટીના બંને નેતાઓ સાથે વાત કરી. બધું બરાબર છે. અમે બધા સાથે મળીને કામ કરી રહ્યા છીએ. મેં હંમેશા પક્ષ માટે પ્રચાર કર્યો છે." આ મુલાકાત એવા સમયે થઈ રહી છે, જ્યારે થરૂર અને પાર્ટી લીડરશિપ વચ્ચે કેટલાક મતભેદ સામે આવ્યા છે. હાલમાં કેરળ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓને લઈને AICCની એક બેઠક થઈ હતી, જેમાં થરૂર સામેલ થયા ન હતા. કેરળના મુખ્યમંત્રી બનવાના પ્રશ્ન પર થરૂરે કહ્યું, "મેં ક્યારેય આ અંગે ચર્ચા કરી નથી. મને કોઈ પણ બાબતમાં ઉમેદવાર બનવામાં કોઈ રસ નથી." પીટીઆઈ અનુસાર 19 જાન્યુઆરીએ કોચીમાં એક કાર્યક્રમ દરમિયાન રાહુલ ગાંધીએ મંચ પર હાજર ઘણા વરિષ્ઠ નેતાઓના નામ લીધા, પરંતુ શશિ થરૂરને અવગણ્યા હતા.



થરૂરના નજીકના સૂત્રો અનુસાર આ ઘટના તેમના માટે ટિપિંગ પોઈન્ટ સાબિત થઈ. આ પહેલા પણ રાજ્યના કેટલાક નેતાઓ તેમને અવગણવાનો પ્રયાસ કરી ચૂક્યા છે, જેના કારણે તેઓ અસ્વસ્થતા અનુભવી રહ્યા હતા. આ મામલે કોંગ્રેસ નેતા સંદીપ દીક્ષિતે કહ્યું કે કેરળ કોંગ્રેસના તમામ મોટા નેતાઓ મીટિંગમાં આવી રહ્યા છે. જે કોંગ્રેસના કોઈ કામના નથી અને મોટા નેતા નથી તેઓ આવે કે ન આવે તેનાથી કોઈ ફરક પડતો નથી. કેરળ વિધાનસભા આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ (KLIBF) ના ચોથા સંસ્કરણમાં 9 જાન્યુઆરીએ શશિ થરૂરે કહ્યું કે નેહરુની ભૂલો સ્વીકારવી જરૂરી છે, પરંતુ દેશની દરેક સમસ્યા માટે તેમને એકલા દોષી ઠેરવવા સંપૂર્ણપણે ખોટું અને અયોગ્ય છે.

કેરળના વાયનાડ ખાતે સુલતાન બથેરીમાં કહ્યું કે હું ક્યારેય પાર્ટી લાઈનથી ભટક્યો નથી. મારો સવાલ છે, કોણે કહ્યું કે મેં પાર્ટી લાઈન છોડી દીધી. જ્યારે મેં વિવિધ વિષયો પર મારો અભિપ્રાય વ્યક્ત કર્યો ત્યારે પાર્ટી અને હું એક જ લાઈન પર ઊભા હતા. વિદેશ નીતિ ભાજપ કે કોંગ્રેસની નહીં, ભારતની હોય છે. જો રાજકારણમાં કોઈ વડાપ્રધાનની હાર પર ખુશ થાય છે, તો તે ભારતની હારની ખુશી મનાવી રહ્યો હોય છે. ભારતે પાકિસ્તાનથી આવતા સુરક્ષા જોખમોને હળવાશથી ન લેવા જોઈએ. દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા લોકો (ગેરકાયદેસર પ્રવાસીઓ) વિરુદ્ધ સરકારની કાર્યવાહીનું સમર્થન કર્યું. તેમણે કહ્યું કે દેશની સરહદોની સુરક્ષા અને ઈમિગ્રેશન વ્યવસ્થાને યોગ્ય રીતે સંભાળવી સરકારની જવાબદારી છે.

## લોકસભામાં આર્થિક સર્વે રજૂ કરાયો: PMએ કહ્યું, સરકારની ઓળખ રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મ, યુરોપિયન બજાર ખૂલવાથી મેન્યુફેક્ચરર માટે તકો

**નવી દિલ્હી, તા.29**

ગુરુવારે પ્રશ્નકાળ પૂર્ણ થયા બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં આર્થિક સર્વે રજૂ કર્યો. નાણાકીય વર્ષ 2027 માટે ભારતના GDP ગ્રોથનો અપર રેન્જ અંદાજ 7.2% છે અને લોઅર રેન્જ અંદાજ 6.8% લગાવવામાં આવ્યો છે. GDPમાં તેજી પાછળ મજબૂત સ્થાનિક માંગને મુખ્ય પરિબળ માનવામાં આવે છે. તેમજ, પહેલીવાર, આર્થિક સર્વેક્ષણમાં AI પર એક અલગ ચેપ્ટર છે, જેનો અર્થ એ છે કે સરકાર આગામી દિવસોમાં સંપૂર્ણપણે નવી ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવા જઈ રહી છે.

નાણાકીય વર્ષ 2027 માટે GDP ગ્રોથનો અપર રેન્જનો અંદાજ 7.2 ટકા છે અને લોઅર રેન્જનો અંદાજ 6.8 ટકા છે.

આર્થિક સર્વેમાં ખાસ કરીને સોના અને ચાંદીનો ઉલ્લેખ છે.

18મી લોકસભાના બજેટસત્રના



બીજા દિવસે પીએમ મોદીએ કહ્યું, 'નાણામંત્રી નિર્મલા સીતારમણ દેશનાં પ્રથમ મહિલા નાણામંત્રી છે, જે સતત નવમી વખત સંસદમાં બજેટ રજૂ કરશે. બજેટસત્ર ખૂબ જ સકારાત્મક રીતે શરૂ થયું છે.'

મોદીએ કહ્યું, "એક આત્મવિશ્વાસપૂર્ણ ભારત આશાનું કિરણ અને આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે એક કરાર થયો છે. મને વિશ્વાસ છે કે ભારતીય મેન્યુફેક્ચરર આ તકનો ઉપયોગ તેમની ક્ષમતાઓને વિસ્તૃત કરવા માટે કરશે."

પીએમ મોદીએ ગુરુવારે કહ્યું, 'અમારી સરકારની ઓળખ રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મ રહી છે. હવે અમે રિફોર્મ એક્સપ્રેસ પર આગળ વધી રહ્યા છીએ.' રાષ્ટ્રપતિએ સત્રની શરૂઆતમાં સાંસદો પાસેથી પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરી. મને ખાતરી છે કે સાંસદો તેને ગંભીરતાથી લેશે.' તેમણે કહ્યું હતું કે આ સત્ર ખૂબ જ મહત્ત્વપૂર્ણ સત્ર છે. 21મી સદીનો એક ક્વાર્ટર વીતી ગયો છે. આ બીજા ક્વાર્ટરની શરૂઆત છે.

2047 સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે મહત્ત્વપૂર્ણ 25 વર્ષ શરૂ થઈ ગયાં છે. એક દિવસ પહેલાં બુધવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સેન્ટ્રલ હોલમાં બંને ગૃહોને સંયુક્ત રીતે સંબોધન કર્યું હતું.

18મી લોકસભાના બજેટસત્રનો ગુરુવારે બીજો દિવસ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરીએ બજેટ 2026-27 રજૂ કરશે. આ પહેલાં આજે સંસદમાં ઈકોનોમિક સર્વે રજૂ કરવામાં આવશે.

સંસદના બજેટસત્રમાં આજે પણ હોબાળો થવાની શક્યતા છે. વિપક્ષે પાછલાં બે સત્રો (ચોમાસુ અને શિયાળુ)માં મતદારયાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર ચર્ચા અને MGNREGA સ્કીમની જગ્યાએ આવેલા VB-G RAM G કાયદાનો વિરોધ કરતાં હોબાળો કર્યો હતો.

સૂત્રો અનુસાર, વિપક્ષ આ સત્રમાં પણ SIR, VB-G RAM G કાયદા સહિત ભારત પર US દ્વારા લાદવામાં આવેલા ટેરિફ, ફોરેન પોલિસી, વાયુ-પ્રદૂષણનો મુદ્દો, અર્થતંત્ર, ટીનેજર્સ માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ જેવા મુદ્દાઓ પર ચર્ચાની માગ કરશે.

લોકસભામાં 9 બિલ પેન્ડિંગ છે, જેમાં વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન વિધેયક 2025, પ્રતિભૂતિ બજાર સંહિતા 2025 અને સંવિધાન (129મો સુધારો) વિધેયક 2024 સામેલ છે. આ બિલોની હાલમાં સંસદીય સ્થાયી અથવા પ્રવર સમિતિઓ તપાસ કરી રહી છે.



# અમદાવાદમાં હિંમતનગર ટુ હૈદરાબાદ ચાલતા બાળ તસ્કરીના રેકેટનો પર્દાફાશ, 3.6 લાખમાં વેચાયેલા બાળકનું રેસ્ક્યૂ.....

**અમદાવાદ, તા.29**



અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ગુજરાત ATSએ જોઈન્ટ ઓપરેશન કરી બાળ તસ્કરીના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. જેમાં હિંમતનગરથી ખરીદેલું એક નવજાત શિશુને હૈદરાબાદમાં વેચવા જતી એક મહિલા સહિત ત્રણ શખ્સને ઝડપી પાડ્યા છે. મહત્વનું છે કે અત્યારે નવજાત શિશુની સંભાળ માટે આરોગ્ય અધિકારીને સોંપવામાં આવ્યું છે. હિંમતનગર પાસે મુન્નુ નામના વ્યક્તિ પાસેથી નવજાત શિશુ 3,60,000માં ખરીદ્યું હતું.

ગુજરાત ATSને બાતમી મળી હતી જે ગઈકાલે 28 જાન્યુઆરીના રોજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ સાથે શેર કરવામાં આવી હતી. જે બાદ ક્રાઈમ બ્રાંચની ટીમે અમદાવાદ એરપોર્ટની બાઉન્ડ્રી વોલ નજીક આવેલા કોતલપુર પમ્પિંગ સ્ટેશન નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન હિંમતનગરથી એરપોર્ટ તરફ આવી રહેલી આર્ટિગા કારને અટકાવવામાં આવી હતી.

જેમાં તપાસ કરતા તેમાં સવાર વ્યક્તિઓ પાસેથી એક નવજાત શિશુ મળી આવ્યું હતું. આ પછી ક્રાઈમ બ્રાન્ચની ટીમે મૂળ ઉત્તરપ્રદેશની અને અમદાવાદના ઓઢવમાં રહેતી 34 વર્ષીય વંદનાબેન પંચાલ નામની મહિલા, મૂળ રાજસ્થાનના ઝૂંઝુનુનો અને હૈદરાબાદમાં રહેતો 42 વર્ષીય રોશન ઉર્ફે સજ્જન અગ્રવાલ, UPના સુલતાનપુરનો અને વટવામાં રહેતો 27 વર્ષીય સુમિત યાદવ અને કાર ચાલક 32 વર્ષીય મૌલિક દવેની ધરપકડ કરી છે અને નવજાત શિશુને બચાવી લીધું છે.

ક્રાઈમ બ્રાન્ચની ટીમ આ તમામ લોકોની ધરપકડ કરી હતી. જેમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓએ આ નવજાત શિશુને હિંમતનગર પાસે મુન્નુ નામના વ્યક્તિ પાસેથી રૂપિયા 3,60,000માં ખરીદ્યું હતું અને બાળકને હૈદરાબાદમાં નાગરાજ નામના એજન્ટને વેચવા જઈ રહ્યા હતા. બચાવવામાં આવેલા નવજાત શિશુને તાત્કાલિક સંભાળ અને તબીબી ચેકઅપ માટે ચાઈલ્ડ હેલ્થ ઓફિસરને સોંપવામાં આવ્યું છે. આ તસ્કરી સિન્ડિકેટના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવા અને ફરાર વચેટિયાઓને પકડવા માટે વધુ તપાસ ચાલુ છે.

પોલીસે આ ઓપરેશનમાં 10,050 રૂપિયા રોકડ, ચાર મોબાઈલ ફોન (કિંમત 55,000 રૂપિયા) અને એક કાર જપ્ત કરી છે. આ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS), 2023 અને જુવેનાઈલ જસ્ટિસ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. રેસ્ક્યૂ કરાયેલા નવજાત શિશુને તાત્કાલિક સારવાર અને તબીબી તપાસ માટે ચાઈલ્ડ હેલ્થ ઓફિસરને સોંપવામાં આવ્યું છે. હાલમાં પોલીસ આ રેકેટમાં જોડાયેલા અન્ય વચેટિયાઓ અને મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા માટે વધુ તપાસ કરી રહી છે.

# સામરખા ચોકડીથી ભાલેજ સુધીના રોડ પરથી 15થી વધુ કાચાપાકા દબાણો દૂર

**આણંદ, તા.29**




આણંદના સામરખા ચોકડી થી ભાલેજ સુધીનો 14 કિમીનો માર્ગ બિસ્માર હાલતમાં ફેરવાઇ ગયો હોવાથી સરકારે મંજૂરી આપતાં 7 વર્ષ બાદ 33 કરોડના ખર્ચે નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.ત્યારે માર્ગ ઉપર રાહતલાવ,દલાપુરા સામરખા એકસપ્રેસ વે ટર્નિંગમાં અકસ્માતના બનાવો વધી ગયા હોવાથી તંત્રએ 15થી વધુ કાચાપાકા દબાણો સફાયો બોલાવી દીધો છે.માર્ગ નવીની કરણ કામગીરી પૂર્ણ થયા બાદ અકસ્માતના અટકાવવા માટે ડિવાઈડર પર દિશાસૂચક બોર્ડ, રીફલેક્ટર, સ્પીડ બ્રેકર , ઝીબ્રા, ક્રોસિંગ સહિતની કામગીરીઓ હાથ ધરાશે તેમ આધાર ભૂત સુત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ ભાલેજ થી આણંદ સામરખા ચોકડી સુધીના માર્ગ ઉપર સતત 24 સુધી વાહન ચાલકોની અવર જવર રહે છે.ત્યારે માર્ગ ઉપર ગેરકાયદે દબાણોનો રાફડો ફાટી નિકળ્યો હોવાથી તંત્રએ સર્વેની કામગીરીઓ હાથ ધરાઈ હતી.આખરે નોટિસ ફટકારી છતાંય દબાણો દૂર નહીં કરાતા ટીમોએ માર્ગ પર આવેલ દબાણોનો સફાયો બોલાવી દીધો હતો.આ અંગે આણંદ જીલ્લા સ્ટેટ પીડબલ્યુ ડી વિભાગના અધિકારી જીગર પટેલે જણાવેલ કે માર્ગ ઉપર દબાણો દૂર કરીને રૂ.33 કરોડના ખર્ચે પેચવર્ક કામગીરીઓ હાથ ધરવામાં આવી રહેલ છે.

પરંતુ માર્ગ ઉપર અકસ્માતના બનાવો અટકાવવા માટે ડિવાઈડર જુના તોડી નાંખીને નવા તૈયાર કરવામાં આવ્યા છે.ત્યારબાદ રાત્રિના સમયે વાહન ચાલકોને મુંઝવણ પડે નહીં તે માટે દિશા સુચક બોર્ડ મુકવામાં આવશે.અને વાહન ચાલકોને અકસ્માત થતા અટકાવવા માટે સામરખા એક્સપ્રેસ પે પોઈન્ટ પાસે ટર્નિંગમાં સ્પીડ બ્રેકર પણ મુકવામાં આવનાર છે.માર્ગ પર દબાણો દુર કરીને 17 મીટર સુધી ખુલ્લો કરી દેવાયો હોય હવે માર્ગ ઉપર ઝડપી વાહન વ્યવહાર થઈ શકશે અને અકસ્માતના બનાવો પણ અટકી શકશે.

# બાવળા-બગોદરા હાઈવે પર હિટ એન્ડ રન, અજાણ્યા વાહનની ટક્કરે યુવકનું મોત

**અમદાવાદ, તા.29**



અમદાવાદ જિલ્લાના બાવળા-બગોદરા હાઈવે પર ફરી એકવાર પૂરઝડપે દોડતા વાહને યુવકનો ભોગ લીધો છે. હાઈવે પર એક રાહદારી યુવકને અજાણ્યા વાહન ચાલકે જોરદાર ટક્કર મારી હતી અને ત્યારબાદ ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૃતક યુવકની ઓળખ વિજય નાયક તરીકે થઈ છે, જે મૂળ દાહોદ જિલ્લાના લુણા ગામનો વતની હતો. વિજય બાવળા પાસે આવેલા ભામસરા ગામની એક કંપનીમાં સેન્ટિંગ કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. ગત રાત્રે હાઈવે પરથી પસાર થતી વખતે કોઈ અજાણ્યા વાહને તેને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.

ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત જ બગોદરા 108 અને પોલીસને જાણ કરવામાં આવી હતી. એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ યુવકને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી અને અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# અમદાવાદના ઘી કાંટામાં નવતાડની પોળમાં મકાન ધરાશાયી થતાં 3 લોકો દટાયા, વૃદ્ધ મહિલાનું મોત

**અમદાવાદ, તા.29**

અમદાવાદના ઘી કાંટા વિસ્તારથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં જાણીતી નવતાડની પોળમાં એક જૂનું મકાન ધરાશાયી થયાના અહેવાલ સામે આવ્યા છે. આ મકાન પડતાં 3 લોકો દટાઈ ગયા હતા. જેમાંથી એક વૃદ્ધ મહિલાનું મોત નીપજ્યાની પુષ્ટી થઈ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયરબ્રિગેડની ઘટનાસ્થળે દોડી આવી હતી અને તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું.

ધારાસભ્ય કૌશિક જૈને જણાવ્યું હતું કે અહીં પોળમાં આવેલા મકાનો લગભગ 100 વર્ષ જુના છે. જર્જરિત મકાન પાસે જ ડ્રેનેજનું કામ ચાલતું હતું અને તે સમયે જ મકાન પડ્યું હતું. જેમાં એક વૃદ્ધ મહિલા અને શ્રમિક સહિત 3 લોકો દટાયા હતા. જેમાં મળતી માહિતી મુજબ પુષ્પાબેન પંચાલ (ઉ. વ 62) નું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. કોટ વિસ્તારમાં જર્જરિત મકાનોને નોટિસ વિશે સવાલ કરાતા ધારાસભ્યએ કહ્યું કે મેં કમિશનરને વિનંતી કરી છે કે કોટ વિસ્તારમાં આવેલા મકાનો જે જર્જરિત હાલતમાં પહોંચી ગયા છે તેમના મકાન માલિકોને આવા મકાનો



રિપેરિંગ કરવા કે પુનઃનિર્માણ કરવાની મંજૂરી આપી દેવી જોઈએ. અમદાવાદના ઘી કાંટામાં નવતાડની પોળમાં મકાન ધરાશાયી થતાં 3 લોકો દટાયા, વૃદ્ધ મહિલાનું મોત 2 - image

અમદાવાદની નવતાળની પોળમાં એક જૂનું અને જર્જરિત મકાન અચાનક ધરાશાયી થવાની ઘટના બની હતી. જે સમયે આ મકાન પડ્યું, ત્યારે કોર્પોરેશન દ્વારા ત્યાં ડ્રેનેજ લાઈનનું કામ ચાલી રહ્યું હતું. ડ્રેનેજની કામગીરી દરમિયાન થયેલી ધ્રુજારીને કારણે મકાન પત્તાના મહેલની જેમ તૂટી પડ્યું હોવાનું માનવામાં આવે છે.આ દુર્ઘટનામાં એક વૃદ્ધા અને શ્રમિક સહિત 3 લોકો કાટમાળ નીચે દટાયા હતા. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ દટાયેલા લોકોને બહાર કાઢી રેસ્ક્યુનો પ્રયાસ કર્યો હતો. જોકે વૃદ્ધ મહિલાને બચાવી ન શકાયા.

માહિતી અનુસાર મકાન ધરાશાયી થતાં જ તંત્રમાં દોડધામની સ્થિતિ સર્જાઈ હતી. ફાયરબ્રિગેડની ટીમ અને પોલીસ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન એસ્ટેટ વિભાગની ટીમ પણ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરતાં મકાનમાં દટાયેલા લોકોને બચાવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. ઘટના સ્થળના દ્રશ્યોને જોતા આ ઘટના ભયાનક હોય તેવો આભાસ થઈ રહ્યો છે.

# સંતરામ તપોવન વિદ્યાપીઠમાં 'શ્રી સંતરામ ગુરુકુલમ' લોન્ચ: ભારતીય જ્ઞાન પરંપરાને આધુનિક ટેકનોલોજી સાથે જોડશે, ચોથો વાર્ષિક મહોત્સવ ઉજવાયો

**નડિયાદ, તા.29**



નડિયાદમાં સંતરામ કેળવણી મંડળ સંચાલિત સંતરામ તપોવન વિદ્યાપીઠનો ચોથો વાર્ષિક મહોત્સવ 'ઉત્સવ 2026' ઉજવાયો હતો. આ પ્રસંગે સંસ્થાના નૂતન શૈક્ષણિક પ્રકલ્પ 'શ્રી સંતરામ ગુરુકુલમ'નું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ ગુરુકુલમ ભારતીય જ્ઞાન પરંપરાને આધુનિક ટેકનોલોજી સાથે જોડશે.

આ કાર્યક્રમમાં અયોધ્યા રામ જન્મભૂમિના કોષાધ્યક્ષ ગોવિંદ દેવગિરી સ્વામીજી વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈના હસ્તે 'શ્રી સંતરામ ગુરુકુલમ'નું ઉદ્ઘાટન થયું. આ વર્ષના વાર્ષિક ઉત્સવની મુખ્ય થીમ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતી હતી. શાળાના આશરે 250 વિદ્યાર્થીઓએ સરદાર પટેલના જીવનના પ્રેરક પ્રસંગોને અંગ્રેજી ભાષામાં પર્ફોમન્સ દ્વારા રજૂ કર્યા. આ કાર્યક્રમનો હેતુ બાળકોનો સર્વાંગી વિકાસ અને તેમને સંસ્કૃતિ તથા રાષ્ટ્રીય નાયકોના જીવન મૂલ્યોથી પરિચિત કરાવવાનો હતો.

સંતરામ મંદિરના સત્યદાસજી મહારાજે સંસ્થાના વિઝન વિશે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, સંતરામ ગર્ભ સંસ્કાર કેન્દ્રમાં સંસ્કાર મેળવેલા બાળકોની શૈક્ષણિક સફર પણ તે જ સંસ્કારમય વાતાવરણમાં ચાલુ રહે તે માટે આ શાળાની સ્થાપના થઈ છે. મહારાજનો સંકલ્પ છે કે અહીં ભણતા બાળકો છત્રપતિ શિવાજી મહારાજ અને ભક્ત પ્રહલાદ જેવું તેજસ્વી વ્યક્તિત્વ કેળવે અને સુશિક્ષિત નાગરિક બની દેશ તથા સમાજની સેવામાં યોગદાન આપે.

આગામી પાંચ વર્ષમાં સંતરામ મહારાજની સમાધિને 200 વર્ષ પૂર્ણ થશે, જેને 'સંતરામ સમાધિ દ્વિ-શતાબ્દી મહોત્સવ' તરીકે ઉજવવામાં આવશે. આ મહોત્સવના ભાગરૂપે લોન્ચ કરાયેલ 'સંતરામ ગુરુકુલમ' અંતર્ગત 12 પ્રાચીન ભારતીય વિષયોને ઓનલાઈન પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવાશે. આ ડિજિટલ પહેલ દ્વારા લોકો ઘરે બેઠા ભારતીય પરંપરા અને શાસ્ત્રોનો અભ્યાસ કરી શકશે, જે નવી પેઢીમાં સાંસ્કૃતિક ચેતના જગાડશે.

આ અવસરે માતા કનકેશ્વરી દેવી, નિર્ગુણદાસ મહારાજ અને ગણેશદાસ મહારાજ સહિતના સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમમાં ઉદ્યોગપતિ દેવાંગભાઈ ઈપ્કોવાળા, જિલ્લા શિક્ષણ અધિકારી કલ્પેશ રાવલ, નડિયાદ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ભુપેન્દ્ર દેસાઈ, માનદ શૈક્ષણિક નિયામક ડૉ. પ્રણવ દેસાઈ અને વિરલ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય જૈમિન પટેલ અને મેનેજમેન્ટ ટીમના માર્ગદર્શન હેઠળ વાલીઓ તથા વિદ્યાર્થીઓના સહયોગથી આ ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો.

# નડિયાદના ઉત્તરસંડા રોડ પર દબાણ હટાવાયું: સેલ્સ ઈન્ડિયાથી ડી-માર્ટ સુધીના ગેરકાયદેસર બાંધકામો દૂર કરાયા

**નડિયાદ, તા.29**



નડિયાદ શહેરના વ્યસ્ત ઉત્તરસંડા રોડ પર આજે વહેલી સવારથી નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દબાણ હટાવો વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સેલ્સ ઈન્ડિયા શોરૂમથી ડી-માર્ટ સુધીના મુખ્ય માર્ગ પરના કાચા અને પાકા દબાણો દૂર કરવા માટે બુલડોઝરનો ઉપયોગ કરાયો હતો. આ ઝુંબેશનો મુખ્ય હેતુ શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યા અને જાહેર માર્ગો પરના અવરોધો દૂર કરવાનો હતો. પીક અવર્સ દરમિયાન આ માર્ગ પરથી વાહનચાલકોને પસાર થવામાં મુશ્કેલી પડતી હતી. ફૂટપાથ અને રોડની સાઈડમાં થયેલા ગેરકાયદેસર બાંધકામોને કારણે રસ્તો સાંકડો બનતો હતો. દબાણ વિભાગે કાર્યવાહી કરતા પહેલા તમામ સંબંધિત દુકાનદારો અને આસામીઓને સ્વેચ્છાએ દબાણ દૂર કરવા માટે કાયદેસરની નોટિસ આપી હતી. નિર્ધારિત સમયમર્યાદામાં દબાણો દૂર ન કરનાર આસામીઓ સામે આજે આખરી પગલાં લેવામાં આવ્યા હતા.

આ કાર્યવાહી દરમિયાન ફૂટપાથ પરના જાહેરાતના બોર્ડ, હોર્ડિંગ્સ, લોખંડની ફ્રેમ્સ અને દુકાનોની બહારના પતરાના શેડ તોડી પાડવામાં આવ્યા હતા. રસ્તાની હદમાં આવતા કેટલાક પાકા બાંધકામોને પણ જેસીબી મશીન દ્વારા દૂર કરાયા હતા. આ કામગીરીથી રસ્તો હવે મોકળો અને સુવ્યવસ્થિત બન્યો છે. સમગ્ર કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કોર્પોરેશનના અધિકારીઓ અને પોલીસ કાફલાની હાજરીને કારણે દબાણકર્તાઓ દ્વારા વિરોધ કરવાની કોઈ તક મળી ન હતી. કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે, નડિયાદને ટ્રાફિકમુક્ત અને સુંદર બનાવવા માટે આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આવી કાર્યવાહી ચાલુ રહેશે. વેપારીઓને જાહેર માર્ગો પર દબાણ ન કરવા અને તંત્રને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે, અન્યથા કાયદેસરની કાર્યવાહી માટે તૈયાર રહેવું પડશે.

# શીલજમાં તસ્કરોનો મોટો હાથફેરો, ગોડાઉન બનાવવા માટે રાખેલું 5300 કિલો લોખંડ ચોરી કરી ફરાર....

**અમદાવાદ, તા.29**



અમદાવાદના શીલજ-રાંચરડા રોડ પર તસ્કરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગોડાઉન બનાવવા માટે મેદાનમાં ઉતારવામાં આવેલું લાખો રૂપિયાનું લોખંડનું આખું સ્ટ્રક્ચર તસ્કરો રાતોરાત ઉઠાવી ગયા છે. આશરે 5300 કિલો વજન ધરાવતા પિલ્લર અને રાફ્ટરોની ચોરી થતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને અંગે વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળીત માહિતી અનુસાર, શીલજમાં રહેતા અને 'વરદાયીની પાવર પ્રા.લી.' નામની કંપની ધરાવતા વેપારી પરેશભાઈ પટેલે આ અંગે ફરિયાદ નોંધાવી છે. તેમણે શીલજ-રાંચરડા રોડ પર મહેન્દ્ર ફાર્મની સામે એક ખુલ્લી જગ્યા ભાડે રાખી હતી. આ સ્થળે તેઓ 90 બાય 150 ફૂટનો વિશાળ ડોમ (ગોડાઉન) બનાવવાના હતા. 24 જાન્યુઆરીએ ગોધાવી ખાતેથી ખરીદેલું જૂનું ડોમ સ્ટ્રક્ચર બે આઈસર ટ્રકો ભરીને આ ખુલ્લી જગ્યામાં ઉતારવામાં આવ્યું હતું. જે બાદ 25 જાન્યુઆરીની સાંજ સુધી સામાન ત્યાં જ હતો, જ્યારે 26મી જાન્યુઆરીએ કંપનીના ઈલેક્ટ્રીશિયન સંજય દંતાણીએ જોયું તો મેદાનમાંથી લોખંડનો માલસામાન ગાયબ હતો.

જે અંગે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, તસ્કરો 20 નંગ પિલ્લર, 8 ફૂટમા 80 નંગ રાફ્ટર અને 5 ફૂટના 20 નંગ રાફ્ટરની ચોરી કરી ગયા છે. ચોરાયેલા આ લોખંડના સામાનનું કુલ વજન 5300 કિલોગ્રામ થાય છે, જેની બજાર કિંમત 4,24,000 રૂપિયા છે. પરેશભાઈએ આ સામાન ચોરી થયા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ અને ટ્રકોની અવરજવરના આધારે તપાસ હાથ ધરી છે.

# નર્મદા TDO પતિ-પત્નીનો ખટરાગ: પત્નીના દહેજના આક્ષેપ બાદ સાસુએ નોંધાવી પુત્રવધૂ સામે હુમલાની FIR

**નર્મદા, તા.29**



નર્મદા જિલ્લાના દેડિયાપાડાના તાલુકા વિકાસ અધિકારી (TDO) જગદીશ સોનીનો પારિવારિક વિવાદ વધુ વકર્યો છે. આ કેસમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે TDOના માતા જશોદાબેન સોનીએ પોતાની પુત્રવધૂ પ્રિયંકા સોની સામે શારીરિક હુમલો અને જાનથી મારી નાખવાની ધમકી આપવાની ફરિયાદ નોંધાવી છે. અગાઉ પત્ની પ્રિયંકાએ ટીડીઓ અને સાસરી પક્ષ સામે રાજસ્થાનમાં 50 લાખના દહેજ અને ઉત્પીડનની ફરિયાદ નોંધાવી હતી.

જશોદાબેન સોનીએ પોલીસ ફરિયાદમાં 20મી ઓક્ટોબર 2025ના રોજ બનેલી ઘટનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું છે કે, પ્રિયંકાએ રૂમનો દરવાજો જોરથી બંધ કરી તેમના પર હુમલો કર્યો હતો. ફરિયાદ મુજબ, પ્રિયંકાએ કહ્યું હતું કે, 'આજે તો તને પતાવી દઈશ. મારો પતિ જે કમાય છે તે પૈસાનો બધો હિસાબ મને મળવો જોઈએ, તું કેમ રાખે છે?'

આક્ષેપ મુજબ, પ્રિયંકાએ સાસુને ધક્કો મારી બેડ પર પાડી દીધા હતા અને તેમની છાતી પર બેસી જઈ ગળું દબાવ્યું હતું. આ હુમલામાં જશોદાબેનને માથાના ભાગે ઈજાઓ થઈ હતી અને તેમના ડાબા હાથની ટચલી આંગળી પણ મચોડી નાખવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ટીડીઓ જગદીશ સોનીએ આ અંગેના સીસીટીવી ફૂટેજ અને મેડિકલ પુરાવા પણ પોલીસ સમક્ષ રજૂ કર્યા છે.

બીજી તરફ, રાજસ્થાનની વતની પ્રિયંકા સોનીએ અગાઉ રાજસ્થાનમાં નોંધાવેલી ફરિયાદમાં ગંભીર આક્ષેપો કર્યા છે. તેમનો દાવો છે કે, લગ્ન બાદ પતિ દ્વારા 50 લાખ રૂપિયાના દહેજની માંગણી કરવામાં આવી હતી. પતિને અન્ય મહિલા સાથે સંબંધ હોવાથી તેને ઘરમાંથી કાઢી મૂકવાનું કાવતરું ઘડાયું હતું. તેની ઈચ્છા વિરુદ્ધ સંબંધ બાંધી વીડિયો બનાવવામાં આવ્યો હોવાનો પણ આરોપ છે.

TDO જગદીશ સોનીએ પત્નીના તમામ આક્ષેપોને નકારતા જણાવ્યું છે કે, 'પત્ની વારંવાર પિયર જતી રહેતી અને રોકડ તેમજ સોનાના ઘરેણાંની માંગ કરતી હતી. આ મામલે અગાઉ પણ લેખિત રજૂઆતો કરવામાં આવી હતી. હાલમાં બંને પક્ષો પાસે પોતપોતાના દાવાઓના સમર્થનમાં ઓડિયો-વીડિયો પુરાવા હોવાનું કહેવામાં આવી રહ્યું છે.'

આ કિસ્સો અત્યંત સંવેદનશીલ વળાંક પર છે. એક તરફ પત્નીએ 'દહેજ અને માનસિક અત્યાચાર'ને હથિયાર બનાવ્યું છે, તો બીજી તરફ સાસુએ 'વૃદ્ધા પર શારીરિક હુમલા'ની ફરિયાદ કરી છે. જ્યારે કોઈ હાઈ-પ્રોફાઈલ સરકારી અધિકારી સંકળાયેલા હોય ત્યારે આવા કિસ્સામાં સત્ય શું છે તે પોલીસની તટસ્થ તપાસ અને કોર્ટના ચૂકાદા બાદ જ સ્પષ્ટ થશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ચીનની પોલ ખોલનાર નાગરિકને અમેરિકામાં શરણ

# ઉઇગર મુસ્લિમોના અટકાયત કેમ્પનો વીડિયો બનાવ્યો હતો

**વોશિંગ્ટન, તા.29**

ચીનમાં ઉઇગર મુસ્લિમો પર થઈ રહેલા અત્યાચારનો પર્દાફાશ કરનાર ચીની નાગરિકને અમેરિકામાં શરણ મળી ગઈ છે. ગુઆને શરણ માટે અરજી કરી હતી. જજે કહ્યું કે જો ગુઆનને ચીન પાછો મોકલવામાં આવે તો તેના જીવને જોખમ થઈ શકે છે.

બીબીસીના રિપોર્ટ મુજબ, ગુઆન હેંગે શિનજિયાંગ વિસ્તારમાં થઈ રહેલા માનવાધિકાર ઉલ્લંઘનનો પર્દાફાશ કર્યો હતો. તેણે 2020માં છુપાઈને અટકાયત કેન્દ્રોની ફિલ્મ બનાવી હતી. ગુઆન 2021માં ગેરકાયદેસર રીતે અમેરિકા પહોંચ્યો હતો.

ઓગસ્ટ 2025માં તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો. ત્યારબાદ તેણે અમેરિકા પાસેથી શરણ માંગી. માનવાધિકાર જૂથોનું કહેવું છે કે શિનજિયાંગમાં દસ લાખથી વધુ ઉઇગર મુસ્લિમો અને લઘુમતીઓને કોઈપણ કાનૂની પ્રક્રિયા વિના બળજબરીથી કેદી બનાવીને રાખવામાં આવ્યા છે.

ચીનમાં ઉઇગર મુસ્લિમો પોતાના અસ્તિત્વ માટે લાંબા સમયથી સંઘર્ષ કરી રહ્યા છે. ચીની સરકારે 2014થી સરકારી નોકરી કરતા ઉઇગર મુસ્લિમોના સાર્વજનિક સ્થળોએ નમાઝ પઢવા અને દાઢી રાખવા પર પ્રતિબંધ લગાવ્યો છે.

ગુઆને શિનજિયાંગ વિસ્તારના અટકાયત કેન્દ્રોના વીડિયો ફૂટેજ લીધા અને પ્રકાશિત કરવા માટે ચીન છોડી દીધું. ગુઆને અમેરિકા પહોંચવાના થોડા દિવસો પહેલાં વીડિયો જાહેર કર્યો હતો.

તેમણે મોટાભાગના વીડિયો યુટ્યુબ પર જાહેર કર્યા, જેના પછી ચીનમાં પોલીસે તેમના પિતાની ત્રણ વખત પૂછપરછ કરી અને તેમના વિશે માહિતી માંગી.

ગુઆન 2021માં હોંગકોંગ, ઈક્વાડોર, બહામાસ થઈને ગેરકાયદેસર રીતે બોટ દ્વારા ફ્લોરિડા પહોંચ્યો હતો. તેણે કોર્ટમાં કહ્યું કે તેઓ જાણતા હતા કે ચીનમાં રહેતા આ ફૂટેજ જાહેર કરવા સુરક્ષિત રહેશે નહીં.

બુધવારની સુનાવણીમાં જજે પૂછ્યું કે "શું તેણે શરણ મેળવવા માટે અટકાયત કેન્દ્રોની ફિલ્મ બનાવી હતી અને અમેરિકા પહોંચતા પહેલા તેણે વીડિયો જાહેર કર્યો હતો.

ગુઆન અમેરિકાના સુધારણા કેન્દ્રમાંથી વીડિયો લિંક દ્વારા સુનાવણીમાં સામેલ થયો હતો. જજના સવાલ પર તેણે જવાબ



આપ્યો કે એવું નહોતું. તેણે કહ્યું કે "તેને હેરાન થઈ રહેલા ઉઇગર લોકો પ્રત્યે સહાનુભૂતિ હતી."

અમેરિકા પહોંચ્યા પછી ગુઆને શરણ માટે અરજી કરી. 2021 થી 2025 દરમિયાન તે અમેરિકામાં જ રહેતો હતો, તેને વર્ક પરમિટ મળી ગઈ હતી. તે ન્યૂયોર્ક રાજ્યમાં સ્થાયી થયો. ત્યાં તેણે બે નોકરીઓ કરી અને સામાન્ય જીવન જીવી રહ્યો હતો.

ઓગસ્ટમાં ટ્રમ્પ વહીવટીતંત્રના મોટા પાયે દેશનિકાલ અભિયાન હેઠળ તેમને અટકાયતમાં લેવામાં આવ્યો હતો. શરૂઆતમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી તેમને યુગાન્ડા મોકલવાનો પ્રયાસ કરી રહ્યું હતું, પરંતુ ડિસેમ્બરમાં અલગ કેસ હોવાને કારણે પ્લાન ટાળવામાં આવ્યો હતો. ન્યૂયોર્કના નેપાનોચમાં જસ્ટિસ ચાર્લ્સ ઓસલેન્ડરે સુનાવણીમાં ગુઆનને વિશ્વસનીય સાક્ષી ગણાવ્યા અને કહ્યું કે તેમણે શરણ માટે કાનૂની યોગ્યતા સાબિત કરી છે. ગુઆનના વકીલ ચેન ચુઆંગચુઆંગે કહ્યું કે આ મામલો શરણ વ્યવસ્થાનો છે અને અમેરિકાની નૈતિક અને કાનૂની જવાબદારી છે કે તે આવા લોકોનું રક્ષણ કરે. જોકે, નિર્ણય પછી ગુઆનને તરત જ મુક્ત કરવામાં આવ્યા ન હતા. હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ પાસે 30 દિવસની અંદર અપીલ કરવાનો સમય છે. બીબીસીના રિપોર્ટ અનુસાર, 2022માં ઘણી પોલીસ ફાઈલો મળી હતી. તેમાં કેમ્પના ઉપયોગની વિગતો હતી. તેમાં હથિયારબંધ અધિકારીઓની દિનચર્યા જણાવવામાં આવી હતી.

તેમને ભાગવાનો પ્રયાસ કરનારાઓ માટે ગોળી મારવા સુધીનો અધિકાર આપવામાં આવ્યો હતો. કેમ્પમાંથી ભાગી ગયેલા લોકોએ શારીરિક, માનસિક અને જાતીય હિંસાની જાણ કરી છે. મહિલાઓએ સામૂહિક બળાત્કારના આરોપો પણ લગાવ્યા છે.

ઉઇગર એક તુર્ક જાતિ સમૂહ છે જે મુખ્યત્વે શિનજિયાંગમાં રહે છે. શિનજિયાંગની સરહદ મંગોલિયા અને રશિયા સહિત 8 દેશો સાથે મળે છે. આ વિસ્તારમાં મુસ્લિમ ધર્મનું પાલન કરતી ઉઇગર જાતિનો લાંબા સમયથી બેઈજિંગ સાથે વિવાદાસ્પદ સંબંધ રહ્યો છે.

શિનજિયાંગ પ્રાંતમાં રહેતા ઉઇગર મુસલમાનો પોતાને ચીની માનતા નથી. તેઓ તુર્કી ભાષા બોલે છે અને પોતાને તુર્કી મૂળના માને છે. આ ક્ષેત્રમાં ઉઇગર અને ચીની સુરક્ષા દળો વચ્ચે ઘણી વખત હિંસક અથડામણો થઈ છે. સામ્યવાદી સરકારની કઠોર નીતિને કારણે હજારો ઉઇગર ભાગીને અન્ય દેશોમાં શરણ લીધી છે.

ઘણા અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે સરકારી નોકરી કરતા ઉઇગરોને પાંચ વખતની નમાઝ પઢવા કે રમઝાનમાં રોઝા રાખવા પર સજા મળી શકે છે, નોકરી જઈ શકે છે. ઉઇગર મહિલાઓને બુરખો પહેરવાની પણ મનાઈ છે. ચીન સરકારે 2008માં દાઢી રાખવા પર પ્રતિબંધ મૂક્યો હતો. ઉઇગર મહિલાઓ પડદા સાથે પેટ્રોલ સ્ટેશન, બેંક અને હોસ્પિટલ જઈ શકતી નથી. તેઓ સરકારી નોકરી પણ કરી શકતી નથી.

ચીન પર ઉઇગર મુસ્લિમો અને લઘુમતીઓ વિરુદ્ધ માનવતા વિરુદ્ધના ગુનાઓ અને નરસંહારના ગંભીર આરોપો લાગે છે. આ આરોપો 2014થી વધુ તીવ્ર બન્યા છે, ખાસ કરીને 2017 પછી જ્યારે મોટા પાયે કેન્દ્રો બનાવવામાં આવ્યા. માનવાધિકાર સંગઠનો, સંયુક્ત રાષ્ટ્ર (UN) અને ઘણા દેશોના અહેવાલોમાં આ બાબતો સામે આવી છે. અહેવાલો અનુસાર, આ આરોપો પુરાવાઓ પર આધારિત છે, પરંતુ ચીન સરકાર તેનો સંપૂર્ણપણે ઈનકાર કરે છે અને કહે છે કે આ પગલાં આતંકવાદ રોકવા માટે છે.

## અમેરિકાના ટેક્સાસમાં નવા H-1B વિઝા જારી નહીં થાય: ગવર્નરે આવતા વર્ષે મે મહિના સુધી રોક લગાવી

**ટેક્સાસ, તા.29**

અમેરિકાના મહત્વના રાજ્ય ટેક્સાસમાં નવા H-1B વિઝા જારી કરવા પર રોક લગાવી દેવામાં આવી છે. ગવર્નર ગ્રેગ એબોટે આવતા વર્ષે મે મહિના સુધી H-1B કેટેગરીના વિઝા જારી ન કરવાનો આદેશ આપ્યો છે. પહેલા તબક્કામાં ટેક્સાસની તમામ સરકારી કચેરીઓ અને યુનિવર્સિટીઓમાં આ રોક લાગશે. આ આદેશથી લગભગ 15 હજાર ભારતીયો પર અસર પડી શકે છે. ટેક્સાસ વર્કફોર્સ કમિશન પાસેથી તમામ H-1B વિઝા ધારકોની સંખ્યા, જોબ રોલ, મૂળ દેશ અને વિઝા સમાપ્તિ વિશે 27 માર્ચ સુધીમાં ડેટા રિપોર્ટ મંગાવવામાં આવ્યો છે. નવા આદેશો અનુસાર H-1B વિઝા પર રોક તેના કથિત દુરુપયોગને કારણે લગાવવામાં આવી છે. ટેક્સાસ H-1B વિઝા જારી કરનાર અમેરિકાનું બીજું મોટું રાજ્ય છે. પહેલા નંબર પર કેલિફોર્નિયા આવે છે. અમેરિકામાં દર વર્ષે ભારતીયોને મળતા લગભગ બે લાખ H-1B વિઝામાંથી લગભગ 40 હજાર ટેક્સાસમાં જારી થાય છે.

આમાંથી લગભગ 25 હજાર IT કંપનીઓ અને બાકીના 15 હજાર સરકારી કચેરીઓ અને યુનિવર્સિટીઓ માટે જારી કરવામાં આવે છે. ઑસ્ટિન યુનિવર્સિટીમાં મોટી સંખ્યામાં ભારતીયો કાર્યરત




છે. 2.77 ટ્રિલિયન ડોલરની GDP ધરાવતું ટેક્સાસ દુનિયાની 8મી સૌથી મોટી ઈકોનોમી છે. આ કેનેડા, ઈટાલી, દ. કોરિયા, રશિયા અને ઑસ્ટ્રેલિયા કરતાં પણ મોટી ઈકોનોમી છે. ટેક્સાસનું ઑસ્ટિન શહેર મોટું ટેક હબ છે.

ભારતમાં H-1B વિઝા ઈન્ટરવ્યુ માટે અમેરિકી દૂતાવાસોમાંથી ઈન્ટરવ્યુ ડેટ હવે આવતા વર્ષે એપ્રિલ-મેની મળી રહી છે. જાન્યુઆરીમાં સ્ટેમ્પિંગ માટે અરજી કરનારાઓ માટે સ્લોટ ઉપલબ્ધ નથી. દિલ્હી, કોલકાતા, મુંબઈ, ચેન્નઈ અને હૈદરાબાદના અમેરિકી દૂતાવાસોમાં H-1B માટે સોશિયલ મીડિયા તપાસ થઈ રહી છે. H-1B વિઝા ધારકોને દર બીજા વર્ષે સ્ટેમ્પિંગ માટે પોતાના મૂળ દેશ આવવું પડે છે. સ્ટેમ્પિંગમાં વિલંબને કારણે મોટી સંખ્યામાં લોકો અટવાઈ ગયા છે. ટેક્સાસ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીનું રાજ્ય છે. આ અમેરિકા ફર્સ્ટની નીતિને અનુસરે છે. જાણકારોનું કહેવું છે કે ભારત-EU ડીલના તરત જ પછી ટેક્સાસના નિર્ણયનો સમય સવાલ ઊભા કરે છે.

## મેલાનિયા ટ્રમ્પની ડોક્યુમેન્ટરી બ્રિટનમાં ફ્લોપ: લંડન પ્રીમિયરમાં માત્ર 1 ટિકિટ વેચાઈ, એમેઝોને ₹340 કરોડમાં રાઈટ્સ ખરીદ્યા હતા

**લંડન, તા.29**

મેલાનિયા ટ્રમ્પ પર બનેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ 'મેલાનિયા' બ્રિટનમાં ફ્લોપ થઈ છે. લંડનમાં શુક્રવારે સ્ક્રીનિંગ માટે માત્ર એક ટિકિટ વેચાઈ છે, જ્યારે સાંજે 6 વાગ્યાની સ્ક્રીનિંગ માટે બે ટિકિટ વેચાઈ છે. લંડનના વ્યુ થિયેટર્સમાં કુલ 28 શેડ્યૂલ સ્ક્રીનિંગ્સ માટે હજુ સુધી કોઈ ટિકિટ વેચાઈ નથી.આ ફિલ્મ અમેરિકાના પ્રથમ મહિલા મેલાનિયા ટ્રમ્પના જીવનની ઝલક દર્શાવે છે. એમેઝોને આ ડોક્યુમેન્ટરીને બ્રિટનના 100થી વધુ સિનેમાઘરોમાં રિલીઝ કરી. નિર્માતાઓને તેના હિટ થવાની આશા હતી. ફિલ્મ 30 જાન્યુઆરીએ થિયેટરોમાં આવશે. તે અમેરિકામાં લગભગ 1,400-2,000 થિયેટરો અને વિશ્વભરના 27 દેશોમાં 5,000થી વધુ સ્ક્રીન્સ પર રિલીઝ થશે. એમેઝોન સ્ટુડિયોઝે આ ફિલ્મના રાઈટ્સ 40 મિલિયન ડોલર એટલે કે લગભગ 340 કરોડ રૂપિયામાં ખરીદ્યા હતા, આ ઉપરાંત કંપનીએ વૈશ્વિક માર્કેટિંગ પર 35 મિલિયન ડોલર (321 કરોડ રૂપિયા) ખર્ચ કર્યા છે. આ ડોક્યુમેન્ટરીમાં રાષ્ટ્રપતિ ચૂંટણી જીત્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પ અને



મેલાનિયા ટ્રમ્પની વ્હાઈટ હાઉસમાં વાપસીની કહાની છે. ફિલ્મમાં શપથ ગ્રહણ પહેલાના 20 દિવસની ઝલક બતાવવામાં આવી છે. મેલાનિયા ટ્રમ્પે જણાવ્યું કે તેમને આ ડોક્યુમેન્ટરીનો વિચાર 2024ની ચૂંટણી જીત્યા પછી આવ્યો. તેમણે કહ્યું કે આ ફિલ્મ તેમના જીવનને નજીકથી સમજવાની તક આપશે.

ડોક્યુમેન્ટરીમાં મેલાનિયા ટ્રમ્પના અંગત અને જાહેર જીવનને દર્શાવવામાં આવ્યું છે. તેમાં બિઝનેસવુમન, પત્ની અને માતાની ભૂમિકા ભજવવા ઉપરાંત પરિવારને ફરીથી વ્હાઈટ હાઉસમાં શિફ્ટ કરવાની જવાબદારી પણ દર્શાવવામાં આવી છે. એક દ્રશ્યમાં શપથ ગ્રહણના દિવસે મેલાનિયા કેપિટલ બિલ્ડિંગમાં ઉભેલી જોવા મળે છે અને કેમેરા તરફ જોતા કહે છે, "અમે ફરીથી અહીં છીએ." જાન્યુઆરી 2025ના એક સર્વે મુજબ, લગભગ 40% અમેરિકન લોકોનો તેમના વિશે કોઈ અભિપ્રાય નહોતો. જોકે, રિપબ્લિકન સમર્થકોમાં તેમની લોકપ્રિયતા વધુ છે. નિષ્ણાતોનું માનવું છે કે આ ડોક્યુમેન્ટરી મેલાનિયાની છબી સુધારી શકે છે. ઈતિહાસકાર કેથરિન સિબલીના મતે, "આ ફિલ્મ અમેરિકન જનતા સમક્ષ મેલાનિયાની છબીને નવી રીતે રજૂ કરવાનો પ્રયાસ છે." મેલાનિયા ટ્રમ્પે કહ્યું કે તેમને પ્રથમ મહિલાની પરંપરાગત જવાબદારીઓ નિભાવવામાં ગર્વ છે, જેમ કે રાજકીય ભોજ, ઈસ્ટર એગ રોલ અને ક્રિસમસ સજાવટ. આ સાથે તેઓ સમાજ પર સકારાત્મક અસર પણ કરવા માંગે છે.

## વેનેઝુએલા સરકાર દર મહિને અમેરિકાને બજેટનો હિસાબ આપશે: અમેરિકા તેલ વેચીને કમાયેલા પૈસા મોકલશે....

**વોશિંગ્ટન, તા.29**

વેનેઝુએલાની વચગાળાની સરકાર દર મહિને અમેરિકાને બજેટનો હિસાબ આપશે. એટલે કે તેમને જણાવવું પડશે કે મહિનાભરમાં તેને પૈસા ક્યાં-ક્યાં ખર્ચ કરવાના છે. તેના બદલામાં અમેરિકા તે પૈસાને રિલીઝ કરશે, જે વેનેઝુએલાના તેલ વેચવાથી મળ્યા છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ આ જાણકારી બુધવારે સંસદમાં આપી. રુબિયોએ જણાવ્યું કે હાલ શરૂઆતમાં આ પૈસા જે ખાતામાં રાખવામાં આવશે, તેને કતાર સંભાળશે, આના પર ડેમોક્રેટ સાંસદોએ સખત વાંધો ઉઠાવ્યો.


ડેમોક્રેટ સાંસદોએ કહ્યું કે કતાર વેનેઝુએલાથી હજારો માઈલ દૂર છે અને તે સ્પષ્ટ નથી કે આ વ્યવસ્થા કાયદેસર અને પારદર્શક કેવી રીતે છે. તેમણે એમ પણ કહ્યું કે કતારના શાસકને રાષ્ટ્રપતિ ટ્રમ્પના નજીકના માનવામાં આવે છે, તેથી શંકા વધુ વધે છે.

રુબિયોએ કહ્યું કે કતારને પૈસા મોકલવા જરૂરી છે કારણ કે વેનેઝુએલા પર અમેરિકી પ્રતિબંધો છે. આ ઉપરાંત, જો પૈસા સીધા આવ્યા હોત, તો વેનેઝુએલાને પૈસા આપનારા અમેરિકી લોકો તેના પર કાનૂની દાવો કરી શક્યા હોત. આ એ જ ઊર્જા કંપનીઓ છે જેમની સંપત્તિ લગભગ 20 વર્ષ પહેલાં વેનેઝુએલાએ જપ્ત કરી લીધી હતી.

આ ઉપરાંત, રુબિયોએ વેનેઝુએલાના પૂર્વ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડને યોગ્ય ઠેરવી. તેમણે કહ્યું કે વેનેઝુએલાના રાષ્ટ્રપતિની ધરપકડ કોઈ યુદ્ધનો કૃત્ય નથી, પરંતુ તે એક વ્યૂહરચના હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી હતી.

સેનેટમાં સુનાવણી દરમિયાન રૂબિયોએ 3 જાન્યુઆરીએ માદુરોની ધરપકડ પાછળ વોશિંગ્ટનના તર્કને રજૂ કર્યો. સુનાવણીની શરૂઆતમાં, રૂબિયોએ આંતરરાષ્ટ્રીય કાયદા અંગે સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાતોના સવાલોને ફગાવી દીધા.

અમેરિકી સેનેટર માર્કો રૂબિયોએ કહ્યું છે કે વેનેઝુએલાની સ્થિતિ અસ્થિર હતી અને તેને બચાવવું જરૂરી હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે વેનેઝુએલાને લઈને અમેરિકાના ત્રણ ઉદ્દેશ્યો હતા, જેનો અંતિમ લક્ષ્ય એક એવા ઈન્ફેક્શનને ખતમ કરવાનો હતો



જેના પછી એક વેનેઝુએલા લોકતાંત્રિક બને.

સુનાવણી દરમિયાન રૂબિયોએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તે નિર્ણયનો બચાવ કર્યો, જેમાં માદુરો સરકારના અધિકારીઓ સાથે વાતચીત ચાલુ રાખવાનો વિકલ્પ પસંદ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે અમેરિકાએ તરત જ વિપક્ષના સત્તા સંભાળવાના સમર્થન કરવાને બદલે સંવાદને પ્રાથમિકતા આપી.

રૂબિયો અનુસાર પ્રથમ પ્રાથમિકતા વેનેઝુએલામાં ગૃહ યુદ્ધને રોકવાની હતી. આ માટે તે લોકો સાથે સીધી, પ્રામાણિક અને સન્માનજનક વાતચીત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, જેઓ હાલમાં દેશને નિયંત્રિત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે બીજો મોટો હેતુ દેશને ફરીથી સંભાળવા પર ધ્યાન આપવાનો છે. આ અંતર્ગત વેનેઝુએલાના તેલ ઉદ્યોગને ફરીથી શરૂ અને મજબૂત કરવાનો છે. હેતુ એ છે કે દેશની અર્થવ્યવસ્થા સ્થિર થઈ શકે. સુનાવણી દરમિયાન ડેમોક્રેટિક સેનેટર જીન શાહીને આ ઓપરેશનના ખર્ચ પર સવાલ ઉઠાવ્યો. તેમણે કહ્યું કે લશ્કરી કાર્યવાહી અને દરિયાઈ નાકાબંધી પર લગભગ 1 અબજ ડોલરનો ખર્ચ થઈ શકે છે.

શાહીને કહ્યું કે તેમના મતદારો પૂછી રહ્યા છે કે રાષ્ટ્રપતિ મોંઘવારી અને રોજિંદી મુશ્કેલીઓ પર ધ્યાન આપવાને બદલે વેનેઝુએલા પર આટલું ધ્યાન કેમ આપી રહ્યા છે. રિપબ્લિકન સેનેટર રેન્ડ પોલે પૂછ્યું કે શું આ ઓપરેશન યુદ્ધ જેવું છે.

આના પર રુબિયોએ કહ્યું કે અમેરિકા તેને યુદ્ધ માનતું નથી. તેમણે માદુરોના વિવાદાસ્પદ 2024ના ચૂંટણી અને ડ્રગ તસ્કરીના આરોપોનો પણ ઉલ્લેખ કર્યો. પરંતુ રેન્ડ પોલે આ દલીલોને પોકળ ગણાવીને ફગાવી દીધી.

રુબિયોએ કહ્યું કે આગળ કોઈ મોટા સૈન્ય પગલાની શક્યતા ઓછી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે અમેરિકા ન તો સૈન્ય કાર્યવાહી માટે તૈયાર છે અને ન તો તેની અપેક્ષા રાખે છે. જોકે, જરૂર પડ્યે પોતાના હિતોના રક્ષણનો ઈનકાર પણ કર્યો નથી. રુબિયોએ કહ્યું કે કરાર હેઠળ મંજૂર કરાયેલા તેલને જ બજારમાં વેચવાની મંજૂરી આપવામાં આવશે. આ વેચાણમાંથી મળેલા પૈસા એક ખાસ ખાતામાં જમા થશે, જેના પર અમેરિકા નજર રાખશે.

તેમણે કહ્યું કે આ પૈસાનો ઉપયોગ વેનેઝુએલાના લોકો માટે કરવામાં આવશે. તેમણે તેને એક અસ્થાયી વ્યવસ્થા ગણાવી. ભવિષ્યમાં આ વ્યવસ્થાને સામાન્ય વેપાર પ્રણાલીમાં બદલવામાં આવશે. અમેરિકી સૈનિકોએ 2 જાન્યુઆરીની રાત્રે વેનેઝુએલા પર હુમલો કરીને માદુરો અને તેમની પત્ની સીલિયા ફ્લોરેસને પકડ્યા હતા. ત્યારબાદ તેમને ન્યૂયોર્ક લાવવામાં આવ્યા છે, જ્યાં તેમને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા હતા. તેમની સામે હથિયાર-ડ્રગ્સ સંબંધિત કેસોમાં મુકદ્દમો ચલાવવામાં આવશે.

માદુરોએ ડ્રગ્સની હેરાફેરી સાથે કોઈપણ પ્રકારના સંબંધનો ઈનકાર કર્યો છે. તેમના કેસની સુનાવણી શરૂ થવામાં હજુ ઘણા મહિના લાગી શકે છે.

## અલ્બેનિયા- ભ્રષ્ટાચાર રોકવા માટે બનેલા AI મંત્રી પર શંકા: બનાવનારી એજન્સીના બે અધિકારીઓ હાઉસ અરેસ્ટ

**તિરાના, તા.29**

અલ્બેનિયાએ વર્ષ 2025માં વિશ્વની પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મંત્રી 'ડિએલા' બનાવી હતી, જેનો હેતુ દેશમાં ફેલાયેલા ભ્રષ્ટાચારને ઘટાડવાનો હતો. જોકે, હવે એક મોટો વિવાદ સામે આવ્યો છે કે ડિએલાને બનાવનાર નેશનલ ઈન્ફોર્મેશન એજન્સી (AKSHI)ના બે મુખ્ય અધિકારીઓ પોતે ભ્રષ્ટાચારના આરોપમાં ફસાઈ ગયા છે.

નેશનલ ઈન્ફોર્મેશન એજન્સીના ડાયરેક્ટર અને ડેપ્યુટી ડાયરેક્ટરને હાઉસ અરેસ્ટ કરવામાં આવ્યા છે. તેમના પર કોન્ટ્રાક્ટમાં ધમકી આપીને હેરાફેરી કરવા, લાંચ લેવા અને ગુનાહિત સંગઠન સાથે સંકળાયેલા હોવાનો આરોપ છે. આ એ જ એજન્સી છે જે સરકારની ડિજિટલ વ્યવસ્થા સંભાળે છે. આ સમગ્ર ઘટનાક્રમે સરકારની ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશ પર સવાલો ઉભા કર્યા છે.

હજુ સુધી આ અધિકારીઓ પર ઔપચારિક રીતે કોઈ આરોપ નક્કી થયા નથી. વડાપ્રધાન રામાએ કહ્યું કે તેઓ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી કોઈ ટિપ્પણી કરશે નહીં. અલ્બેનિયા યુરોપિયન યુનિયનમાં જોડાવાનો પ્રયાસ કરી રહ્યું છે અને તેના માટે ભ્રષ્ટાચાર પર નિયંત્રણ એક આવશ્યક શરત છે.

ભ્રષ્ટાચારના આરોપ બાદ સવાલો ઉઠવા લાગ્યા છે કે શું AIને



કેટલાક પુરાવા છુપાવવા અથવા હેરાફેરી કરવા માટે ડિયેલાને પ્રોગ્રામ કરી શકાય છે.

ડિયેલા એક વર્ચ્યુઅલ અવતાર છે, જે પરંપરાગત અલ્બેનિયન પોશાકમાં દેખાય છે. ગયા વર્ષથી ડિયેલા ઘણી આંતરરાષ્ટ્રીય પરિષદોમાં બોલી ચૂક્યા છે અને દુનિયાભરમાં AIને સરકારી કામોમાં ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે.

સપ્ટેમ્બરમાં અલ્બેનિયાની સંસદમાં વીડિયો દ્વારા ડિએલાએ કહ્યું હતું કે તે માનવી નથી, તેથી તેની પાસે કોઈ વ્યક્તિગત મહત્વાકાંક્ષા કે સ્વાર્થ નથી. માત્ર ડેટા, જ્ઞાન અને અલ્ગોરિધમ્સ છે, જે નાગરિકોની નિષ્પક્ષ સેવા માટે સમર્પિત છે. તેણે કહ્યું હતું કે ભ્રષ્ટાચારના આરોપો પર તેને દુઃખ થયું છે.

ડિએલા નાગરિકોને ઓનલાઈન સરકારી સેવાઓ મેળવવામાં મદદ કરે છે, જેમ કે દસ્તાવેજો જારી કરવા અથવા એપોઈન્ટમેન્ટ બુક કરવી. આ પહેલા અધિકારીઓને લાંચ આપીને કામ કરાવવું પડતું હતું, પરંતુ હવે આ પ્રક્રિયા સમાપ્ત થઈ રહી છે. ટૂંક સમયમાં, ડિયેલા સરકારી કરારોની અરજીઓની તપાસ કરશે અને ડેટાના આધારે નક્કી કરશે કે કયો બિડર સૌથી યોગ્ય છે. તેના કામનું ઓડિટ કરી શકાય છે. વડાપ્રધાન રામાએ તેને ડિયેલા (પ્રકાશ) નામ આપ્યું છે, જેથી જાહેર ખરીદીમાં પારદર્શિતા આવે. રામાએ કહ્યું કે અલ્બેનિયા 'બે ભાઈઓનો દેશ' છે, જ્યાં નિષ્પક્ષ સંબંધો બાંધવા મુશ્કેલ છે.

આ યુનિટ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, તિરાનાના મેયર અને ઉપ-વડાપ્રધાન બેલિન્ડા બાલુકુ (રામાના નજીકના) પર પણ તપાસ કરી રહી છે. બાલુકુ પર મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ભંડોળના દુરુપયોગનો આરોપ છે અને વિપક્ષ તેમની સંસદીય પ્રતિરક્ષા હટાવવાની માગ કરી રહ્યો છે.

રામાએ આ અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો. ભ્રષ્ટાચારના આરોપોથી વિરોધ વધ્યો છે અને ગયા મહિને પ્રદર્શનકારીઓએ પેટ્રોલ બોમ્બથી હુમલો કર્યો અને સરકારના રાજીનામાની માગ કરી.

રામાએ યુનિટને સમર્થન આપ્યું, પરંતુ કહ્યું કે પ્રી-ટ્રાયલ ડિટેન્શનનો દર યુરોપમાં સૌથી વધુ છે, તેથી સંસ્થા સ્વતંત્ર અને વ્યાવસાયિક રહેવી જોઈએ. યુનિટના આંકડા અનુસાર, ભ્રષ્ટાચારના કેસો ડિટેન્શનમાં માત્ર નાનો ભાગ છે.

ડિયેલાએ ભ્રષ્ટાચાર કેટલો ઓછો કર્યો, તે માપવું મુશ્કેલ છે કારણ કે તે રોકથામ પર કામ કરે છે, શોધવા પર નહીં. નિષ્ણાતોનું કહેવું છે કે આ રામા માટે EU ને બતાવવાનો એક માર્ગ છે કે તેઓ ભ્રષ્ટાચાર સામે લડી રહ્યા છે.

પીએમ રામાએ ગયા વર્ષે ઓક્ટોબરમાં એક અનોખી અને રસપ્રદ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે દુનિયાની પહેલી AI મંત્રી ડિયેલા હવે ગર્ભવતી છે.

તેમના 83 બાળકો થવાના છે. આ બાળકો ખરેખર ડિજિટલ આસિસ્ટન્ટ હશે, જે અલ્બેનિયાની સંસદમાં સત્તાધારી સોશિયાલિસ્ટ પાર્ટીના 83 સાંસદોને મદદ કરશે.

રામાએ આ વાત બર્લિનમાં ગ્લોબલ ડાયલોગ ફોરમમાં કહી હતી. તેમણે મજાકીયા અંદાજમાં કહ્યું, 'પહેલીવાર ડિયેલા ગર્ભવતી છે અને તેમના 83 બાળકો છે.

## બ્રિટિશ PM 8 વર્ષ પછી ચીન પહોંચ્યા: કોરોનાકાળમાં ચીની કંપની હુઆવેને કાઢી મુકી હતી, હવે કહ્યું- અમેરિકા તેની જગ્યાએ, પરંતુ ચીન જરૂરી....

**બીજિંગ, તા.29**

બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મર બુધવારે 8 વર્ષ પછી ત્રણ દિવસની મુલાકાતે ચીન પહોંચ્યા છે. આ પહેલા 2018માં તત્કાલીન બ્રિટિશ પીએમ થેરેસા મે ચીન ગયા હતા. છેલ્લા 8 વર્ષમાં વૈશ્વિક રાજનીતિ ઘણી બદલાઈ ગઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આક્રમક નીતિઓ અને નિવેદનોને કારણે યુરોપિયન દેશો નવા ભાગીદારો શોધી રહ્યા છે, આવી સ્થિતિમાં ચીન તેમને એક મજબૂત વિકલ્પ દેખાઈ રહ્યું છે. ચીન રવાના થતા પહેલા સ્ટાર્મરે મીડિયાને કહ્યું હતું કે બ્રિટનને અમેરિકા અને ચીનમાંથી કોઈ એકને પસંદ કરવાની જરૂર નથી. અમેરિકા સાથેના સંબંધો જળવાઈ રહેશે, પરંતુ ચીનને અવગણવું યોગ્ય રહેશે નહીં. બીજી તરફ, ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે આ યાત્રાથી બંને દેશો વચ્ચે વિશ્વાસ વધશે અને સંબંધોમાં સ્થિરતા આવશે. બ્રિટન ભલે આજે ચીનને જરૂરી દેશ ગણાવી રહ્યું હોય, પરંતુ 2020માં કોરોનાના સમયે જ તેણે ચીની ટેક કંપની હુઆવેને જાસૂસીના શકમાં પોતાના દેશમાંથી હાંકી કાઢી હતી. થિયાનમેન સ્ક્વેર પર ચીન અને બ્રિટનનો ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. બેકગ્રાઉન્ડમાં ચીનના દિવંગત ચેરમેન માઓનો ફોટો છે. બ્રિટિશ સરકારે 2010માં ચીની કંપની હુઆવેને દેશમાં મોબાઈલ




નેટવર્ક પર કામ કરવાની મંજૂરી આપી. તે જ સમયે હુઆવેની ઓફિસમાં 'ધ સેલ' નામની એક ખાસ ઓફિસ બનાવવામાં આવી હતી, જેના દ્વારા સરકાર કંપનીના કામ પર નજર રાખતી હતી. આને ઘણા વર્ષો સુધી રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વપૂર્ણ માનવામાં આવ્યું હતું. આ ઓફિસમાં બ્રિટનના સાયબર સુરક્ષા નિષ્ણાતો કામ કરતા હતા. હુઆવેના ખર્ચે તેઓ તેના દરેક હાર્ડવેર અને સોફ્ટવેરની તપાસ કરતા હતા, જેથી કોઈ એવો કોડ ન હોય જેનો ખોટો ઉપયોગ કરી શકાય. તેમ છતાં બ્રિટનની સરકારને આ સિસ્ટમ પર સંપૂર્ણ ભરોસો ન થયો. લગભગ 10 વર્ષ સુધી હુઆવેને કામ કરવા દીધા પછી, સરકારે વર્ષ 2020માં નિર્ણય કર્યો કે તેને બ્રિટનના 5G નેટવર્કમાંથી બહાર કરી દેવામાં આવશે. તે જ વર્ષે સંસદની એક તપાસમાં કહેવામાં આવ્યું કે હુઆવે અને ચીની કમ્યુનિસ્ટ પાર્ટી વચ્ચે મિલીભગતના સ્પષ્ટ પુરાવા છે. જે 5G ઈક્વિપમેન્ટ્સ પહેલાથી લાગેલા છે, તેમને હટાવવા પડશે. હવે 'ધ સેલ' એ વાતનું ઉદાહરણ બની ગયું છે કે ચીન સાથેના સંબંધોમાં બ્રિટનને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એક તરફ ગુપ્તચર એજન્સીઓની સુરક્ષા સંબંધિત ચિંતાઓ છે, બીજી તરફ ખાનગી કંપનીઓ સસ્તી ટેકનોલોજી ઈચ્છે છે અને સરકારને અર્થતંત્ર સુધારવાની આશા છે. નિષ્ણાતો અને પૂર્વ રાજદ્વારીઓનું કહેવું છે કે અલગ-અલગ સરકારો ચીનને લઈને યોગ્ય બેલેન્સ બનાવી શકી નથી. આને કારણે બ્રિટનની પોલિસીમાં શંકા અને ડર જોવા મળે છે. સ્ટાર્મરની આ યાત્રા ચીનને લઈને બનેલી શંકા અને ડરને ઓછો કરવાનો પ્રયાસ છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે યુરોપ અને ચીન વચ્ચે રાજદ્વારી હિલચાલ તેજ છે. હાલના અઠવાડિયામાં ફિનલેન્ડ અને આયર્લેન્ડના વડાપ્રધાન પણ ચીન જઈ ચૂક્યા છે. જર્મન ચાન્સેલર પણ ફેબ્રુઆરીમાં ચીન જવાની સંભાવના છે. ફિનલેન્ડના વડાપ્રધાન પેટરી ઓર્પો ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા. ચીન દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે શી જિનપિંગે કહ્યું કે ચીન અને યુરોપિયન યુનિયન ભાગીદારો છે, હરીફ નથી અને સહયોગ મતભેદો કરતાં વધુ મહત્વનો છે. વડાપ્રધાન કીર સ્ટાર્મરે પણ સ્વીકાર્યું છે કે ચીનને લઈને બ્રિટનનું વલણ ક્યારેક ખૂબ નરમ રહ્યું છે, તો ક્યારેક ખૂબ કડક. તેમનું કહેવું છે કે તેઓ ચીન સાથે 'ગોલ્ડન એરા' કે 'આઈસ એજ' જેવી સ્પષ્ટ વિચારસરણીમાં વિશ્વાસ કરતા નથી. નિષ્ણાતોનું કહેવું છે કે બ્રિટન હવે ચીનને ન તો મિત્ર માની રહ્યું છે અને ન દુશ્મન, પરંતુ એક એવી વાસ્તવિકતા માની રહ્યું છે જેનો સામનો કરવો જરૂરી છે. કિંગ્સ કોલેજ લંડનના પ્રોફેસર કેરી બ્રાઉને કહ્યું કે બ્રિટનને અન્ય વિકલ્પો શોધવા પડશે અને અન્ય દેશો પણ આવું કરી રહ્યા છે. એક સમયે બ્રિટનને લાગતું હતું કે ચીન સાથે મિત્રતા કરીને તેને દરેક પ્રકારનો ફાયદો મળી શકે છે. 2010 પછી તત્કાલીન પીએમ ડેવિડ કેમરન અને નાણા મંત્રી જ્યોર્જ ઓસ્બોર્ને ચીન સાથેના સંબંધો મજબૂત કર્યા. તેમનો પ્રયાસ હતો કે લંડનને ચીની રોકાણનું મોટું કેન્દ્ર બનાવવામાં આવે અને ન્યુક્લિયર એનર્જી જેવી મોટી પરિયોજનાઓમાં પણ ચીનને સામેલ કરવામાં આવે. 2015માં જ્યારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ બ્રિટન આવ્યા, ત્યારે આ સંબંધોને 'ગોલ્ડન એરા' કહેવામાં આવ્યું. તે સમયે કેમરન તેમને એક જૂના પબમાં બિયર પીવડાવવા પણ લઈ ગયા હતા.

તંત્રી લેખ

# પ્લેન ક્રેશ દુર્ઘટના ષડયંત્ર? : ભાજપ સામે આકરો આરોપ

મહારાષ્ટ્રમાં લોકલ બોડીની ચૂંટણીઓ ચાલી રહી છે. નગર પાલિકાની ચૂંટણીઓ પૂરી થઈ, હવે જિલ્લા પંચાયતોની ચૂંટણી થવાની છે. એના જ પ્રચારમાં અજિત પવાર બારામતી જઈ રહ્યા હતા. આ ચૂંટણીઓ સ્થાનિક કક્ષાની છે છતાં મહારાષ્ટ્રના રાજકારણમાં ઉકળતો ચરુ હતો. એ એટલા માટે કે અજિત પવાર તેના કાકા શરદ પવારની નજીક જઈ રહ્યા હતા અને બંને NCP એક મંચ પર આવવાની હતી. રાજકીય વિશ્લેષકો તો એવું કહે છે કે અજિત દાદા ફરીવાર શરદ પવાર કેમ્પમાં પાછા ફર્યા, તેની જાહેરાત જ થવાની બાકી હતી ને આ દુર્ઘટના થઈ.અજિત પવારનું પ્લેન ક્યારે, કેવી રીતે ક્રેશ થયું? મુંબઈથી સવારે 8 વાગ્યે અજિત પવાર તેના પર્સનલ સેક્રેટરી વિદીપ જાધવ, પાયલટ કેપ્ટન સુમિત કપૂર, કેપ્ટન સાંભવી પાઠક અને ફ્લાઈટ એટેન્ડન્ટ પિન્કી માળી સાથે ચાર્ટર્ડ પ્લેનમાં બેસીને બારામતી જવા ઊડ્યા. મિડ સાઈઝ બિઝનેસ ચાર્ટર્ડ જેટ લિયરજેટ-45 પ્લેન બારામતી તરફ આગળ વધી રહ્યું હતું. અજિત પવાર જે લિયરજેટ-45 પ્લેનમાં મુસાફરી કરી રહ્યા હતા, તેને પ્રાઈવેટ જેટ અને ચાર્ટર્ડ ફ્લાઈટ પૂરી પાડતી દિલ્હીની VSR વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ઓપરેટ કરે છે. આ પ્લેન 16 વર્ષ જૂનું હતું. આ પ્લેન મુંબઈના છત્રપતિ શિવાજી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સવારે 8:10 વાગ્યે નીકળ્યું અને 8:40 વાગ્યે રડાર પરથી ગાયબ થઈ ગયું.મુંબઈથી બારામતીનું અંતર 250 કિમી છે. પ્લેનથી આ સફર કરવામાં 1 કલાક લાગે છે. આ પહાડોથી ભરેલો વિસ્તાર છે. અહીં ધુમ્મસ વધારે હોવાથી વિઝિબિલિટી ઓછી હતી. બારામતી એરપોર્ટના રન-વે પર ઉતરતાં પહેલાં આ પ્લેને આકાશમાં ચક્કર માર્યું હતું. એકવાર ઉતરવાની કોશિશ કરી પણ મેળ પડ્યો નહિ એટલે આંટો મારીને બીજીવાર લેન્ડિંગ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે જ પ્લેન ક્રેશ થઈ ગયું. લેન્ડિંગ સમયે વિમાનમાંથી વિચિત્ર અવાજ આવતો. વિમાને ઉતરવાનો પ્રયાસ કર્યો પણ રનવે પરથી લપસી ગયું અને પછી જોરદાર વિસ્ફોટ થયો. અંદર બેઠેલા અજિત પવાર સહિત પાંચેયના મોત થયાં. લાશ ઓળખાય નહિ, એવી હાલત થઈ ગઈ. ક્રેશનું સૌથી સંભવિત કારણ પ્લેનના એન્જિન અથવા કંટ્રોલ સિસ્ટમમાં ખરાબી હોઈ શકે છે. લેન્ડિંગ દરમિયાન જો તેમાં કોઈ સમસ્યા આવે, તો પાઈલટને પ્લેનની સ્પીડ અને સાચા એંગલનો ખ્યાલ આવતો નથી. આનાથી ક્રેશ થઈ શકે છે. જો લેન્ડિંગ સમયે જેટની સ્પીડ અને એંગલ યોગ્ય ન હોય, તો પાઈલટે લેન્ડ કરવાને બદલે ફરીથી ઉડાન ભરવી જોઈએ. સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં પાઈલટ ફરીથી લેન્ડ કરવાનો પ્રયાસ કરે છે, જેથી ક્રેશ ટાળી શકાય.પણ આમાં ક્રેશ ટાળી શકાયું નહિ. અજિત પવારનું પ્લેન ઉડાવનાર કેપ્ટન સુમિત કપૂર એક અનુભવી પાઈલટ હતા. તેમને લિયરજેટ-45 ઉડાવવાનો પણ પૂરતો અનુભવ છે. જોકે, જ્યારે VIPsને કોઈ કાર્યક્રમમાં પહોંચવાનું હોય છે, ત્યારે પાઈલટ જોખમ લઈ શકે છે. પવન, ધુમ્મસ, ઓછી વિઝિબિલિટી અથવા અચાનક પવનની દિશા બદલાવાથી પણ મધ્યમ કદના વિમાનોમાં લેન્ડિંગ મુશ્કેલ બની જાય છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી-બીકાનેર અને પોરબંદર-જોધપુર વચ્ચે વન-વે સ્પેશિયલ ટ્રેનો




**અમદાવાદ રેલ્વે - તા. 29**

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ તથા સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી-બીકાનેર અને પોરબંદર-જોધપુર વચ્ચે વિશેષ ભાડા પર બે વન-વે સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા 09491 સાબરમતી-બીકાનેર વન-વે સ્પેશિયલ

ટ્રેન સંખ્યા 09491 સાબરમતી-બીકાનેર વન-વે સ્પેશિયલ શુક્રવાર,30 જાન્યુઆરી 2026ના રોજ સાબરમતીથી 17.50 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 06.30 કલાકે બીકાનેર પહોંચશે.

માર્ગમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ, જોધપુર અને નાગૌર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ તથા જનરલ સેકન્ડ ક્લાસના કોચ રહેશે.

ટ્રેન સંખ્યા 09291 પોરબંદર-જોધપુર વન-વે સ્પેશિયલ

સંખ્યા 09291 પોરબંદર-જોધપુર સ્પેશિયલ રવિવાર,01 ફેબ્રુઆરી 2026ના રોજ પોરબંદરથી 19.40 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 13.00 કલાકે જોધપુર પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં વાંસજાલિયા, લાલપુરજામ, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ અને સમદડી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ તથા જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે.

ટ્રેન સંખ્યા 09491 અને 09291નું બુકિંગ 29 જાન્યુઆરી, 2026થી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસિટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# આજે 30 જાન્યુઆરી! એટલે કે જેનું બલિદાન વ્યર્થ ગયું! એવાં ગાંધીજીનો નિર્વાણ દિન!




**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે 30 જાન્યુઆરી! જેને બલિદાન દિવસ કે શહિદ દિવસ તરીકે ઓળખવામાં આવે છે! કારણ કે આજે ગાંધી નિર્વાણ દિન છે, અને દર વખત જેમ આ વખતે પણ દે દી હમે આઝાદી, બીના ખડગ બીના ઢાલ, સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ.. એમ વાગશે! પણ ખરેખર શું આપણે એ ચરિત્રની વિશેષતા ઓને વંદન કરીએ છીએ ખરાં? એ પ્રશ્ને ગ્લાનિ થાય છે. બિરલા હાઉસમાં 1948 ની પૂર્વ સંધ્યાએ ગોડસે દ્વારા ગાંધીજીની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. એક અહિંસા ના પૂજારીની હત્યાં થઈ! એ પરથી કહી શકાય કે ગાંધીજીના એ સમયમાં પણ કેટલાં બધાં વિરોધીઓ હશે! બાકી કેટલું શુદ્ધ ચરિત્ર હતું! એ કહેવાની જરૂર નથી. સમાજ લાખ નિંદા કરે છતાં જે સત્ય છે એ છે! અને રહેશે, કે આખાં વિશ્વમાં ગાંધી જેવું શુદ્ધ ચરિત્ર ક્યાંય થયું નથી, અને એટલે જ તો એ વિશ્વ વંદનીય હતાં, છે, અને રહેશે.

ગાંધી નિર્વાણ દિન એવું શું કામ કહેવામાં આવે છે? ગાંધીજી એટલાં બધાં પ્રકૃતિથી જોડાયેલા હતાં કે, એ જીવંત હતાં ત્યારે પણ એ પંચ મહાભૂતની પ્રકૃતિમાં આવન જાવન રહી હશે! અને એટલે જ એ દરેકની આંતર પ્રકૃતિ સાથે જોડાઈને સૌને પોતાની વાત સમજાવવામાં સફળ થતાં હતાં. ગાંધીજીનાં ચરિત્રને આપણે ત્યાં ઘણી રીતે જોવામાં આવે છે, અને ખાસ કરીને એની ત્રૂટિ શોધીને. આજકાલ તો એની નિંદા કરવી એ ફેશન બની ગઈ હોય એમ બધાં એને ગાળો આપે છે, પણ એનાથી એક વાત એ સિદ્ધ થાય છે કે આપણે એને ભૂલી શકતા નથી એટલું અસરકારક ચરિત્ર હતું. બીજું બધું છોડો આપણે એ કબૂલવું પડે કે એને સત્તાની કોઈ લાલચ નહોતી અને એટલે જ દેશ આઝાદ થતાં જ એણે કોંગ્રેસ ને વિખરાઈ જવા તેમજ લોક તંત્રને જનતા નો પ્રમુખ ચૂંટવા અનુરોધ કર્યો હતો! પરંતુ ગાંધીજી જેવા બધાં નહોતાં એમને પોતાનાં બલિદાનની બદલે સત્તા જોઈતી હતી, અને એટલે એમની આંખમાં ગાંધીજી કણા જેમ ખૂંચતા હતાં! ગોડસે એ ગોળી ન મારી હોત તો કોક બીજું કૌભાંડ થાત! સર્વ ધર્મને સમાન સમજવા એની કેટલી મોટી કિંમત ચૂકવવી પડી એમને, કે આજ સુધી લોકો એને અમુક નિર્ણયો માટે વખોડે છે! સત્ય જ્યારે સમાજમાં પ્રસ્થાપિત થાય ત્યારે એને વખોડી નાખવા ઘણાં ઉભા થાય છે, કે કેમ સમાજ એને તિરસ્કૃત કરે! પણ સત્ય આચરણ કરવું એટલે તલવારની ધાર પર ચાલવા જેવું છે, એ આપણે કેટલાંય દ્રષ્ટાંતો પરથી સાબિત કરી શકીએ!

સનાતન ધર્મ અથવા હિન્દુ રાષ્ટ્ર ગાંધીને કારણે નહીં બની શકે, એવી એક પૂર્વાગ્રહી માન્યતાને કારણે ગોડસે એ ગાંધીજીની હત્યા કરી! પણ શું દેશમાં સનાતન ધર્મ અખંડિત રહ્યો? શું હિન્દુ ને પોતે હિન્દુ હોવા પર ગર્વ છે? ખુદ હિન્દુ આજે એ સનાતન સંસ્કૃતિ ને જાળવી શક્યો છે? કે પછી ભાગલા ન પડ્યાં હોત તો? કોંગ્રેસના એકધારા શાસનથી જનતાને ફાયદો થયો? શું આ બધાં માટે આપણે ગાંધીને જવાબદાર ગણીશું! અને તો ગાંધી ગયા છતાં રાજકારણમાં આટલી બધી ગેરરીતિ શું કામ? આવાં પ્રશ્નો શું તમને થાય છે? કે પછી નિંદા કરવી એ પણ એક સ્ટેટસ! કોઈ એ પોતાના જીવનના 40 થી 45 વર્ષનું બલિદાન જનતા માટે આપ્યું હોય, એને આ રીતે મુલવવાનો આપણને કોઈ અધિકાર નથી! નેતાઓ તો ત્યારે પણ હતાં અને બધા કહે છે કે એકલા ગાંધી ને કારણે આઝાદી નથી મળી! એ પોતે પણ એમ જ કહેતાં! પણ પોતાના રોજિંદા જીવનમાં આટલી સાદગીને અથવા તો એમ કહો કે છેક છેવાડાના માનવીની જેમ જ રહેવાનો સંકલ્પ તો માત્ર ગાંધી જ લઈ શકે! એ તો સૌ કોઈ એ સ્વીકારવું જ પડે.



2023 માં રાજકુમાર સંતોષીની ફિલ્મ ગાંધી ગોડસે એક યુદ્ધ આવી હતી અને સાચું કહું તો ગોડસેને સમજવામાં પણ ભૂલ થઈ એવું કહેવું અતિશયોક્તિ નથી.પણ એનાથી પણ ગાંધીને સમજવામાં ભૂલ થઈ એ વાતે પણ બેમત નથી. ગોડસે ના મનમાં એવું હતું કે ગાંધીને કારણે જ દેશમાં હિન્દુત્વની ભાવના મરી જશે! મંદિરો તૂટશે, મસ્જિદ બનશે, અને સરેઆમ સ્ત્રીઓની ઈજ્જત ઉછળશે, કોઈ ને કોઈ પર ભરોસો નહીં રહે! નથ્થુરામ ગોડસે એ આ બધાં કારણોથી એક નિર્ણય કર્યો, અને બિરલા હાઉસ પહોંચી ગયો. એણે ગાંધીજીને પ્રણામ કર્યા, અને પગે પડવાનો અભિનય કરી, ગાંધીજીને છાતીમાં ત્રણ ગોળી મારી દીધી, અને ગાંધીજી હે રામ કરી ઢળી પડ્યા! હોની ને કોણ ટાળી શકે, એવું એક સમાધાન લેવા સિવાય આપણી પાસે કોઈ વિકલ્પ નથી! પણ છતાં બીજી રીતે વિચારીએ તો ગાંધીની હત્યાં છતાં આજે પરિસ્થિતિ ગોડસેની જે દહેશત હતી એ મુજબની જ છે! એટલે કે દેશના હિન્દુઓને હિન્દુ હોવાનો ગર્વ થતો હોય એવું લાગતું નથી! સ્ત્રીઓની ઈજ્જત આજે પહેલાં કરતાં પણ વધુ લૂંટાય છે! મંદિરો બંને છે પણ ધર્મમાં વ્યાપારિકરણ આટલું પહેલાં નહોતું એ પણ કબુલવું પડે! એટલે એ પરથી કહી શકાય કે ગોડસે એ ગાંધીજીને મારવાની બદલે, મળીને ચર્ચા કરવાની જરૂર હતી! શક્ય છે આપણી સામે કોઈ બીજું ચિત્ર હોત! કારણકે ઘણીવાર બે શક્તિ એક જ દિશામાં કામ કરે તો વધુ સારું પરિણામ મળે! પણ આ તો બંને માંથી એકેય મિશન પાર પડ્યું નહી! ગાંધીજીની હત્યા થઈ,અને ગોડસેને ફાંસી!

ખેર છોડો જે થવાનું હતું એ થઈ ગયું! પણ આજે જ્યારે સમગ્ર વિશ્વમાં અશાંતિ અને સત્તા માટેની હોડ લાગી છે અને મહાસત્તા ગણાતા દેશો વારંવાર બીજા અન્ય દેશને કોઈને કોઈ કારણોસર દબાવી રહ્યા છે ત્યારે સમગ્ર વિશ્વમાં શાંતિની સ્થાપના માટે ગાંધી મુલ્ય અને એમનાં અગિયાર મહાવ્રતો, સત્ય અહિંસા ચોરી ન કરવી, વણ જોતું ન સંઘરવું, બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે ના અભડાવુ, અભય સ્વદેશી સ્વાદ ત્યાગને સર્વ ધર્મ સમભાવ, ને અનુસરવાથી પરિણામ સુધી ઝડપથી પહોંચી શકાશે.

કોઈ મને પુછે કે ગાંધીજીની આટલી પ્રશંસા? અથવા તમે આ ચરિત્રમાં એવું શું જોયું? તો જવાબ માત્ર એટલો જ કે એ નરસિંહના વૈશ્નવ ભજન ને માત્ર પ્રાર્થના વખતે ગાતાં જ નહોતાં એમણે નરસિંહ એ ગણાવેલા વૈશ્નવ નાં બધાં જ લક્ષણોને આત્મસાત કર્યા હતાં, એટલે જ તો નરસિંહની જેમ સમાજે એની પણ નિંદા કરી! બાકી સત્યની લગોલગ કહી શકાય એવું શુદ્ધ અને શ્રેષ્ઠ ચરિત્ર અને છતાં પાછાં એકદમ વિનોદી કે એ સમયના અંગ્રેજો પણ એનાથી એકદમ પ્રભાવિત! પણ ઘર કી રોટી દાલ બરોબર એમ આપણે એનું મુલ્ય કરી શક્યા નહીં. જય હિન્દ. કોઈ મને પુછે કે ગાંધીજીની આટલી પ્રશંસા? અથવા તમે આ ચરિત્રમાં એવું શું જોયું? તો જવાબ માત્ર એટલો જ કે એ નરસિંહના વૈશ્નવ ભજન ને માત્ર પ્રાર્થના વખતે ગાતાં જ નહોતાં એમણે નરસિંહ એ ગણાવેલા વૈશ્નવ નાં બધાં જ લક્ષણોને આત્મસાત કર્યા હતાં, એટલે જ તો નરસિંહની જેમ સમાજે એની પણ નિંદા કરી! બાકી સત્યની લગોલગ કહી શકાય એવું શુદ્ધ અને શ્રેષ્ઠ ચરિત્ર અને છતાં પાછાં એકદમ વિનોદી કે એ સમયના અંગ્રેજો પણ એનાથી એકદમ પ્રભાવિત! પણ ઘર કી રોટી દાલ બરોબર એમ આપણે એનું મુલ્ય કરી શક્યા નહીં. જય હિન્દ.

# જીવનમાં એકબીજા જેવા હોવું જરૂરી નથી,એકબીજા માટે હોવું જરૂરી છે....!!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આપણને જે કંઈ પણ સુખ, ખ્યાતિ માન,કીર્તિ,સંપત્તિ, મિલકત અને સુવિધાઓ મળે છે તે ચોક્કસપણે આપણા નજીકના કોઈની પ્રાર્થના અને શક્તિને કારણે છે.જોકે,આપણા અજ્ઞાન અભિમાનને કારણે,આપણે આ બધું આપણી સિદ્ધિ માનવાની ભૂલ કરતા રહીએ છીએ અને જ્યારે આપણે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ, ત્યારે સત્ય સમજ્યા પછી જ પસ્તાવું પડે છે.આપણે ઈચ્છી એ તો પણ આપણા માતાપિતાનું ઋણ ચૂકવી શકતા નથી. ફક્ત એક પિતા જ ઈચ્છે છે કે તેનો પુત્ર મોટી ઊંચાઈએ પહોંચે.પરંતુ પુત્રો તેમના માતાપિતાને બોજ માને છે.તેથી,તમારે હંમેશા જરૂરિયાતમંદોને મદદ કરવી જોઈએ આજે આપણે એક વાત દ્વારા સમજવા કોશિષ કરીએ તો

એકવાર,એક પિતા અને તેનો પુત્ર દરિયામાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેઓ અચાનક રસ્તો ભૂલી ગયા. તેમની હોડી તેમને એવી જગ્યાએ લઈગઈ જ્યાં નજીકમાં બે ટાપુઓ હતા,અને ત્યાં પહોંચ્યા પછી,તેમની હોડી તૂટી ગઈ,પિતાએ પોતાના પુત્રને કહ્યું, 'એવું લાગે છે કે આપણો અંત આવી ગયો છે,અને કોઈ આશા દેખાતી નથી.'અચાનક,પિતાએ ઉકેલ વિશે વિચાર્યું અને પોતાના પુત્રને કહ્યું,'આપણો અંત નજીક છે, તો આપણે ભગવાનને પ્રાર્થના કેમ ન કરીએ?'તેઓએ બે ટાપુ ઓને તેમની વચ્ચે વહેંચી દીધા. પિતા એક ટાપુ પર બેસતા, પુત્ર બીજા ટાપુ પર,અને તેઓપોતાની જાતે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા.પુત્રએ ભગવાનને પ્રાર્થના કરી,'હે ભગવાન,આ ટાપુ પર વૃક્ષો અને છોડ ઉગવા દો,જેથી આપણે તેમના ફળો અને ફૂલોથી આપણી ભૂખ સંતોષી શકીએ. 'ભગવાને પ્રાર્થના સાંભળી,તરત જ વૃક્ષો અને છોડ ઉગી નીકળ્યા અને તેના પર ફળો પણ આવ્યા. તેમણે કહ્યુંકે આ એક ચમત્કારછે પછી તેમણે પ્રાર્થના કરી,'એક સુંદર સ્ત્રી આવે જેથી આપણે અહીં તેની સાથે રહી શકીએ અને આપણું કુટુંબ સ્થાપિત કરી શકીએ.' તરત જ એક સુંદર સ્ત્રી પ્રગટ થઈ. હવે તેમણે વિચાર્યું કે મારી દરેક પ્રાર્થના સાંભળવામાં આવી રહી છે,તો હું ભગવાન પાસે અહીંથી બહાર નીકળવાનો રસ્તો કેમ ન માંગું?તેમણે પણ એવું જ કર્યું. તેમણે પ્રાર્થના કરી, એક નવી હોડી આવે જેમાં હું ચઢી શકું અને અહીંથી નીકળી શકું. તરત જ હોડી દેખાઈ અને પુત્ર તેમાં ચઢી ગયો અને બહાર નીકળવા લાગ્યો.એટલામાં આકાશમાંથી અવાજ આવ્યો, દીકરા, તું એકલો જઈ રહ્યો છે? શું તું તારા પિતાને સાથે લઈ જઈશ નહી?

લાલાને ગાયો વહાલી છે.તેમાંયે ગંગીગાય બહુ જ વહાલી.લાલા ની ઝાંખી ન થાય ત્યાં સુધી ગંગી ગાય પાણી પીતી નથી,ઘાસ પણ ખાતી નથી.ગોવાળો કહે,મા, લાલાને ગૌશાળામાં લઈ આવો!લાલાને ગૌશાળામાં લઈ આવે, ત્યારે લાલાની ઝાંખી કરી ગંગી ગાય ખડ ખાય. ગોપીઓ કનૈયાને આ ગંગી ગાય પાસે લઈ જાય છે અનેક વર્ષ તપસ્યા કરવા છતાં મનમાંથી અભિમાન ગયું નહીં કામ ગયો નહીં, ત્યારે મોટા મોટા ઋષિમુનિઓ



ગોકુળમાં ગાયો થઈને આવ્યા છે.નિષ્કામ શ્રી કૃષ્ણને કામ અર્પણ કરી નિષ્કામ થવાની એમની ઈચ્છાછે.ગોપીઓ એ ગંગીગાયનું પૂંછડું હાથમાં લઈ ત્રણ વખત લાલાના આખા શરીર પર ફેરવ્યું,જેથી લાલાને કોઈની નજર લાગી હોય તો સર્વ ગંગી ગાયના પૂંછડામાં જાય!અમારા કનૈયાને કંઈ થવાનું હોય તો તે અમને થાય.આ ગોપી ઓનો વિશુદ્ધ પ્રેમ છે.બાલકૃષ્ણને રાક્ષસીની નજર ન લાગી જાય, તેથી ગોપીઓને લાલાને ગાયનું છાણ અને ગૌમૂત્રથી સ્નાન કરાવ્યું.ગૌમૂત્રમાં પવિત્ર કરવાની શક્તિ છે.ગૌમૂત્રનું પાન અને તેના વડે સ્નાનકરવાથી શરીર નિરોગી થાય છે.અમારો પોતાનો અનુભવ છે.ગૌમૂત્રના પાનથી શરીર શુદ્ધ થાય છે તે તો ખરું,પણ મન પણ શુદ્ધ થાય છે. ગાયનું મૂત્ર ૧૦૮ વખત ગાળીને પી જાઓ.મનનો મેલ પણ દૂરથશે મન શુદ્ધ થશે. આ પ્રયોગ છ મહિના સુધી કરવાનો છે.ગૌમૂત્રના પાનની શરૂઆત કર્યા પહેલાં સ્વભાવ, મન કેવાં છે તે લખી રાખજો અને છ માસ ગૌ મૂત્રનું પાન કર્યા પછી જોજો.સ્વભાવમાં ઘણું પરિવર્તન દેખાશે ગૌમૂત્રમાં આવી દિવ્ય શક્તિ છે.ગાયનું દૂધ બુદ્ધિને નિરોગી બનાવે છે.ગાયનું છાણ ત્વચાની ખોટી ગરમી ખેંચી લે છે અને ચામડીને મુલાયમ બનાવે છે.

પ્રથમગૌમૂત્રથી કનૈયાને નવડાવેછે પછી ગરમ જળથી નવડાવે છે કનૈયો આનંદમાં છે.ગોપીઓબાલ કૃષ્ણને ઘેરીને બેઠેલી છે.એક કહે કે, લાલાની આંખ કેટલી સુંદર!બીજી કહે છે,લાલાના વાળકેટલા સુંદર છે!ત્રીજી કહે છેઅલી લાલા નાં ચરણકમળ તોજો કેટલાં સુંદર લાગે છે.શ્રીકૃષ્ણના એક-એક અંગમાં ગોપીઓ આંખને સ્થિર કરે છે.આ ઋષિરૂપી ગોપીઓ વેદ શાસ્ત્ર સંપન્ન કરે છે.તેઓ સ્તુતિ કરવા લાગે છે.એજ ભગવાન તારા મંગળમય ચરણોનું રક્ષણ કરો,યજ્ઞપુરુષ તારાં સાથળોનું રક્ષણ કરો,અચ્યુત ભગવાન તારી કેડનું રક્ષણ કરો,હયગ્રીવભગવાન તારા પેટની,કેશવ ભગવાન હૃદય ની,ઈશભગવાન તારા વક્ષ:સ્થળ ની,સૂર્ય ભગવાન કંઠની વિષ્ણુ ભગવાન ભુજાની,વામન ભગવાન મુખારવિંદની અને ઈશ્વર તારા મસ્તકની રક્ષા કરે!મારો કનૈયો રમવાજાય ત્યારે ગોવિંદ ભગવાન તેનું રક્ષણ કરો. મારો કનૈયો સૂતો હોય ત્યારે માધવ ભગવાન તેનું રક્ષણ કરો.તે બેઠો હોય ત્યારે લક્ષ્મીપતિ તેનું રક્ષણ કરો!ગોપીઓ જાણતીનથી કે,જે માધવરાયને હું રક્ષા કરવાનું કહું છું તે જ તો કનૈયો છે. ગોપીઓ છેવટે કહે છે,ભગવાન નારાયણનું નામ સદા સર્વદા બાલ કૃષ્ણનું રક્ષણ કરો!પછી યશોદાને કહે છે મા,કનૈયાને હવે ધવડાવો.તે બરા બર ધાવશે તો માનશું કે તેના પેટ માં બીક નથી બાલકૃષ્ણ સ્તનપાન કરે છે.ગોપીઓને આનંદ થાય છે. મથુરાથી નંદબાબા ચતુર્દશીના સાયંકાળે ગોકુળમાં આવ્યા. પૂતનાના શરીરને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો.શ્રીકૃષ્ણના કાલ્પ નિક સ્વરૂપનું ચિંતન કરતાં પ્રાણ ત્યાગ કરનાર યોગીને મુક્તિ મળે છે,તો સાક્ષાત્ પરમાત્માનાં દર્શન કરનારને સદગતિ મળે તેમાં શું આશ્ચર્ય?શ્રી કૃષ્ણ દયાળુ છે.ઝેર આપનારીને પણ યશોદા જેવી સદગતિ આપી છે ઈશ્વરના છ ગુણો છે.છ દોષ વાળી પૂતનાને છ ગુણોવાળા ભગવાન છઠ્ઠે દિવસે મારે છે. પૂતનાના છ દોષ, કામ,ક્રોધ,લોભ, મોહ,મદ અને મત્સર.પૂતનામાંથી આ દોષો ઉત્પન્ન થાય છે. ભગવાનના છ ગુણો ઐશ્વર્ય,વીર્ય યશ,શ્રી,જ્ઞાન અને વૈરાગ્ય ભગવાનના એક-એક સદગુણને હૃદયમાં મનુષ્ય ઉતારે તો એક-એક દોષ દૂર થાય.

ભગવાનનું ધામ ચિન્મય ધામ છે. ચિન્મયધામમાં ક્યારે પ્રવેશ મળે? જ્યારે વાસનાનો નાશ થાય,ત્યારે ચિન્મય ધામમાં પ્રવેશ મળે છે. ઈન્દ્રિયોને શ્રીકૃષ્ણ લીલામાં તરબોળ કરો.પરમાત્માની સન્મુખ કરો.દીકરાએ કહ્યું, તેને છોડી દો, તેણે પણ પ્રાર્થના કરી પણ તમે તેની એક પણ પ્રાર્થના સાંભળી નહીં.કદાચ તેનું હૃદય શુદ્ધ નથી, તેથી તેને તેનું પરિણામ ભોગવવા દો. આકાશમાંથી અવાજ આવ્યો, 'શું તમને ખબર છે કે તમારા પિતા એ શું પ્રાર્થના કરી હતી?'દીકરા એ કહ્યું,'ના.'આકાશમાંથીઅવાજ આવ્યો,તો સાંભળો,તમારા પિતા એ ફક્ત એક જ પ્રાર્થના કરી. 'હે ભગવાન!મારો દીકરો તમારી પાસે થી જે કંઈ માંગે છે, તે કૃપા કરીને તેને આપો કારણકે હું તેને દુઃખમાં જોઈ શકતો નથી અને જો મારો મરવાનો વારો છે,તો મારે પહેલા મરવું જોઈએ'અને તમને જે કંઈ મળી રહ્યું છે તે તેની પ્રાર્થનાનું પરિણામ છે. દીકરો ખૂબ શરમાઈ ગયો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે અહીં અટકીએ અસ્તુ. ભગવાનનું ધામ ચિન્મય ધામ છે. ચિન્મયધામમાં ક્યારે પ્રવેશ મળે? જ્યારે વાસનાનો નાશ થાય,ત્યારે ચિન્મય ધામમાં પ્રવેશ મળે છે. ઈન્દ્રિયોને શ્રીકૃષ્ણ લીલામાં તરબોળ કરો. પરમાત્માની સન્મુખ કરો. દીકરાએ કહ્યું, તેને છોડી દો, તેણે પણ પ્રાર્થના કરી પણ તમે તેની એક પણ પ્રાર્થના સાંભળી નહીં.કદાચ તેનું હૃદય શુદ્ધ નથી, તેથી તેને તેનું પરિણામ ભોગવવા દો.આકાશમાંથી અવાજ આવ્યો, 'શું તમને ખબર છે કે તમારા પિતા એ શું પ્રાર્થના કરી હતી?'દીકરા એ કહ્યું,'ના.'આકાશમાંથીઅવાજ આવ્યો,તો સાંભળો,તમારા પિતા એ ફક્ત એક જ પ્રાર્થના કરી. 'હે ભગવાન!મારો દીકરો તમારી પાસે થી જે કંઈ માંગે છે, તે કૃપા કરીને તેને આપો કારણકે હું તેને દુઃખમાં જોઈ શકતો નથી અને જો મારો મરવાનો વારો છે,તો મારે પહેલા મરવું જોઈએ'અને તમને જે કંઈ મળી રહ્યું છે તે તેની પ્રાર્થનાનું પરિણામ છે. દીકરો ખૂબ શરમાઈ ગયો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રીશ્રી ડૉ. મનીષાબેન વકીલે 'મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલ'નો શુભારંભ કરાવ્યો

## સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 03 ફેબ્રુઆરી સુધી 140 મહિલા કારીગરોની કલા-કૃતિઓનું પ્રદર્શન-સહ-વેચાણ






**અમદાવાદ, તા. 29**

મહિલાઓની આર્થિક સદ્ધરતા અને સામાજિક સુરક્ષાને પ્રોત્સાહન આપવાના ઉમદા આશય સાથે, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. (મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય) દ્વારા અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ગ્રાઉન્ડ ખાતે 'મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન-સહ-વેચાણ મેળાનો મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રીશ્રી ડૉ. મનીષાબેન વકીલે શુભારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ ઉદ્‌ઘાટન બાદ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને મહિલા કારીગરો દ્વારા તૈયાર કરાયેલ વિવિધ ચીજવસ્તુઓ નિહાળી હતી તથા મહિલા કારીગરોને પ્રોત્સાહિત કર્યા હતા. 'મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલ'ના શુભારંભ પ્રસંગે મહિલા અને બાળ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકર, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના એમ.ડી.શ્રી પી. એ.નિનામા, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના જનરલ મેનેજર શ્રી રીટા પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે 'મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલ'નું આયોજન ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ થી ૦૩ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન સવારે ૧૧:૦૦ થી રાત્રિના ૧૧:૦૦ કલાક સુધી બ્લોક ડી અને ઇ, સાબરમતી રિવરફ્રન્ટ ગ્રાઉન્ડ, આશ્રમ રોડની પાછળ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યભરમાંથી અંદાજે ૧૪૦ જેટલી મહિલા કારીગરો પોતાના હસ્તકલાના નમૂનાઓ સાથે સહભાગી થઈ છે. આ મેળામાં 'વોકલ ફોર લોકલ'ના સૂત્રને સાકાર કરતી વિવિધ ચીજવસ્તુઓ જેવી કે હાથશાળ, હસ્તકલા, માટીકામ, મોતીકામ, ચર્મકામ, વાંસકામ, પટોળા, બાંધણી, કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટ, પેચવર્ક, ટાંગલીયા, મશરૂ, કલમકારી, કાષ્ઠકલા અને ટેરાકોટા જેવી વસ્તુઓનું સીધું વેચાણ કરવામાં આવી રહ્યું છે. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા મહિલા કારીગરોને સીધું બજાર પૂરું પાડવાના પ્રયાસોના ભાગરૂપે ગત વર્ષે રાજ્યમાં કુલ ૧૬ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭૩૯ મહિલા કારીગરોએ ૩૫૪.૭૭ લાખનું વેચાણ કર્યું હતું. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં પણ રાજકોટ, ગાંધીનગર અને મોરબી ખાતે યોજાયેલા મેળાઓમાં ૨૪૦ મહિલા કારીગરોએ ૯૭.૦૦ લાખનું વેચાણ કરી આર્થિક પગભર થવાની દિશામાં મક્કમ ડગ માંડ્યા છે. આગામી સમયમાં રાજ્યમાં અન્ય સ્થળોએ પણ આવા પ્રદર્શન મેળાનું આયોજન કરવામાં આવનાર છે.

અમદાવાદના શહેરીજનોને આ મેળાની મુલાકાત લઈ, 'ઘર ઘર સ્વદેશી' અભિયાનને વેગ આપવા અને મહિલા કારીગરોને પ્રોત્સાહિત કરવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે. જેમાં રાજ્યભરમાંથી અંદાજે ૧૪૦ જેટલી મહિલા કારીગરો પોતાના હસ્તકલાના નમૂનાઓ સાથે સહભાગી થઈ છે. આ મેળામાં 'વોકલ ફોર લોકલ'ના સૂત્રને સાકાર કરતી વિવિધ ચીજવસ્તુઓ જેવી કે હાથશાળ, હસ્તકલા, માટીકામ, મોતીકામ, ચર્મકામ, વાંસકામ, પટોળા, બાંધણી, કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટ, પેચવર્ક, ટાંગલીયા, મશરૂ, કલમકારી, કાષ્ઠકલા અને ટેરાકોટા જેવી વસ્તુઓનું સીધું વેચાણ કરવામાં આવી રહ્યું છે. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા મહિલા કારીગરોને સીધું બજાર પૂરું પાડવાના પ્રયાસોના ભાગરૂપે ગત વર્ષે રાજ્યમાં કુલ ૧૬ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭૩૯ મહિલા કારીગરોએ ૩૫૪.૭૭ લાખનું વેચાણ કર્યું હતું. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં પણ રાજકોટ, ગાંધીનગર અને મોરબી ખાતે યોજાયેલા મેળાઓમાં ૨૪૦ મહિલા કારીગરોએ ૯૭.૦૦ લાખનું વેચાણ કરી આર્થિક પગભર થવાની દિશામાં મક્કમ ડગ માંડ્યા છે. આગામી સમયમાં રાજ્યમાં અન્ય સ્થળોએ પણ આવા પ્રદર્શન મેળાનું આયોજન કરવામાં આવનાર છે. અમદાવાદના શહેરીજનોને આ મેળાની મુલાકાત લઈ, 'ઘર ઘર સ્વદેશી' અભિયાનને વેગ આપવા અને મહિલા કારીગરોને પ્રોત્સાહિત કરવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે.

# હિમ્મતનગર-ખેડબ્રહ્મા નવનિર્મિત બ્રોડગેજ રેલખંડનું 25 કેએવી એ.સી. વિદ્યુતીકરણ પૂર્ણ, વિદ્યુત ટ્રેન સંચાલનને મંજૂરી મળી

**અમદાવાદ રેલ્વે - તા. 29**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળની હિમ્મતનગર અને ખેડબ્રહ્માને જોડતી ઐતિહાસિક મીટર ગેજ રેલવે લાઈન, જે એક સદી કરતાં વધુ સમયથી સાબરકાંઠા વિસ્તારની જીવનરેખા રહી હતી, હવે આધુનિક બ્રોડ ગેજ સ્વરૂપમાં ફરીથી ખુલવા જઈ રહી છે. હિમ્મતનગરથી ખેડબ્રહ્મા વચ્ચે 55.672 કિમી નવનિર્મિત બ્રોડ ગેજ રેલખંડનું 25 કેવી, 50 હર્ટ્ઝ, એ.સી. ઈલેક્ટ્રિક ટ્રેક્શન પ્રણાલી સાથે ઈલેક્ટ્રિફિકેશન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે. હિમ્મતનગર-ખેડબ્રહ્મા મીટર ગેજ સેક્શન પર 01 જાન્યુઆરી 2017થી રેલ યાતાયાત બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હિમ્મતનગર-ખેડબ્રહ્મા ગેજ પરિવર્તન પ્રોજેક્ટ, જે ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં 55 કિમીથી વધુની દૂરીને આવરી લે છે, આ પ્રોજેક્ટને 2 જૂન 2022ના રોજ 482 કરોડની કિંમતે મંજૂરી મળી હતી. માનનીય પ્રધાનમંત્રી જી દ્વારા 18 જૂન 2022ના રોજ આ ગેજ પરિવર્તનનું શિલાન્યાસ કરવામાં આવ્યું હતું, જેને લગભગ 3 વર્ષના રેકોર્ડ સમયમાં પૂર્ણ કરીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. પશ્ચિમ રેલવેના મુખ્ય મુખ્ય ઈલેક્ટ્રિક એન્જિનિયર (PCEE) શ્રી રજનીશ કુમાર ગોયલ, IRSEE દ્વારા 28 જાન્યુઆરી 2026ના રોજ આ સેક્શન ને યાત્રી અને માલગાડી સેવાઓ માટે વિદ્યુત એન્જિનોના સંચાલન હેતુ અધિકૃત કરી દેવામાં આવ્યો છે. આ ખંડ પર ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE), ટ્રેક્શન સબ-સ્ટેશન, સેક્શનિંગ અને પેરેલલિંગ પોસ્ટ, બોન્ડિંગ અને અર્થિંગ વ્યવસ્થા તથા સિગ્નલિંગ અને દૂરસંચાર પ્રણાલીઓ સાથે આ સમન્વય જેવા બધા તકનીકી કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ સેક્શન પર 08 જાન્યુઆરી 2026ના રોજ ઈલેક્ટ્રિક લોકોનો સફળ ટ્રાયલ કરવામાં આવ્યો હતો. PCEE તથા અમદાવાદ મંડળ અને નિર્માણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા વિગતવાર તપાસ પછી રેલવે (Opening for Public Carriage of Passengers) નિયમોના પ્રાવધાનો હેઠળ આ ખંડને વિદ્યુત સંચાલન હેતુ મંજૂરી આપવામાં આવી છે. આ ખંડ પર વિદ્યુત એન્જિનનો સફળ પરીક્ષણ પણ કરવામાં આવ્યું, જેમાં OHE, વિદ્યુત આપુર્તિ વ્યવસ્થા, ટર્નઆઉટ, ક્રોસઓવર તથા અન્ય સુરક્ષા અને સંરક્ષણ પ્રણાલીઓની કાર્યક્ષમતા ઠીક મળી છે. આ વિદ્યુતીકરણથી ઈંધણની બચત, પર્યાવરણ સંરક્ષણ, માલ ઢુલાઈ ક્ષમતામાં વધારો, યાત્રી ગાડીઓની વધુ સારી ગતિ અને ત્વરણ તથા સંચાલન ખર્ચમાં ઘટાડો જેવા મહત્વપૂર્ણ લાભ મળશે, જેનાથી વિસ્તારમાં સુરક્ષિત, કુશળ અને હરિત રેલ પરિવહનને પ્રોત્સાહન મળશે. આ પ્રોજેક્ટથી વિસ્તારમાં રેલ સંચાલન વધુ આધુનિક, પર્યાવરણ અનુકૂળ અને ઊર્જા કુશળ બનશે, જેનાથી યાત્રીઓને વધુ સારી સેવા અને માલ પરિવહનને ગતિ મળશે.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળની ત્રણ ટ્રેનોના સમયમાં પરિવર્તન

**અમદાવાદ રેલ્વે - તા. 29**

પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનોની ગતિમાં વધારો કરવા તથા સમયપાલનને વધુ સુધારવાના ઉદ્દેશ્યથી અમદાવાદ મંડળ ની ત્રણ ટ્રેનોના સમયમાં (સાબરમતીથી મહેસાણા વચ્ચે) આંશિક પરિવર્તન કરવામાં આવ્યો છે. આ પરિવર્તન 01 ફેબ્રુઆરી, 2026થી અમલમાં આવશે. જે નીચે મુજબ છે: 1. ટ્રેન સંખ્યા 12462 સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ સાબરમતીથી 16:45 વાગ્યાના બદલે 16:55 વાગ્યે પ્રસ્થાન કરશે તથા મહેસાણા સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય 17:28/17:30 વાગ્યાના બદલે 17:38/17:40 વાગ્યે રહેશે. 2. ટ્રેન સંખ્યા 12548 સાબરમતી-આગ્રા કેન્ટ એક્સપ્રેસ (સપ્તાહમાં 4 દિવસ)/ ટ્રેન સંખ્યા 22548 સાબરમતી-ગ્વાલિયર એક્સપ્રેસ (સપ્તાહમાં 4 દિવસ) સાબરમતીથી 16:55 વાગ્યાના બદલે 17:00 વાગ્યે પ્રસ્થાન કરશે તથા મહેસાણા સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય 17:40/17:42 વાગ્યાના બદલે 17:47/17:49 વાગ્યે રહેશે. 3. ટ્રેન સંખ્યા 79431 સાબરમતી-મહેસાણા ડેમુ સાબરમતીથી 17:05 વાગ્યાના બદલે 17:10 વાગ્યે પ્રસ્થાન કરશે તથા ચાંદખેડા 17:16/17:17 વાગ્યે, ખોડિયાર 17:22/17:23 વાગ્યે, કલોલ 17:32/17:33 વાગ્યે, ઝુલાસણ 17:42/17:43 વાગ્યે, ડાંગરવા 17:50/17:51 વાગ્યે, આંબલિયાસણ 17:57/17:58 વાગ્યે, જગુદણ 18:06/18:07 વાગ્યે અને મહેસાણા 18:28 વાગ્યે પહોંચશે. યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સ્ટોપેજ, સમય તથા સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# પ્રાકૃતિક ખેતીમાં પાક સંરક્ષણ માટે વિવિધ નિર્મિત દ્રાવણોના ઉપયોગ થકી પાક સંરક્ષણ અને મબલખ ઉત્પાદન મેળવી શકાય

**અમદાવાદ, તા. 29**

સામાન્ય રીતે પાક સંરક્ષણમાં રાસાયણિક દવાઓનો ઉપયોગ થાય છે,પરંતુ પ્રાકૃતિક ખેતીમાં પાક સંરક્ષણ માટે કોઇ પણ રાસાણિક દવાનો ઉપયોગ કરવામં આવતો નથી. પાક સંરક્ષણ અને તેની ઉત્પાદકતા વધારવા માટે પ્રાકૃતિક ખેતીમાં નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર,અગ્નિસ્ત્ર, ખાટી છાશ સહિતના જાતે બનાવાલે વસ્તુઓના દ્રાવણનો ઉપયોગ કરવામાં આવે છે. જે પૈકી નિમાસ્ત્રનો ઉપયોગ ચૂસિયા પ્રકારની જીવાત અને નાની ઈયળોના નિયંત્રણ માટે કરવામાં આવે છે, નિમાસ્ત્ર માટે 05 કિલોગ્રામ લીમડાના પાનની ચટણી,05 લિટર દેશી ગાયનું ગૌ મૂત્ર,01 કિલોગ્રામ દેશી ગાયનું ગોબર અને 100 લિટર પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. આ નિમાસ્ત્ર બનાવવા માટે 05 કિલો લીમડાના લીલા પાન અથવા 05 કિલો લીંબોળી લેવાની રહેશે, આ લીમડાના લીલા પાન કે લીંબોળીને ખાંડીને રાખવાની રહેશે. ત્યાર બાદ 100 લિટર પાણી લઈ તેમાં ખાંડીને તૈયાર કરેલ લીલા પાન કે લીંબોળીની ચટણીને પાણીમાં ઉમેરવાનું રહેશે. આ બધા દ્રાવણમાં 05 લિટર દેશી ગાયનું ગૌ મુત્ર નાખી તેમાં 01 કિલો દેશી ગાયનું ગોબર નાખી બરાબર મિશ્રણ કરવાનું હોય છે. આ મિશ્રણને બરાબર હલાવી બે દિવસ એટલે કે 48 કલાક સુધી રાખવાનું હોય છે.. ખેડૂત મિત્રોએ આ મિશ્રણને દૈનિક ત્રણ વાર હલાવી બરાબર મિશ્રણ કરવાનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

# ડાક સેવા, જન સેવા'ના વિઝન સાથે દેશના દરેક વ્યક્તિ સુધી સેવાઓ પહોંચાડતું ડાક વિભાગ – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**અમદાવાદ, તા. 29**

ડાક વિભાગ દેશના સામાજિક-આર્થિક વિકાસમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા વધુ મજબૂત બનાવતાં સતત આધુનિક ટેકનોલોજી, ડિજિટલ સોલ્યુશન્સ તથા નવીનતાઓ દ્વારા પોતાની સેવાઓનું વિસ્તરણ કરી રહ્યું છે. 'ડાક સેવા, જન સેવા'ના વિઝન સાથે વિભાગે પરંપરાગત ડાક પ્રણાલીથી આગળ વધી હાલમાં નાણાકીય સમાવેશ, લોજિસ્ટિક્સ, ઈ-કોમર્સ સહયોગ તથા ડિજિટલ સેવાઓના ક્ષેત્રમાં એક વિશ્વસનીય સંસ્થા તરીકે પોતાની ઓળખ સ્થાપિત કરી છે. ઉપરોક્ત વિચાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે સુરત મંડળની મુલાકાત દરમિયાન વ્યક્ત કરી. આ અવસરે તેમણે નાણાકીય વર્ષના બાકી રહેલા દિવસોમાં વ્યાપક અભિયાન ચલાવી વિવિધ સેવાઓમાં ફાળવાયેલા લક્ષ્યોની સિદ્ધિ પર ખાસ ભાર મૂક્યો. સાથે જ વિવિધ સેવાઓ સાથે સામાન્ય જનતાને જોડવા, જન ફરિયાદોના ઝડપી નિરાકરણ અને ગ્રાહકો પ્રત્યે સંવેદનશીલતા રાખવા ઉપર પણ ભાર મૂક્યો. તેમણે સુરત હેડ પોસ્ટ ઓફિસની મુલાકાત લઈ ત્યાં સ્વચ્છ, ગ્રાહક હિતલક્ષી અને સુવિધાજનક વાતાવરણ ઉપલબ્ધ કરાવવાના હેતુથી સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું. 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત પર્યાવરણ સંરક્ષણનો સંદેશ ફેલાવવા માટે નાનપુરા હેડ પોસ્ટ ઓફિસ ખાતે વૃક્ષારોપણ પણ કર્યું. સુરત મંડળના પ્રવર ડાક અધિક્ષક શ્રી યશ જૈને પોસ્ટમાસ્ટર જનરલનું સ્વાગત કરી સુરતમાં ડાક સેવાઓની પ્રગતિ, સિદ્ધિઓ તથા વિકાસ કાર્યો અંગે વિગતવાર માહિતી રજૂ કરી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગ નવીનતમ ટેકનોલોજી અપનાવી ડિજિટલ ઉપક્રમો અને આધુનિક સેવાઓ દ્વારા નાગરિકોના અનુભવને વધુ અસરકારક અને સુગમ બનાવી રહ્યું છે.

# માટીની મિઠાસ અને માનવીનું સ્વાસ્થ્ય બચાવવા મેદાને ઉતરેલા 'ગ્રીન કમાન્ડો'

## રાસાયણિક ખેતી સામે કુદરતી જંગ: ગુજરાતના ખેતરોમાં ફેલાઈ રહ્યો છે નિઃસ્વાર્થ સેવાનો લીલો રંગ

**અમદાવાદ, તા. 29**

ભારતના માન્ચેસ્ટર તરીકે જાણીતું અને ઔદ્યોગિક હબ ગણાતું અમદાવાદ હવે એક નવી ક્રાંતિનું કેન્દ્ર બની રહ્યું છે. આ ક્રાંતિ મશીનોની નથી, પણ માટીની છે. અમદાવાદ જિલ્લાની ફળદ્રુપ ધરતી પરથી આશરે પાંચ-છ વર્ષ પહેલાં એક નાનકડું બીજ રોપાયું હતું, જેનું નામ છે 'ગ્રીન કમાન્ડો'. આ કોઈ સરકારી યોજના નથી કે નથી કોઈ કોર્પોરેટ સંસ્થા, આ તો છે ખેડૂત પુત્રોનો એવો સમૂહ જેણે પર્યાવરણ અને ખેતીને કેમિકલના ઝેરમાંથી મુક્ત કરવાનો સંકલ્પ કર્યો છે. વિષ્ણુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદથી શરૂ થયેલું આ અભિયાન આજે ગાંધીનગર, મહેસાણા અને સુરેન્દ્રનગર સુધી પહોંચ્યું છે.

**ધરતીપુત્રોના સાચા માર્ગદર્શક અને સહાયક**

સામાન્ય રીતે ખેડૂત જ્યારે પ્રાકૃતિક ખેતી તરફ વળે ત્યારે તેને અનેક મુંઝવણો હોય છે. આ મુંઝવણો ઉકેલવા આશરે પાંચ-છ વર્ષ પહેલાં માત્ર ૩૫ સભ્યોએ હાથ મિલાવ્યા હતા, જે આંકડો આજે ૬૦૦ને વટાવી ગયો છે. અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જ્યારે રાસાયણિક ખાતરોનો પ્રભાવ વધ્યો, ત્યારે આ જૂથે જમીનનો કાર્બન વધારવા અને પી.એચ. આંક જાળવવા માટે પાયાનું કામ શરૂ કર્યું. આ જૂથના સભ્યો માને છે કે જો આપણે જમીનને સાચવીશું તો જ જમીન આપણને સાચવશે. ખેડૂતને માત્ર સલાહ આપવાને બદલે તેના ખેતર પર જઈને, તેના સોઈલ ટેસ્ટિંગ કરાવીને તેને જરૂરી કુદરતી તત્ત્વો પૂરા પાડવાની જવાબદારી આ ગ્રીન કમાન્ડો સેવાભાવે ઉપાડી રહ્યા છે.

**આધુનિક વિજ્ઞાન અને પ્રાકૃતિક ખેતીનો સમન્વય**

ખેતીનો ખર્ચ ઘટાડવો એ આ સમૂહનો મુખ્ય એજન્ડા છે. અમદાવાદના ઔદ્યોગિક પટ્ટાની નજીક હોવા છતાં, આ જૂથે ફેક્ટરીના ધુમાડાની વચ્ચે પણ કુદરતી દવાઓનું નિર્માણ કર્યું છે. ૪૦ જેટલી વિવિધ વનસ્પતિઓના અર્કમાંથી બનાવેલો 'દશપર્ણી અર્ક' આજે ગુજરાતના કોઈપણ ખૂણે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને વિનામૂલ્યે અપાય છે. ડીએપીના વિકલ્પ તરીકે ઉદયપુરથી રોક ફોસ્ફેટ લાવીને ખેડૂતોને પડતર કિંમતે 'પ્રોમ પ્લસ' ખાતર પૂરું પાડીને તેમણે સાબિત કર્યું છે કે જો દાનત હોય તો ખેતીનો ખર્ચ ચોક્કસ ઘટાડી શકાય છે. આ ઝુંબેશ હવે ખેડૂતો માટે આશાનું કિરણ બની છે. ખેતીનો ખર્ચ ઘટાડવો એ આ સમૂહનો મુખ્ય એજન્ડા છે. અમદાવાદના ઔદ્યોગિક પટ્ટાની નજીક હોવા છતાં, આ જૂથે ફેક્ટરીના ધુમાડાની વચ્ચે પણ કુદરતી દવાઓનું નિર્માણ કર્યું છે. ૪૦ જેટલી વિવિધ વનસ્પતિઓના અર્કમાંથી બનાવેલો 'દશપર્ણી અર્ક' આજે ગુજરાતના કોઈપણ ખૂણે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને વિનામૂલ્યે અપાય છે. ડીએપીના વિકલ્પ તરીકે ઉદયપુરથી રોક ફોસ્ફેટ લાવીને ખેડૂતોને પડતર કિંમતે 'પ્રોમ પ્લસ' ખાતર પૂરું પાડીને તેમણે સાબિત કર્યું છે કે જો દાનત હોય તો ખેતીનો ખર્ચ ચોક્કસ ઘટાડી શકાય છે. આ ઝુંબેશ હવે ખેડૂતો માટે આશાનું કિરણ બની છે.

**ગામડાની સમૃદ્ધિનો નવો માર્ગ**

અમદાવાદ જિલ્લાના ગજેન્દ્રસિંહ વાઘેલા જેવા ખેડૂતો માટે આ જૂથ એક આશીર્વાદ સમાન સાબિત થયું છે. અનાજ પકવ્યા પછી તેને વેચવા માટે શહેરના બજારોમાં ભટકવાને બદલે, ગ્રીન કમાન્ડો ગ્રાહકોને સીધા ખેડૂતના ખેતર સુધી લાવે છે. 'ફાર્મર ટુ ફેમિલી'ના કન્સેપ્ટથી ખેડૂતને પૂરા ભાવ મળે છે અને શહેરના લોકોને શુદ્ધ આહાર. આ પ્રક્રિયામાં ક્યાંય કોઈ કમિશન કે વચેટિયા હોતા નથી, જેના કારણે ખેડૂત આર્થિક રીતે સદ્ધર બની રહ્યો છે. અમદાવાદ જિલ્લાના ગજેન્દ્રસિંહ વાઘેલા જેવા ખેડૂતો માટે આ જૂથ એક આશીર્વાદ સમાન સાબિત થયું છે. અનાજ પકવ્યા પછી તેને વેચવા માટે શહેરના બજારોમાં ભટકવાને બદલે, ગ્રીન કમાન્ડો ગ્રાહકોને સીધા ખેડૂતના ખેતર સુધી લાવે છે. 'ફાર્મર ટુ ફેમિલી'ના કન્સેપ્ટથી ખેડૂતને પૂરા ભાવ મળે છે અને શહેરના લોકોને શુદ્ધ આહાર. આ પ્રક્રિયામાં ક્યાંય કોઈ કમિશન કે વચેટિયા હોતા નથી, જેના કારણે ખેડૂત આર્થિક રીતે સદ્ધર બની રહ્યો છે.

**પ્રકૃતિ સાથેનું અનુસંધાન**

ખેતીને જીવંત રાખવા માટે આ કમાન્ડોએ કેરળથી ડંખ વગરની મધમાખીઓ લાવીને ગુજરાતના ખેતરોમાં ગુંજતી કરી છે, જે કુદરતી પરાગનયનમાં મદદરૂપ થાય છે. તો બીજી તરફ ડાંગરના પાકમાં યુરિયાની જરૂરિયાત પૂરી કરવા માટે 'અઝોલા' જેવી વનસ્પતિનો પ્રસાર કર્યો છે. અમદાવાદ જિલ્લાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો હવે જાગૃત થયા છે અને જમીનમાં જીવંત બેક્ટેરિયા તેમજ છાણીયું ખાતર ઉમેરવાની પદ્ધતિ શીખી રહ્યા છે. આ નિઃસ્વાર્થ સેવાની સુવાસ હવે ધીમે ધીમે સમગ્ર ગુજરાતમાં ફેલાઈ રહી છે, જે આવનારી પેઢીને ઝેરમુક્ત ધરતી અને સ્વસ્થ જીવનની ભેટ આપશે. ખેતીને જીવંત રાખવા માટે આ કમાન્ડોએ કેરળથી ડંખ વગરની મધમાખીઓ લાવીને ગુજરાતના ખેતરોમાં ગુંજતી કરી છે, જે કુદરતી પરાગનયનમાં મદદરૂપ થાય છે. તો બીજી તરફ ડાંગરના પાકમાં યુરિયાની જરૂરિયાત પૂરી કરવા માટે 'અઝોલા' જેવી વનસ્પતિનો પ્રસાર કર્યો છે. અમદાવાદ જિલ્લાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો હવે જાગૃત થયા છે અને જમીનમાં જીવંત બેક્ટેરિયા તેમજ છાણીયું ખાતર ઉમેરવાની પદ્ધતિ શીખી રહ્યા છે. આ નિઃસ્વાર્થ સેવાની સુવાસ હવે ધીમે ધીમે સમગ્ર ગુજરાતમાં ફેલાઈ રહી છે, જે આવનારી પેઢીને ઝેરમુક્ત ધરતી અને સ્વસ્થ જીવનની ભેટ આપશે. ખેતીને જીવંત રાખવા માટે આ કમાન્ડોએ કેરળથી ડંખ વગરની મધમાખીઓ લાવીને ગુજરાતના ખેતરોમાં ગુંજતી કરી છે, જે કુદરતી પરાગનયનમાં મદદરૂપ થાય છે. તો બીજી તરફ ડાંગરના પાકમાં યુરિયાની જરૂરિયાત પૂરી કરવા માટે 'અઝોલા' જેવી વનસ્પતિનો પ્રસાર કર્યો છે. અમદાવાદ જિલ્લાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો હવે જાગૃત થયા છે અને જમીનમાં જીવંત બેક્ટેરિયા તેમજ છાણીયું ખાતર ઉમેરવાની પદ્ધતિ શીખી રહ્યા છે. આ નિઃસ્વાર્થ સેવાની સુવાસ હવે ધીમે ધીમે સમગ્ર ગુજરાતમાં ફેલાઈ રહી છે, જે આવનારી પેઢીને ઝેરમુક્ત ધરતી અને સ્વસ્થ જીવનની ભેટ આપશે.

# 'ન રિસ્પેક્ટ મળતી, ન તો સપોર્ટ': યુવરાજ સિંહે નિવૃત્તિનાં 6 વર્ષ પછી રિટાયરમેન્ટનું સાચું કારણ જણાવ્યું

## IPLમાં તેની છેલ્લી સિઝન મુંબઈ ઈન્ડિયન્સ સાથે હતી, જોકે એ સિઝનમાં તેને વધુ મેચ રમવાની તક મળી ન હતી

**મુંબઈ તા. 29**

ક્રિકેટર યુવરાજ સિંહે જૂન 2019માં ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા પાછળનું સાચું કારણ જણાવ્યું છે. ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા સાથેના એક પોડકાસ્ટમાં યુવરાજે કહ્યું હતું કે એ સમયે તેને ન તો રમતમાં આનંદ મળતો હતો, ન તો ટીમ મેનેજમેન્ટ અને વાતાવરણ તરફથી એ સન્માન મળતું હતું, જેનો તે હકદાર હતો.

44 વર્ષીય યુવરાજે કહ્યું, 'હું મારી રમતનો આનંદ માણી શકતો ન હતો. જ્યારે મજા જ નહોતી આવતી, ત્યારે મેં મારી જાતને સવાલ કરવાનું શરૂ કર્યું કે આખરે હું ક્રિકેટ શા માટે રમી રહ્યો છું. સપોર્ટ અને સન્માનની કમી અનુભવાઈ રહી હતી.'

વર્લ્ડ કપ 2019માં પસંદગી ન થવી ટર્નિંગ પોઈન્ટ બની યુવરાજે ઈન્ટરનેશનલ ક્રિકેટ અને ઈન્ડિયન પ્રીમિયર લીગ બંનેમાંથી એ સમયે નિવૃત્તિ લીધી, જ્યારે તેને 2019માં વન-ડે વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં સ્થાન ન મળ્યું. ટીમમાં નંબર-4 સ્લોટને લઈને ચર્ચા હતી અને યુવરાજને પોતાના અનુભવના આધારે આશા હતી, પરંતુ પસંદગી ન થયા પછી તેણે મુંબઈમાં પ્રેસ-કોન્ફરન્સ કરીને નિવૃત્તિની જાહેરાત કરી દીધી.

IPLમાં તેની છેલ્લી સિઝન મુંબઈ ઈન્ડિયન્સ સાથે હતી, જોકે એ સિઝનમાં તેને વધુ મેચ રમવાની તક મળી ન હતી. યુવરાજે સ્વીકાર્યું કે જ્યારે તમે



માનસિક રીતે રમતનો આનંદ માણવાનું બંધ કરી દો છો ત્યારે મેદાન પર પ્રદર્શન કરવું વધુ મુશ્કેલ બની જાય છે.

આજે પોતાના નિર્ણયથી ખુશ છે યુવરાજ યુવરાજ સિંહે સ્પષ્ટ કર્યું કે સંન્યાસ લીધા પછી તેને માનસિક શાંતિ મળી. તેણે સ્વીકાર્યું કે ક્રિકેટે તેને ઘણું બધું આપ્યું, પરંતુ યોગ્ય સમયે અટકવું પણ જરૂરી હોય છે.

યુવરાજે કહ્યું, 'હું માનસિક અને શારીરિક રીતે થાકી ગયો હતો. એ વિચારીને પરેશાન હતો કે હું શું સાબિત કરવા માટે રમી રહ્યો છું. જે દિવસે મેં ક્રિકેટ છોડી એ જ દિવસે મને લાગ્યું કે મેં ફરીથી પોતાને શોધી લીધો છે.' આજે પોતાના નિર્ણયથી ખુશ છે યુવરાજ યુવરાજ સિંહે સ્પષ્ટ કર્યું કે સંન્યાસ લીધા પછી તેને માનસિક શાંતિ મળી. તેણે સ્વીકાર્યું કે ક્રિકેટે તેને ઘણું બધું આપ્યું, પરંતુ યોગ્ય સમયે અટકવું પણ જરૂરી હોય છે.

યુવરાજે કહ્યું, 'હું માનસિક અને શારીરિક રીતે થાકી ગયો હતો. એ વિચારીને પરેશાન હતો કે હું શું સાબિત કરવા માટે રમી રહ્યો છું. જે દિવસે મેં ક્રિકેટ છોડી એ જ દિવસે મને લાગ્યું કે મેં ફરીથી પોતાને શોધી લીધો છે.' એક ક્રિકેટરે પિતાને કહ્યું હતું કે યુવરાજમાં પ્રતિભા નથી યુવરાજે પોતાના શરૂઆતી દિવસોને યાદ કરતાં જણાવ્યું કે એક સમય એવો પણ હતો, જ્યારે તેની ક્ષમતા પર શંકા કરવામાં આવી હતી. તેણે જણાવ્યું, 'જ્યારે હું 13-14 વર્ષનો હતો ત્યારે એક સિનિયર ખેલાડી (જે-તે સમયે ટીમ ઈન્ડિયા માટે રમી રહ્યો હતો) એ મારા પિતાને કદાચ ઔપચારિકતામાં કંઈક કહ્યું હતું. તેમને લાગ્યું હશે કે મારામાં એટલી પ્રતિભા નથી. મેં તેને વ્યક્તિગત રીતે લીધું ન હતું, પરંતુ મારા પિતાને આ વાત ખૂબ જ ખરાબ લાગી હતી.' આજે પોતાના નિર્ણયથી ખુશ છે યુવરાજ યુવરાજ સિંહે સ્પષ્ટ કર્યું કે સંન્યાસ લીધા પછી તેને માનસિક શાંતિ મળી. તેણે સ્વીકાર્યું કે ક્રિકેટે તેને ઘણું બધું આપ્યું, પરંતુ યોગ્ય સમયે અટકવું પણ જરૂરી હોય છે. યુવરાજે કહ્યું, 'હું માનસિક અને શારીરિક રીતે થાકી ગયો હતો. એ વિચારીને પરેશાન હતો કે હું શું સાબિત કરવા માટે રમી રહ્યો છું. જે દિવસે મેં ક્રિકેટ છોડી એ જ દિવસે મને લાગ્યું કે મેં ફરીથી પોતાને શોધી લીધો છે.' એક ક્રિકેટરે પિતાને કહ્યું હતું કે યુવરાજમાં પ્રતિભા નથી યુવરાજે પોતાના શરૂઆતી દિવસોને યાદ કરતાં જણાવ્યું કે એક સમય એવો પણ હતો, જ્યારે તેની ક્ષમતા પર શંકા કરવામાં આવી હતી. તેણે જણાવ્યું, 'જ્યારે હું 13-14 વર્ષનો હતો ત્યારે એક સિનિયર ખેલાડી (જે-તે સમયે ટીમ ઈન્ડિયા માટે રમી રહ્યો હતો) એ મારા પિતાને કદાચ ઔપચારિકતામાં કંઈક કહ્યું હતું. તેમને લાગ્યું હશે કે મારામાં એટલી પ્રતિભા નથી. મેં તેને વ્યક્તિગત રીતે લીધું ન હતું, પરંતુ મારા પિતાને આ વાત ખૂબ જ ખરાબ લાગી હતી.'

## ચોથી મેચમાં ન્યૂઝીલેન્ડે ભારતને 50 રનથી હરાવ્યું : સેન્ટનરે 3 વિકેટ ઝડપી, ટિમ સેફર્ટે 62 રન બનાવ્યા

**મુંબઈ તા. 29**

ન્યૂઝીલેન્ડે T20 સિરીઝની ચોથી મેચમાં ભારત પર 50 રનથી જીત મેળવી છે. બુધવારે 216 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી ટીમ ઈન્ડિયા 18.4 ઓવરમાં 165 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. વિશાખાપટ્ટનમમાં જીત બાદ ન્યૂઝીલેન્ડે સિરીઝમાં 1-3થી વાપસી કરી છે. છેલ્લી મેચ 31 જાન્યુઆરીએ તિરુવનંતપુરમમાં રમાશે. શિવમ દુબેએ 23 બોલ પર 65 રનની ઈનિંગ રમી. જ્યારે રિંકુ સિંહે 39 અને સંજુ સેમસને 24 રન બનાવ્યા. બાકીના બેટર્સ ડબલ ડિજિટ સુધી પણ પહોંચી શક્યા નહીં.



## દુબેની ભારત માટે ત્રીજી સૌથી ફાસ્ટેસ્ટ ફિફ્ટી : 101 મીટર લાંબી સિક્સ પણ ફટકારી, રિન્કુએ ચાર કેચ પકડ્યા



**મુંબઈ તા. 29**

ન્યુઝીલેન્ડે ટી-20 સીરીઝની ચોથી મેચમાં ભારતને 50 રનથી હરાવ્યું. વિશાખાપટ્ટનમમાં 216 રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ 18.4 ઓવરમાં 165 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. આ હાર છતાં ભારત માટે સૌથી મોટો સકારાત્મક પાસું શિવમ દુબે રહ્યો. તેણે માત્ર 16 બોલમાં ફિફ્ટી ફટકારીને ટી-20 ઈન્ટરનેશનલમાં ભારત તરફથી ત્રીજી સૌથી ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ પોતાના નામે કર્યો. ઈનિંગ્સના પહેલા જ બોલ પર તેણે 101 મીટર લાંબો છગ્ગો ફટકાર્યો. ફિલ્ડિંગમાં રિંકુ સિંહ છવાઈ ગયો. તેણે મેચમાં ચાર શાનદાર કેચ ઝડપીને ઈતિહાસ રચ્યો અને એક ઈનિંગ્સમાં ચાર કેચ કરનાર ભારતના બીજા આઉટફિલ્ડર બન્યો.

1. દુબેની ભારત માટે ત્રીજી સૌથી ઝડપી ફિફ્ટી શિવમ દુબેએ ભારત માટે ત્રીજી સૌથી ઝડપી ટી-20 ફિફ્ટી ફટકારી. તેણે 15મા બોલ પર સિક્સ લગાવીને ફિફ્ટી પૂરી કરી. આ પહેલા આ જ સિરીઝમાં અભિષેક શર્માએ માત્ર 14 બોલમાં ફિફ્ટી ફટકારીને બીજી સૌથી ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ બનાવ્યો હતો. ભારત માટે T20Iમાં સૌથી ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ યુવરાજ સિંહના નામે છે, જેમણે 2007 ટી-20 વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે 12 બોલમાં ફિફ્ટી ફટકારી હતી.

2. હેનરી બીજા બોલર જેમણે સિરીઝમાં બંને ઓપનરોને પહેલી બોલ પર આઉટ કર્યા મેટ હેનરી ટી-20 ઈન્ટરનેશનલ ઈતિહાસમાં બીજા એવા બોલર બની ગયા છે, જેમણે એક જ સિરીઝમાં બે વાર કોઈ ટીમના ઓપનરને ઈનિંગ્સના પહેલા બોલ પર આઉટ કર્યા. આ જ સિરીઝમાં હેનરીએ પહેલા ગુવાહાટીમાં સંજુ સેમસનને અને પછી વિશાખાપટ્ટનમમાં અભિષેક શર્માને પહેલી જ બોલ પર પેવેલિયન ભેગા કર્યા. આ પહેલાં આવું પરાક્રમ 2023માં નોર્ડિક T20 કપ દરમિયાન અબ્દુલ નાસિર બલૂચ (સ્વીડન) એ કર્યુ હતું.



■ રામ ચરણની ફિલ્મ 'પેદ્દી'ના એક આઈટમ સોન્ગ માટે તેને ફાઈનલ કરવાની ચર્ચા છે.

## મૃણાલ ઠાકુર અને દુલકિર સલમાન ફરી કોઈ પ્રોજેક્ટમાં સાથે આવશે

**મુંબઈ તા. 29**

મુંબઈ : મૃણાલ ઠાકુર અને દુલકિર સલમાનની એક તસવીર વાયરલ થઈ છે. તેના પરથી બન્ને ફરી સાથે કામ કરશે તેવી અટકળ થઈ રહી છે. વાયરલ થયેલી તસવીરમાં બન્ને જણા એક છત્રી પકડીને સાથે જોવા મળ્યા હતા. આ પરથી લોકોમાં અટકળો શરુ થઈ છે કે આ જોડી 'સીતા રામન ટુ'માં સાથે જોવા મળશે કે પછી કોઈ નવા પ્રોજેક્ટ માટે ભેગા થયા છે ? સાથેસાથે અફવા એવી પણ છે કે, મૃણાલ અને દુલકર એક નવા પ્રોજેક્ટમાં સાથે જોવા મળશે જે એક સાયન્સ ફિકશન થ્રિલર હશે. જોકે હજી સુધી સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. મૃણાલને એક પછી એક નવા પ્રોજેક્ટ મળી રહ્યા છે. રામ ચરણની ફિલ્મ 'પેદ્દી'ના એક આઈટમ સોન્ગ માટે તેને ફાઈનલ કરવાની ચર્ચા છે. આ સોન્ગ માટે રશ્મિકા મંદાનાને ઓફર આપવામાં આવી હતી જે તેણે સ્વીકારી નહોતી. તેથી આ ગીત માટે મૃણાલ ઠાકુરનું નામ ચર્ચામાં છે. ઉલ્લેખનીય છે કે, 'સીતા રામન' ફિલ્મ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી. જેમાં આ જોડીએ કામ કર્યું હતું. તેથી ફરી તેઓ આ ફિલ્મની સીકવલ માટે સાથે આવી રહ્યા હોવાની અટકળ થઈ રહી છે. જોકે સીતા રામનના નિર્માતા વિજયંતી મૂવીઝે હાલ આ ફિલ્મની સીકવલની કોઈ યોજના કરી ન હોવાની જાણકારી છે. થોડા દિવસો પહેલા મૃણાલ ઠાકુરે જણાવ્યું હતુ કે, તે એક તેલુગુ ફિલમ પર કામ કરી રહી હોવાથી ત વારંવાર હૈદરાબાદ જઈ રહી છે.

## અનન્યા પાંડેને ફ્રેકચર થયું, કોઈની ખરાબ નજર લાગ્યાનો દાવો



**મુંબઈ, તા. 29**

મુંબઈ : અનન્યા પાંડેને એક હાથમાં ફ્રેકચર થયું છે. તેણે સ્લિન્ગ સાથેનો ફોટો પોતે શેર કર્યો છે. જોકે, ઈજાની કોઈ વિગતો નથી આપી. અનન્યાની તસવીર જોઈ ચાહકોએ તેની ઈજા વિશે ચિંતા વ્યક્ત કરી હતી. અનન્યા પાંડે ને સોશયલ મીડિયા પર એકટિવ રહેતી હોય છે. તેણે હાલમાં જ પોતાની એક તસવીર શેર કરી હતી જેમાં તેનો હાથ સ્લિન્ગમાં જોવા મળ્યો હતો. સાથે તેણે કેપ્શાન લખ્યું છે કે, ૨૦૨૬માં તેને કોઈની ખરાબ નજર લાગી ગઈ હોવાથી શરૂઆત જ સારી થઈ નથી. જોકે તેણે ફ્રેકચર કઈ રીતે અને ક્યાં થયું હોવા વિશે કોઈ સ્પષ્ટતા કરી નથી. અનન્યા આ ઈજાના કારણે થોડા દિવસો આરામ કરે તેવી સંભાવના છે. આથી તેનાં શૂટિંગ શિડયૂલ ખોરવાઈ શકે છે. જોકે તેણે ફ્રેકચર કઈ રીતે અને ક્યાં થયું હોવા વિશે કોઈ સ્પષ્ટતા કરી નથી. અનન્યા આ ઈજાના કારણે થોડા દિવસો આરામ કરે તેવી સંભાવના છે.



## જાહ્નવી કપૂર અને જુનિયર એનટીઆરની દેવરા ટુ બંધ નથી થઈ

### આ ફિલ્મમાં જુનિયરએનટીઆર ડબલ રોલમાં હતો. અને સૈફઅલી ખાનની પણ મહત્વની ભૂમિકા હતી, જોકે, ફિલ્મ બહુ નબળી બની હોવાની ટીકા થઈ હતી. જાહ્નવી કપૂર, લક્ષ્ય લાલવાણી અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'લગ જા ગલે'નું શૂટિંગ ત્રણ મહિનાના એક જ શિડયૂલમાં આટોપાશે

**મુંબઈ તા. 29**

મુંબઈ : જુનિયર એનટીઆર અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'દેવરા'નો બીજો ભાગ બનશે તેવું તેના નિર્માતાએ કન્ફર્મ કર્યું છે. આ ફિલ્મ બે ભાગમાં રીલિઝ કરાશે તેવી જાહેરાત કરાઈ હતી. જોકે, ફિલ્મ 'દેવરા ૨૦૨૪' રીલિઝ થયા બાદ ફલોપ થઈ હતી. તે પછી તેના બીજા ભાગ વિશે કોઈ જ આવ્યું ન હતું. આથી 'દેવરા પાર્ટ ટુ' ડબ્બામાં બંધ થઈ ગઈ હોવાની અટકળો ચાલી હતી. પરંતુ હવે ફિલ્મસર્જકે સ્પષ્ટતા કરી છે કે,' દેવરા પાર્ટ ટુ 'ચોક્કસ બનશે. ૨૦૨૭માં આ ફિલ્મ પર કામ શરુ થશે. 'દેવરા' ફિલ્મ એક સમુદ્રી ડાકુ પર આધારિત હતી. આ ફિલ્મમાં જુનિયરએનટીઆર ડબલ રોલમાં હતો. અને સૈફઅલી ખાનની પણ મહત્વની ભૂમિકા હતી. ફિલ્મમાં જાહ્નવીનું સોંગ વાયરલ થયું હતું. જોકે, ફિલ્મ બહુ નબળી બની હોવાની ટીકા થઈ હતી. જાહ્નવી કપૂર, લક્ષ્ય લાલવાણી અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'લગ જા ગલે'નું શૂટિંગ ત્રણ મહિનાના એક જ શિડયૂલમાં આટોપાશે. ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ચૂક્યું છે અને હવે તેમાં કોઈ લાંબો બ્રેક નહિ આવે. આગામી માર્ચ સુધીમાં શૂટિંગ પૂર્ણ કરી દેવાશે. કરણ જોહર આ ફિલ્મ બનાવી રહ્યો છે. જોકે, તેણે પોતે ડિરેક્શન કરવાને બદલે રાજ મહેતાને ફિલ્મનું સુકાન સોંપ્યું છે. ફિલ્મમાં ટાઈગર શ્રોફ નેગેટિવ ભૂમિકા કરવાનો છે. ફિલ્મ માટે જાહ્નવી, લક્ષ્ય અને ટાઈગર ત્રણેયએ સળંગ તારીખો ફાળવી દીધી હોવાનું કહેવાય છે. કરણ જોહરના પ્લાનિંગ પ્રમાણે તે ૨૦૨૬નાં અંત પહેલાં આ ફિલ્મ રીલિઝ કરવા ધારે છે. કરણ જોહરે 'દોસ્તાના ટુ' માટે ફરી તૈયારી હાથ ધરી છે. અગાઉ મૂળ હિરો કાર્તિક આર્યનના સ્થાને વિક્રાંત મૈસી ગોઠવાયો હોવાની ચર્ચા હતી. હવે અપડેટ અનુસાર મૂળ હિરોઈન જાહ્નવી કપૂરને સ્થાને પ્રતિભા રાન્ટાને મુખ્ય ભૂમિકા ઓફર કરાઈ છે. આ ફિલ્મમાં પહેલા કાર્તિક આર્યન અને જાહ્નવી કપૂરની જોડી જોવા મળવાની હતી. જોકે, બોલીવૂડના વર્તુળોમાં ચર્ચા મુજબ આ ફિલ્મ વખતે જાહ્નવી અને કાર્તિક વચ્ચે અણબનાવ સર્જાયો હતો. કરણ જોહરે જાહ્નવીનો પક્ષ લઈ કાર્તિક પર અનપ્રોફેશનલ અભિગમનો આરોપ મૂક્યો હતો. ફિલ્મનું ૨૦ ટકા જેવું શૂટિંગ થઈ ચૂક્યું હોવા છતાં આ ફિલ્મ કરણે પડતી મૂકી દીધી હતી.

# સોના-ચાંદીના ભાવે તમામ રેકોર્ડ તોડી દીધા:ચાંદી 4 લાખને પાર, સોનામાં પણ એક જ દિવસમાં 16 હજારનો ઉછાળો...

મુંબઈ, તા.29

સોના અને ચાંદીમાં તેજી અટકવાનું નામ નથી લેતી. સોનાના ભાવમાં આજે 16,000 રૂપિયાનો ઉછાળો આવ્યો છે, જ્યારે ચાંદી 21,000 રૂપિયા વધીને 4 લાખ રૂપિયાને પાર પહોંચી ગઈ છે. એક તરફ, શેરબજારમાં ઘટાડો અટકતો નથી અને બીજી તરફ, સોના-ચાંદીમાં તોફાની તેજી ચાલુ છે. અત્યારસુધી સોનું માત્ર 3 હજારથી 5,000 રૂપિયા વધતું હતું, પરંતુ આજે સોનાએ રેકોર્ડ તેજી બતાવી છે. મલ્ટી કોમોડિટી માર્કેટમાં સોનું આશરે 16,000 રૂપિયા વધી ગયું છે, જ્યારે ચાંદીમાં પ્રતિ કિલો 20 હજાર રૂપિયાની તેજી આવી છે અને તેણે 4 લાખ રૂપિયાનો સ્તર પાર કરી લીધું છે. પહેલીવાર ચાંદીની કિંમત 4 લાખ રૂપિયાને પાર પહોંચી છે.

માર્ચ વાયદા માટે MCX પર ગુરુવારે ચાંદીનો ભાવ 21,276 રૂપિયા વધીને 4,06,642 રૂપિયા હતો, જે એનું ઓલટાઈમ હાઈ લેવલ છે. એવી જ રીતે 2 એપ્રિલ વાયદા માટે સોનું 15,900 રૂપિયા વધીને 1,93,096 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું. આટલી મોટી તેજીને જોતાં એક્સપર્ટ્સ રોકાણકારોને સાવચેત રહેવાની સલાહ આપી રહ્યા છે. સોના-ચાંદીમાં આવેલી આટલી મોટી તેજી પાછળ કયાં કારણો છે..? ચાલો જાણીએ



અઠવાડિયામાં કેટલું વધ્યું સોનું-ચાંદી? MCX પર 21 જાન્યુઆરીએ ચાંદીનો ભાવ 3.18 લાખ રૂપિયા પર હતો, જે હવે 88 હજાર રૂપિયા વધીને 4.05 લાખને પાર પહોંચી ગયો છે, જ્યારે સોનું 21 જાન્યુઆરીએ 1.60 લાખ રૂપિયા પર હતું, જે હવે 33 હજાર રૂપિયા વધીને 1.93 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

વધતા જતા ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે સતત સુરક્ષિત-સંરક્ષિત માગથી સોના અને ચાંદીમાં તેજીને સપોર્ટ મળી રહ્યો છે. યુએસ ફેડરલ રિઝર્વ બેંકે પણ વ્યાજદરો યથાવત્ રાખવાનો નિર્ણય લીધો છે, જેના કારણે સોના-ચાંદી અને અન્ય મેટલ્સમાં તેજીને ટેકો મળ્યો છે, સાથે જ એવા સંકેત પણ મળ્યા છે કે આગળ દરોમાં વધારાની કોઈ શક્યતા નથી, જેનાથી કીમતી ધાતુઓ પ્રત્યે રોકાણકારોનો રસ વધ્યો છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને ચેતવણી આપી રહ્યા છે કે તેમના પરમાણુ કાર્યક્રમ પર કરાર માટે વાટાઘાટો કરવાનો સમય પૂરો થઈ રહ્યો છે, આવી સ્થિતિમાં સુરક્ષિત રોકાણની માગ વધી ગઈ છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં સોનું અને ચાંદી પણ નવી રેકોર્ડ ઊંચાઈ પર પહોંચી ગયાં છે. હાજર સોનું આશરે 3% વધીને 5,591.61 ડોલરના રેકોર્ડ હાઈ પર પહોંચી ગયું છે. જ્યારે ચાંદી 1.3% વધીને 118.061 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગઈ છે.

બીજી તરફ ડોલરમાં મજબૂતી દેખાઈ રહી છે, પરંતુ રૂપિયો સતત ગગડી રહ્યો છે. આજે ડોલર સામે રૂપિયો તેના નવા રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો અને 92 રૂપિયાના સ્તરને પાર કરી ગયો.

હવે રોકાણકારોએ શું કરવું જોઈએ? એક્સપર્ટ્સનું કહેવું છે કે યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજદરો યથાવત્ રાખ્યા છે અને આગળ દરોમાં વધારાની કોઈ શક્યતા ન હોવાનો સંકેત આપ્યો છે, જે કીમતી ધાતુના ભાવોમાં તેજીને સપોર્ટ કરે છે. તેમનું કહેવું છે કે સોના અને ચાંદીમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે, પરંતુ ચાંદીને 98 ડોલર અને સોનાને 5000 ડોલર પર સપોર્ટ મળતો દેખાઈ રહ્યો છે.

એક્સપર્ટ્સે એ પણ જણાવ્યું હતું કે એવી અપેક્ષા છે કે અમેરિકી બેરોજગાર દાવાઓના આંકડા અને ચાલી રહેલા ભૌગોલિક રાજકીય તણાવ પહેલાં ડોલર ઈન્ડેક્સમાં ઉતાર-ચઢાવ વચ્ચે સોના અને ચાંદીમાં અસ્થિરતા જોવા મળી શકે છે. આવી સ્થિતિમાં રોકાણકારોએ સાવધ રહેવાની જરૂર છે અને અત્યારે નવા રોકાણથી બચવું જોઈએ. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

## સેન્સેક્સ 221 પોઈન્ટ વધીને 82,566 પર બંધ: નિફ્ટીમાં પણ 73 પોઈન્ટનો ઉછાળો



મુંબઈ, તા.29

29 જાન્યુઆરીના રોજ શેરબજારમાં તેજી જોવા મળી. સેન્સેક્સ 221 પોઈન્ટ વધીને 82,566 પર બંધ થયો. નિફ્ટી પણ લગભગ 73 પોઈન્ટ વધીને 25,416 પર બંધ થયો. આજના કારોબારમાં ઓટો, એફએમસીજી અને આઈટી શેરોમાં ઘટાડો થયો.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.79% વધીને 5,210 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.17% વધીને 53,448 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.54% વધીને 27,976 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 4,147 પર ફ્લેટ કારોબાર કરી રહ્યો છે.

28 જાન્યુઆરીએ અમેરિકન બજાર ડાઉ જોન્સ 0.02% વધીને 49,015 પર બંધ થયો. નાસ્ડેક ઈન્ડેક્સ 0.17% ઉપર અને S&P 500 0.08% ઘટીને બંધ થયા.

28 જાન્યુઆરીએ વિદેશી રોકાણકારો (FIIs) એ 880 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. જ્યારે ઘરેલુ રોકાણકારો (DII) એ 3,057 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે.

ડિસેમ્બર 2025 માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા હતા.

ગઈકાલે બજારમાં તેજી જોવા મળી હતી આ પહેલા ગઈકાલે એટલે કે 28 જાન્યુઆરીએ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 487 પોઈન્ટ વધીને 82,344 ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટી પણ 167 પોઈન્ટ વધ્યો, તે 25,342ના સ્તરે બંધ થયો હતો.

## યુરોપ સાથેના એફટીએ ભારત માટે ક્રેડિટ પોઝિટિવ બની રહેશે: મૂડી'ઝ

### મુકત વેપાર કરાર વિદેશી ઈન્વેસ્ટમેન્ટ ઉપરાંત ઉત્પાદનમાં વધારો કરાવશે

મુંબઈ, તા.29

ભારત તથા યુરોપિયન યુનિયન વચ્ચે થયેલા મુક્ત વેપાર કરાર (એફટીએ)ને કારણે ટેરિફમાં ઘટાડા અને સારા બજાર જોડાણથી વિદેશી ઈન્વેસ્ટમેન્ટ આકર્ષવામાં મદદ મળશે એટલું જ નહીં ઉત્પાદનમાં વધારો કરાવશે અને શ્રમલક્ષી ક્ષેત્રોમાં ભારતની નિકાસ સ્પર્ધાત્મકતા વધારશે જે ભારત માટે ક્રેડિટ પોઝિટિવ બની રહેશે, એમ મૂડી'ઝ રેટિંગ્સના એક રિપોર્ટમાં જણાવાયું છે.સદર કરાર હેઠળ યુરોપ ખાતે ભારતની ૯૩ ટકા નિકાસને ડયૂટી ફ્રી પ્રવેશ મળશે જ્યારે યુરોપ ખાતેથી વાઈન તથા લકઝરી કારની આયાત સસ્તી થશે. યુરોપ સાથે કરારથી ભારત તેના વેપાર સંબંધોમાં વૈવિધ્યતા લાવવાના પ્રયાસો કરે છે



તેનું પ્રતિબિંબ પડયું છે. કરારના અમલથી ભારત માટે તે ક્રેડિટ પોઝિટિવ બની રહેશે. નીચા ટેરિફ અને સારા બજાર જોડાણ ભારતમાં ઉત્પાદન ક્ષેત્રના વિકાસ કરવાના પ્રયાસને ટેકો મળી રહેશે એટલું જ નહીં વિદેશી ઈન્વેસ્ટમેન્ટ આકર્ષવામાં મદદ મળશે તથા શ્રમલક્ષી ક્ષેત્રની નિકાસ સ્પર્ધાત્મકતા વધારશે. યુરોપ ખાતેથી થનારી આયાતો પર નીચા ટેરિફને કારણે કિંમતો ઘટાડવામાં મદદ મળશે. ભારત વિશ્વની ત્રીજી મોટી કાર માર્કેટ છે ત્યારે કરારથી યુરોપના કાર ઉત્પાદકોને ભારતમાં તેમની કાર વેચવા માટે સરળ બજાર મળી રહેશે. જો કે આ મુક્ત વેપાર કરારની સફળતાનો આધાર વેપાર સરળતા અને નિયમનોને કેટલા હળવા કરવામાં આવે છે તેના પર રહેલી છે, એમ મૂડી'ઝ દ્વારા વધુમાં જણાવાયું છે. એક વખત કરારના અમલ થયા બાદ ભારતના સ્ટીલ અને ઓટો સિવાય મોટાભાગના પ્રોડકટસને યુરોપમાં ડયૂટી ફ્રી બજાર મળી રહેશે. બીજી ૬ ટકા નિકાસ પર ભારતના નિકાસકારોને ટેરિફમાં ઘટાડો તથા કવોટા આધારિત ડયૂટી કન્સેસન મળી રહેશે. ભારતના માલસામાન પર યુરોપમાં સરેરાશ ટેરિફ ૩.૮૦ ટકા છે અને તે હવે ઘટી ૦.૧૦ ટકા આવી જશે.

## LPGથી લઈને પાન-મસાલા અને સિગારેટ સુધી... 1 ફેબ્રુઆરીથી થશે 5 મોટા ફેરફાર

મુંબઈ, તા.29

જાન્યુઆરી મહિનો પૂર્ણ થવામાં હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે અને સામાન્ય બજેટ સાથે ફેબ્રુઆરી મહિનાની શરુઆત થશે. નવો મહિનો દેશમાં ઘણા ફેરફારો લઈને આવશે. આ ફેરફારની અસર 'દરેક ઘર, દરેક ખિસ્સા' પર જોવા મળશે. એક તરફ જ્યાં LPG સિલિન્ડરના નવા ભાવ જાહેર થશે, જે સીધા ઘરના રસોઈના બજેટ સાથે જોડાયેલા છે, તો બીજી તરફ પાન-મસાલા અને સિગારેટના શોખીનોને મોટો ઝટકો લાગશે. તો ચાલો 1 ફેબ્રુઆરી 2026થી લાગુ થવા જઈ રહેલા આવા જ 5 મોટા ફેરફારો વિશે જાણીએ.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દર મહિનાના પહેલા દિવસે LPG સિલિન્ડરના ભાવમાં સુધારો કરે છે અને 1 ફેબ્રુઆરી, 2026ના રોજ પણ LPGના નવા ભાવ પણ જાહેર કરવામાં આવશે. બજેટના દિવસે



રજૂ થનારા આ ભાવ પર દેશની નજર રહેશે અને લોકો આશા રાખી રહ્યા છે કે આ વખતે 14 કિલોગ્રામ વાળા ગેસ સિલિન્ડરના ભાવમાં સુધારો થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, 19 કિલોગ્રામ વાળા કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવ ઘણા સમયથી બદલાઈ રહ્યા છે અને ગત 1 જાન્યુઆરીએ રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં 14.50 રૂપિયાના ઘટાડા સાથે 1804 રૂપિયા થઈ ગયા હતા.

LPG સિલિન્ડરના ભાવમાં ફેરફારની સાથે જ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ 1 ફેબ્રુઆરીએ સુધારેલા એર ટર્બાઈન ઈંધણના ભાવ પણ જાહેર કરશે. ATF એટલે કે એવિએશન ટર્બાઈન ફ્યુઅલના ભાવમાં કોઈપણ ફેરફાર હવાઈ મુસાફરીના ખર્ચમાં ઉતાર-ચઢાવ કરનારો સાબિત થાય છે. ગત મહિનાની શરુઆતમાં 1 જાન્યુઆરીએ ATFના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો અને દિલ્હીમાં ATFના ભાવમાં લગભગ 7% ઘટાડો થયો હતો. આ ઉપરાંત CNG-PNGના ભાવમાં પણ ફેરફાર થવાની શક્યતા છે.

ત્રીજા ફેરફારની વાત કરીએ તો તે પાન-મસાલા અને સિગારેટ પ્રેમીઓને ઝટકો આપનારો છે. રિપોર્ટ પ્રમાણે દેશમાં 1 ફેબ્રુઆરી, 2026થી તમાકુ ઉત્પાદનો અને પાન મસાલા પર વધુ વધુ ટેક્સ લાદવામાં આવશે. સરકારે GST કમ્પેન્સેશન સેસના સ્થાને નવી એક્સાઈઝ ડ્યુટી અને સેસ નોટિફાઈડ કર્યો છે. તાજેતરના નોટિફિકેશન પ્રમાણે તમાકુ અને પાન-મસાલા પર નવો ટેક્સ લાગુ GST દરો ઉપરાંત લગાવવામાં આવશે. GST ઉપરાંત, પાન મસાલા પર આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા સેસ લાદવામાં આવશે, જેનાથી તેની કિંમતોમાં વધારો થશે.

1 ફેબ્રુઆરી, 2026થી FASTag યુઝર્સ માટે પણ નિયમો બદલાવા જઈ રહ્યા છે. વાસ્તવમાં NHAIએ 1 ફેબ્રુઆરીથી કાર, જીપ અને વાન માટે FASTag જારી કરવા માટે KYC વેરિફિકેશન પ્રોસેસ (KYC Discontinued) બંધ કરી દીધી છે. આ એક મોટી રાહત માનવામાં આવી રહી છે, જે નવા મહિનાના પહેલા જ દિવસથી જ મળશે.

ફેબ્રુઆરી મહિનાની શરુઆત રજાઓ સાથે થઈ રહી છે અને જો તમારે આવતા મહિને બૅન્ક સંબંધિત કોઈ મહત્ત્વપૂર્ણ કામ હોય તો ઘરેથી નીકળતા પહેલા બૅન્ક રજાઓની યાદી જોઈ લેવી. વાસ્તવમાં ભારતીય રિઝર્વ બૅન્કની વેબસાઈટ પર અપલોડ કરાયેલી યાદી પ્રમાણે સાત દિવસની સાપ્તાહિક રજા સહિત છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ જેવા અવસરો પર લગભગ 10 દિવસની રજાઓ જાહેર કરવામાં આવી છે.

## યુરોપમાં ભારતની ઇલેક્ટ્રોનિક્સ નિકાસમાં 37 ટકાનો જંગી વધારો

### નાણાકીય વર્ષ 2031 સુધીમાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન મૂલ્ય 500 બિલિયન સુધી પહોંચવાનું લક્ષ્ય

અમદાવાદ, તા.29

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં યુરોપમાં ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ પાછલા વર્ષની સરખામણીમાં ૩૭ ટકા વધીને ૧૧.૭૯ બિલિયન ડોલર થઈ છે. આમાં સ્માર્ટફોનનો હિસ્સો ૬૦ ટકાથી વધુ હતો. ઈલેક્ટ્રોનિક્સ સિવાય એન્જિનિયરિંગ ગુડ્સ અને પેટ્રોલિયમ ઉત્પાદનો બીજા ક્રમની સૌથી મોટી નિકાસ કોમોડિટી હતી.

યુએસની જેમ, એપલ, ઈયુ માં શૂન્ય આયાત ડયુટી ભોગવે છે. ભારતમાં એસેમ્બલ થયેલા આઈફોન અગાઉ મુખ્યત્વે નેધરલેન્ડ્સમાં મોકલવામાં આવતા હતા, જ્યાંથી તે સમગ્ર પ્રદેશમાં વિતરિત કરવામાં આવતા હતા. જો કે, આ પરિસ્થિતિ નાટકીય રીતે બદલાઈ ગઈ છે. હકીકતમાં,




એપલે હવે એપ્રિલ અને નવેમ્બર ૨૦૨૫-૨૬ (FY26) વચ્ચે ભારતથી યુએસમાં તેના શિપમેન્ટનો નોંધપાત્ર હિસ્સો સોર્સ કરવાનું શરૂ કર્યું છે. આના કારણે ઈયુ માં ભારતીય નિકાસના જથ્થા અને મૂલ્ય બંનેમાં ઘટાડો થયો છે.

પરિણામે, નાણાકીય વર્ષ ૨૬ ના એપ્રિલ અને નવેમ્બર વચ્ચે યુએસમાંથી આઈફોન નિકાસ ત્રણ ગણી વધીને ૧૨.૭ બિલિયન ડોલર થઈ હતી. આઈફોન નિકાસમાં ઘટાડો થયો હોવા છતાં, ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓએ ઈયુ માં નિકાસ વધારવાની મહત્વાકાંક્ષી યોજનાઓ જાળવી રાખી છે.

ઈન્ડિયન સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, આ કરાર ભારતના સ્થાનિક ઉત્પાદન-આધારિત સ્કેલથી વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ સાથે નિકાસ-લક્ષી એકીકરણ તરફના પરિવર્તનને અનુરૂપ છે. એસોસિએશને ૨૦૩૦-૩૧ (FY31) સુધીમાં મોબાઈલ ફોન, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી હાર્ડવેર સહિત તમામ ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રોના ટર્નઓવરને વર્તમાન સ્તરથી વધારવા યોજના તૈયાર કરી છે.

નિષ્ણાતો કહે છે કે ભારત નાણાકીય વર્ષ ૨૦૩૧ સુધીમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનના મૂલ્યને ૫૦૦ બિલિયન ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખે છે.

## ભારતીય બેંકોની સંપત્તિ ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો : NPA નીચલા સ્તરે

### તીવ્ર સ્પર્ધા, કડક નિયમન અને વૈશ્વિક આંચકાઓથી વધતા જોખમોનો સામનો કરી રહેલ બેંકિંગ ક્ષેત્ર

અમદાવાદ, તા.29

બેંકિંગ ક્ષેત્ર પરના તાજેતરના અભ્યાસ મુજબ, ભારતીય બેંકોની સંપત્તિ ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે, જેમાં સપ્ટેમ્બર ૨૦૨૫માં કુલ એનપીએ ૨.૨% ની આસપાસ બહુ-વર્ષના નીચલા સ્તરે આવી ગઈ છે. અનુસૂચિત વાણિજ્યિક બેંકોનો મૂડી પર્યાપ્તતા ગુણોત્તર મજબૂત રહ્યો હતો.

બેંકોએ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં મજબૂત મૂડી બફર જાળવી રાખ્યો હતો, જે નિયમનકારી લઘુત્તમ ૧૧.૫% થી ઘણો ઉપર હતો. રિપોર્ટમાં આગામી પાંચ વર્ષમાં ક્રેડિટ ગ્રોથ શ૧૦-૧૨% રહેવાનો અંદાજ છે, જેમાં જીડીપીના હિસ્સા તરીકે બેંકિંગ સંપત્તિઓમાં સતત વધારો થવાની અપેક્ષા છે તેમ ક્રેડિટ રેટિંગ




એજન્સી, બ્રિકવર્ક રેટિંગ્સએ એક રિપાર્ટમાં જણાવ્યું હતું.

રિટેલ, એમએસએમઈ અને સેવાઓ ધિરાણના મુખ્ય ચાલક છે, જેમાં હાઉસિંગ, વાહન/ગ્રાહક અને રોકડ પ્રવાહ-સમથત એસએમઈ ધિરાણ વૃદ્ધિ તરફ દોરી જાય છે. ખાનગી રોકાણમાં સરકારી મૂડીખર્ચ અને ખાસ કરીને માળખાગત સુવિધાઓ, નવીનીકરણીય ઊર્જા, શહેરી રિયલ એસ્ટેટ અને પસંદગીના ઉત્પાદનમાં નવા ઉધાર દ્વારા કોર્પોરેટ ધિરાણ વૃદ્ધિ ચલાવવાની અપેક્ષા છે.

બીજી બાજુ, આગામી પાંચ વર્ષોમાં થાપણ વૃદ્ધિ ૯-૧૧% પર રહેવાનો અંદાજ છે, જે સામાન્ય જીડીપી અને ક્રેડિટ વિસ્તરણને વ્યાપકપણે ટ્રેક કરે છે જ્યારે અગાઉના વર્ષોમાં જોવા મળેલા વિકાસથી નીચે રહે છે.

જ્યાં સુધી કોઈ મોટો માળખાકીય પરિવર્તન ન આવે ત્યાં સુધી ક્રેડિટ-ટુ-ડિપોઝિટ રેશિયો ૭૦ ના દાયકાના ઉચ્ચથી ૮૦ના દાયકાના નીચલા સ્તરમાં રહેવાની શક્યતા છે. જ્યાં સુધી બેંકો ફી આવક અને સંચાલન કાર્યક્ષમતામાં વધારો ન કરે ત્યાં સુધી ભંડોળ ખર્ચ અને ચોખ્ખા વ્યાજ માર્જિન પર દબાણ લાવશે.

## પર્સનાલિટી રાઈટ્સ : ડીપફેક અને એઆઈના આધુનિક દુષણને ડામવાનો જંગ

### સલમાન ખાન અને ચીની કંપની વચ્ચે અદાલતી જંગ : અમિતાભ, ઐશ્વર્યા, અભિષેક, અરિજિત સિંહ, અક્ષય કુમાર સહિતના અનેક સેલેબ્સ પણ પર્સનાલિટી રાઈટ્સ માટે કોર્ટના શરણે

મુંબઈ, તા.29

પર્સનાલિટી રાઈટ્સ માટે વધુ એક બોલિવૂડ સેલિબ્રિટીનો કાયદાકિય વિવાદ મોટો થયો છે. સલમાન ખાન અને ચીની એઆઈ કંપની વચ્ચે દિલ્હી હાઈકોર્ટમાં જંગ ચાલી રહ્યો છે. સલમાન ખાને તાજેતરમાં દિલ્હી હાઈકોર્ટમાં ચીની એઆઈ કંપની સામે કાનુની જંગ માંડયો છે. ઉલ્લેખનીય છે કે, આ જંગ જુનો છે પણ તેમાં ચીની કંપનીએ અરજી કરીને જણાવ્યું છે કે, તેમના વોઈસ જનરેશનના રાઈટ્સને દબાવવામાં આવી રહ્યા છે. બીજી તરફ સલમાન ખાને કોર્ટને જણાવ્યું છે કે, તેના નામ, તસવીરો, અવાજ, છબી અને ઓળખનો તેની મંજૂરી વગર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેના દ્વારા તેની બ્રાન્ડિંગને નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત ડીપફેક દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવા અથવા તો છેતરપીંડી માટે પણ તેનો ઉપયોગ થવાની શક્યતાઓ રહેલી છે. બીજી તરફ ચીની કપની જણાવે છે કે, સિન્થેટિક અવાજ બનાવવો તે કંપનીની મહત્ત્વની સવસ છે. કોર્ટ દ્વારા તેની આ કામગીરી ઉપર સ્ટે મુકવો તે કંપનીના બિઝનેસને મોટી અસર પાડી શકે છે. સલમાન કેસમાં તમામ પ્રતિબંધ દૂર કરવામાં આવે તેવી કંપનીની અરજી છે. બીજી તરફ સલમાન ખાન દ્વારા કંપની ઉપર કાયમી અને સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે.

પર્સનાલિટી રાઈટ્સ માટે બોલિવૂડના ઘણે સેલેબ્સ કોર્ટના દ્વારે પહોંચી ગયા છે. અક્ષય કુમારનો કેસ બોમ્બે હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે તો બીજી તરફ રિતિક રોશન પર્સનાલિટી રાઈટ્સ માટે દિલ્હી હાઈકોર્ટના શરણે ગયેલો છે. આ ઉપરાંત સુનિલ શેટ્ટી, ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન, અમિતાભ બચ્ચન, અરિજિત સિંહ જેવા ઘણા સ્ટાર્સ છે જેમના પર્સનાલિટી રાઈટ્સ માટે ડખા ચાલી રહ્યા હતા. આ તમામ સ્ટાર્સ કોર્ટ પાસે ગયા અને કાયદેસર રીતે તેમણે પર્સનાલિટી રાઈટ્સ મેળવી લીધા હતા. આ તમામ સેલેબ્સને તેમના દેખાવ, ચહેરા, અવાજ, તેમની પર્સનાલિટી અને અન્ય બાબતો માટે ઘણી વખત મુશ્કેલ સ્થિતિનો સામનો કરવાનો આવ્યો હતો. તેના કારણે જ તેઓ કોર્ટમાં ગયા




હતા અને ત્યાંથી તેમને રાહત મળી હતી. હવે આ તમામ સ્ટાર્સ કે જેમને કોર્ટે તેમના પર્સનાલિટીના અધિકાર આપ્યા છે તેમની લેખિત મંજૂરી વગર કોઈ તેમના અવાજ, દેખાવ કે અન્ય કોઈ બાબતનો ઉપયોગ કરી શકતા નથી.

અક્ષય કુમાર હોય કે, રિતિક રોશન કે પછી સુનિલ શેટ્ટી અથવા તો ઐશ્વર્યા રાય આ તમામ લોકોએ કોર્ટમાં અરજી કરી હતી કે, તેમની તસવીર, તેમનો અવાજ, તેમના નામ, તેમની બોલવાની સ્ટાઈલ અથવા તો તેમની વ્યક્તિગત કોઈપણ પ્રકારની ઓળખાણ કોઈની પણ નકલ કરી શકાશે નહીં. આ સેલેબ્સની લેખિત મંજૂરી વગર આ તમામ બાબતોનો ઉપયોગ કરવો કાયદેસર ગુનો ગણાશે. અક્ષય કુમાર અને રિતિક રોશને કોર્ટમાં અરજી કરતા જણાવ્યું હતું કે, તેમના નામ અને તસવીરોનો ઉપયોગ કરીને તથા તેમના વીડિયોનો ઉપયોગ કરીને બનાવટી બ્રાન્ડ પ્રમોશન કરાય છે, સોશિયલ મીડિયા એકાઉન્ટ ચલાવાય છે ને જાહેરાતો પણ કરવામાં આવે છે. આ તમામ બાબતો ઉપર કાયદેસર રોક લાગવી જોઈએ. ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન, આશા ભોંસલે, સુનિલ શેટ્ટી અને કરન જૌહર જેવા સેલિબ્રિટીઓએ પણ કોર્ટની મદદ લઈને પોતાના પર્સનાલિટી રાઈટ્સ લઈ લીધા છે. તેમાંય સુનિલ શેટ્ટીના કિસ્સામાં તો અદાલતે કડક શબ્દોમાં કહેવું પડયું હતું કે, આ રીતે સેલેબ્સના નામ, ચહેરા, અને અવાજનો ઉપયોગ કરવો તે જે-તે સેલેબ્સના જીવન જીવવાના અધિકાર ઉપર તરાપ છે. આ દૂરુપયોગ કરનારા લોકો સેલેબ્સના સન્માનપૂર્વક જીવવાના અધિકારનો ભંગ કરી રહ્યા છે. બીજી તરફ અનિલ કપૂરે પણ તેમના જેવી અવાજ અને સ્ટાઈલનો એઆઈ દ્વારા દૂરુપયોગ થયાની ફરિયાદ કરી હતી. દિલ્હી હાઈકોર્ટે ત્યારબાદ તેમની અરજીને આધારે તેમની નકલ ઉપર પ્રતિબંધ મુકીને કહ્યું કે, આવી કામગીરી એક્ટરની કેરિયર માટે જોખમી છે. આ સિવાય જેકી શ્રોફે પણ તેમના નામ અને ઈમેજનો મોબાઈલ એપ્સ તથા મર્ચેન્ડાઈઝ દ્વારા ઘણો ઉપયોગ કરાયો હોવાની ફરિયાદ કરાઈ હતી. તેના કારણે દિલ્હી હાઈકોર્ટે તેમને ટ્રેડમાર્ક સુરક્ષા પણ આપી હતી. ઉલ્લેખનીય છે કે, રિતિક રોશન દ્વારા દિલ્હી હાઈકોર્ટમાં જે અરજી કરવામાં આવી હતી તેમાં તેણે પોતાના ફેન પેજ સોશિયલ મીડિયામાંથી દૂર કરવાની વાત કરી હતી. તેનું કહેવું હતું કે, ફેન પેજ દ્વારા તેનું નામ, કન્ટેન્ટ અને અન્ય સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે જેના ઉપર ખરેખર તો માત્ર તેનો પોતાનો અધિકાર છે. તેને જ પર્સનાલિટી રાઈટ કહેવાય છે. આ કાયદા હેઠળ પર્સનાલિટી રાઈટ્સ મેળવનાર વ્યક્તિ જ નક્કી કરી શકે છે કે, તેની તસવીરે, તેના વીડિયો, તેનો અવાજ, તેનો દેખાવ અથવા તો તેની બોલવાની છટા કે પછી તેની સ્ટાઈલનો ઉપયોગ કોણ કરી શકશે અને કોણ નહીં.

# ટ્રેનમાં ઊંઘતા મુસાફરોને ટાર્ગેટ કરી કિંમતી વસ્તુઓ ચોરતા તસ્કરને રેલવે પોલીસે ચાલુ ટ્રેને જ દબોચી લીધો

**સુરત, તા.29**

સુરત રેલવે પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચને ટ્રેનોમાં થતી ચોરીનો ગુના ઉકેલવામાં મોટી સફળતા મળી છે. રેલવેમાં પેન્ટ્રી કાર અને એટેન્ડન્ટ તરીકે કામ કરી ચૂકેલી એક વ્યક્તિ અને સાથીદારો મુસાફરોની ઊંઘનો લાભ લઈ કિંમતી સામાનની ચોરી કરતા હતા. પોલીસે ચોરને ઝડપી પાડી સુરત, વડોદરા અને વસઈ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કુલ 9 ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

પશ્ચિમ રેલવે વડોદરા પોલીસના માર્ગદર્શન હેઠળ સુરત એલ.સી.બી. ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ અને કોન્સ્ટેબલ મેહુલભાઈએ બાતમીના આધારે પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાંથી આરોપી મેહુલ નાનજીભાઈ રાઠોડ (રહે, નવસારી)ને મુદ્દામાલ સાથે ઝડપી પાડયો હતો. પોલીસે ચોર પાસેથી એક ડેલ કંપનીનું લેપટોપ, ચાર્જર, બે મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ અને મોબાઈલ ચાર્જર અને રોકડ રકમ રૂ.2,290 પણ કબજે કરી છે. કુલ રૂપિયા 80,290નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

આરોપી મેહુલ અગાઉ રેલવેમાં નોકરી કરી ચૂક્યો હોવાથી તે ટ્રેનની આંતરિક વ્યવસ્થાથી સારી રીતે માહિતગાર હતો. તે તેના મિત્ર સાથે મળી નડિયાદથી મુંબઈ વચ્ચે ટ્રેનોમાં મુસાફરી કરતો અને મોડી રાત્રે જ્યારે મુસાફરો ઊંઘી જાય ત્યારે તેમના લેપટોપ, મોબાઈલ અને પર્સની ચોરી કરી લેતો હતો. વધુમાં આરોપીની પૂછપરછમાં છેલ્લાં બે વર્ષમાં આચરેલી અનેક ચોરીઓની કબૂલાત થઈ છે.

આરોપી મેહુલ રાઠોડની પૂછપરછમાં ચોંકાવનારી કબૂલાત સામે આવી છે. તેણે આશરે દોઢ મહિના પહેલા ત્રિવેન્દ્રમ-વેરાવળ એક્સપ્રેસમાંથી એક પર્સની ચોરી કરી હતી. આ પર્સમાં રહેલા એટીએમ કાર્ડ અને મોબાઈલ ફોનનો ઉપયોગ કરી તેણે સિફ્તપૂર્વક એટીએમનો પાસવર્ડ બદલી નાખ્યો હતો અને ખાતામાંથી રૂ. 2.45 લાખ ઉપાડી લીધા હતા. આરોપી છેલ્લા બે વર્ષથી તેના અન્ય એક ફરાર સાગરીત સાથે મળીને રાત્રિના સમયે ઊંઘતા મુસાફરોના પર્સ, મોબાઈલ અને લેપટોપની ઉઠાંતરી કરતો હતો. પકડાયેલા આરોપી અગાઉ રેલવેમાં પેન્ટ્રી કાર



અને એટેન્ડન્ટ તરીકે ફરજ બજાવી ચૂક્યો હોવાથી તેને ટ્રેનની અંદરની વ્યવસ્થા અને મુસાફરો કઈ રીતે બેદરકાર હોય છે તેની સંપૂર્ણ જાણકારી હતી. આ જ્ઞાનનો ઉપયોગ તે ચોરી કરવા માટે કરતો હતો. લોકશક્તિ ટ્રેનમાંથી ભરૂચ-સુરત વચ્ચે એક લેપટોપની ચોરી થઈ હતી. જે અંગે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. લાલકૂવા-બાંદ્રા એક્સપ્રેસ ટ્રેનમાં વડોદરાથી સુરત રેલવે સ્ટેશન વચ્ચે મોબાઈલ ફોન, બ્લુટુથ તથા રોકડા રૂપિયા ભરેલી બેગની ચોરી કરી હતી. જે અંગે સુરત રેલવે પો.સ્ટે.માં ગુનો દાખલ થયો હતો. વર્ષ-2024માં સુરતથી મુંબઈ વચ્ચે ચાલુ ટ્રેને એક મોબાઈલ ફોનની ચોરી થતાં મહારાષ્ટ્રના વસઈ રોડ રેલવે પો.સ્ટે.માં ગુનો દાખલ થયો હતો. ત્રિવેન્દ્રમ વેરાવળ એક્સપ્રેસ ટ્રેનમાંથી નવસારી રેલવે સ્ટેશન ખાતે બેગ ચોરી કરી હતી. તેમાંથી એ.ટી.એમ. કાર્ડ, મોબાઈલ ફોનની ચોરી કરી અને મોબાઈલ ફોનથી એ.ટી.એમ.નો પાસવર્ડ ચેન્જ કરી લઈ અને એ.ટી. એમ.માંથી રૂ.2,45,000 ઉપાડી લીધા હતા, જે અંગે સુરત રેલવે પો.સ્ટે. માં ગુનો દાખલ થયો હતો. જામનગર ઘતરુનવેલી એક્સપ્રેસ ટ્રેનમાંથી અંકલેશ્વરથી ભરૂચ રેલવે સ્ટેશન વચ્ચેથી મોબાઈલ ફોન તેમજ રોકડ રકમ રાખેલી બેગની ચોરી કરી હતી. જે અંગે સુરત રેલવે પો.સ્ટે. માં ગુનો દાખલ થયો હતો. અજમેર-પુરી એક્સપ્રેસ ટ્રેનમાંથી અમદાવાદથી વડોદરા રેલવે સ્ટેશન વચ્ચે મોબાઈલ અને રોકડા સાથેનું એક લેડીઝ પર્સ ચોર્યું હતું. જે અંગે વડોદરા રેલવે પો.સ્ટે.માં ગુનો દાખલ થયો હતો. હડપસર-જોધપુર એક્સપ્રેસ ટ્રેનમાંથી વડોદરાથી અમદાવાદ વચ્ચે સોનાનું મંગળસૂત્ર, મોબાઈલ ફોન તેમજ રોકડા રૂપિયા સાથેના લેડીસ પર્સની ચોરી કરી હતી. જે અંગે નડિયાદ રેલવે પો.સ્ટે.માં ગુનો દાખલ થયો હતો. સુરત રેલવે સ્ટેશને આવેલી હમસફર એક્સપ્રેસ ટ્રેનમાંથી મોબાઈલ ફોન-પૈસા ભરેલા પર્સની ચોરી કરી હતી. જે અંગે સુર સુરત રેલવે પો.સ્ટે.માં ગુનો દાખલ થયો હતો. ખાનદેશ એક્સપ્રેસ ટ્રેનમાં પાલઘરથી નવસારી વચ્ચે મોબાઈલ અને રોકડા સાથેના એક પર્સની ચોરી કરી હતી, જે અંગે વાપી રેલવે પો.સ્ટે.માં ગુનો દાખલ થયો હતો.

# ગુજરાતના 'વંદે માતરમ્' ટેબ્લોએ રચ્યો ઈતિહાસ, સતત ચોથા વર્ષે મેળવ્યો 'પીપલ્સ ચોઈસ એવૉર્ડ'....

**અમદાવાદ, તા.29**

77મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્યપથ પર યોજાતી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ્' થીમ આધારિત ટેબ્લોએ ભારે ઉત્સુકતા અને આકર્ષણ જમાવ્યું હતું. ગુજરાતના આ ટેબ્લોએ પ્રજાસત્તાક દિવસે પરેડમાં 'પોપ્યુલર ચોઈસ એવૉર્ડ' શ્રેણીમાં સતત ચોથા વર્ષે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા MYGov પોર્ટલ પર 26મી જાન્યુઆરીથી શરુ કરી 27મી જાન્યુઆરી રાત સુધી યોજાયેલા મતદાનમાં ગુજરાતનો ટેબ્લો પ્રથમ કલાકથી બીજા દિવસના અંત સુધી સતત અગ્રેસર રહીને કુલ 43 ટકા વોટ સાથે પીપલ્સ ચોઈસ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક સાથે વિજેતા થયો હતો. દ્વિતિય ક્રમે રહેલા ઉત્તર પ્રદેશને 9 ટકા મત મળવા પામ્યા હતા, જ્યારે બાકીના 15 રાજ્યોએ અનુક્રમે મત મેળવ્યા હતા. આ વર્ષે કર્તવ્ય પથ પર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં વંદે માતરમ્ અને સ્વદેશી ચળવળના સમન્વયથી ઉદ્ભવેલી આઝાદી માટેની ક્રાંતિ અને આત્મનિર્ભરતા માટે સ્વદેશીના મંત્રની યાત્રાને તાદશ રીતે રજૂ




કરવામાં આવી હતી.

ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવૉર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા 2023ના 74મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરુ કરી છે. આ પરેડમાં રાજ્ય સરકારે 'ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત'ના ટેબ્લોમાં વડાપ્રધાન પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહ્વાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલની ઝાંખી પ્રસ્તુત કરી હતી. વર્ષ-2024ના 75મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતે રજૂ કરેલા ટેબ્લો "ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ-UNWTO"ની પ્રસ્તુતિને પણ 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં પ્રથમ ક્રમ મળ્યો હતો. એટલું જ નહીં, ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની- જ્યુરીની ચોઈસમાં પણ ગુજરાતના આ ટેબ્લોએ 2024માં બીજો ક્રમ મેળવ્યો હતો.

આગામી 30મી જાન્યુઆરીના રોજ નવી દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતે પ્રજાસત્તાક પર્વના સમાપન સમારોહમાં કેન્દ્રના રાજ્યકક્ષાના સંરક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં ગુજરાતને આ ગૌરવપૂર્ણ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

# અમદાવાદમાં સરસપુરના સિવિક સેન્ટરમાં નવું આધાર કાર્ડ કઢાવા લાંચ માગી, ACBએ ત્રણને ઝડપી પાડ્યા

**અમદાવાદ, તા.29**

અમદાવાદમાં ACBએ સરસપુર વિસ્તારમાં આવેલા સિવિક સેન્ટરમાં નવું આધાર કાર્ડ બનાવવાના બહાને નાગરિકો પાસેથી હજારો રૂપિયાની લાંચ માંગતા પટાવાળા, કોમ્પ્યુટર ઓપરેટર અને અન્ય એક વ્યક્તિની ટોળકીને રંગેહાથ ઝડપી પાડી છે. મહત્ત્વનું છે કે, આ ત્રણેય શખ્સે ફરિયાદી પાસે નવું આધારકાર્ડ બનાવવા માટે 32 હજાર રૂપિયાની લાંચ માગી હતી. આ પછી ACBએ છટકું ગોઠવીને ત્રણેયને રંગેહાથે ઝડપી લીધા હતા. મળતી માહિતી અનુસાર, એક ફરિયાદીએ નવું આધાર કાર્ડ બનાવવા માટે સરસપુર સિવિક સેન્ટરનો સંપર્ક કર્યો હતો. ત્યાં ફરજ બજાવતા પ્યુન જય પંચોલીએ આ કામ માટે ફરિયાદી પાસે લાંચની માંગણી કરી હતી. તેણે રાયપુર અર્બન હેલ્થ સેન્ટરના કોમ્પ્યુટર ઓપરેટર ભાગ્યેશ સોલંકી વતી પહેલા 25 હજાર રૂપિયા અને ત્યારબાદ વધુ 7 હજાર રૂપિયા મળી કુલ 32 હજાર રૂપિયાની માંગણી કરી હતી. આ રકમ જય પંચોલીએ સંદીપ પ્રજાપતિ નામના અન્ય એક યુવકને આપવા માટે ફરિયાદીને સૂચના આપી હતી. પોતાનું કામ કાયદેસર હોવા છતાં લાંચ માંગવામાં આવતા ફરિયાદીએ આ અંગે ACBનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે ACB એ છટકું ગોઠવ્યું હતું. જ્યારે લાંચના નાણાંનો વ્યવહાર થઈ રહ્યો હતો ત્યારે જ ત્રણેય આરોપીઓને દબોચી લીધા હતા. ACB એ પ્યુન જય પંચોલી, કોમ્પ્યુટર ઓપરેટર ભાગ્યેશ સોલંકી અને વચેટિયા સંદીપ પ્રજાપતિની ધરપકડ કરી છે. હાલમાં આ સમગ્ર મામલે ગુનો નોંધીને લાંચિયાઓની આ ટોળકી અન્ય કેટલા લોકો પાસે પૈસા પડાવ્યા છે તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

# ગુજરાતમાં પણ UGCના વિરોધની આગ ભભૂકી, સવર્ણ સમાજ નારાજ, ભાજપને ફેંક્યો પડકાર

**અમદાવાદ, તા.29**

શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ આધારિત ભેદભાવ રોકવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા નવા નિયમો લાદવા નક્કી કરાયું છે. ત્યારે દેશભરમાં વિરોધ વંટોળ ઉઠ્યો છે. હવે ગુજરાતમાં પણ યુજીસીના વિરોધની આગ ભભૂકી છે. કાળા કાયદાને દૂર કરવાની માંગ સાથે બુધવારે (28મી જાન્યુઆરી) સુરત, રાજકોટ, મહેસાણા સહિત અન્ય શહેરોમાં દેખાવો કરાયો હતો.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે, ત્યારે યુજીસીના કાયદાને લઈને બ્રહ્મ-સવર્ણ સમાજ ભારોભાર નારાજ છે. આગામી દિવસોમાં આ નારાજગી ભાજપ માટે ચિંતાનો



વિષય બની શકે છે. સુરત, રાજકોટમાં બ્રહ્મ સમાજ ઉપરાંત કરણી સેના દ્વારા યુજીસીના કાયદાને 'કાળો કાયદો' ગણાવીને કલેક્ટર કચેરી ખાતે દેખાવો કર્યું હતું. સાથે સાથે બ્રહ્મ સમાજે રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થતા ચેડાં અટકાવવા માંગ કરી હતી.

મહેસાણામાં પણ પાટીદાર સમાજે પણ આ કાયદાને બંધારણીય ભાવના વિરુદ્ધ ગણાવ્યો છે. પાટીદાર નેતા વરુણ પટેલે પ્રતિક્રિયા આપી કે, 'આ કાયદા હેઠળ સવર્ણ વિદ્યાર્થી વિરુદ્ધ ફરિયાદ થાય તો તેને હોસ્ટેલ કે કોલેજમાંથી કાઢી મૂકવાની જોગવાઈ છે, પરંતુ જાણીજોઈને ખોટી ફરિયાદ કરે તો તેની સામે કોઈ કાર્યવાહીનો ઉલ્લેખ નથી. આવી જોગવાઈને કારણે સવર્ણ સમાજના વિદ્યાર્થીઓની કારકિર્દી રોળાઈ જશે તેમા શંકાને સ્થાન નથી. આ જોતાં પાટનગર ગાંધીનગરમાં સવર્ણ સમાજની એક બેઠકનું આયોજન કરાયુ છે જેમાં આંદોલનાત્મક વ્યૂહનીતિ ઘડવામાં આવશે.'

કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવી બ્રહ્મ અને સવર્ણ જ્ઞાતિના આગેવાનોએ ચીમકી આપી છે કે જો આ કાળો કાયદો પાછો ખેંચવામાં નહીં આવે તો આગામી ચૂંટણીઓમાં ભાજપને મતની શક્તિથી જવાબ આપવામાં આવશે. આમ, યુજીસીના કાયદાને લઈને બ્રહ્મ અને સવર્ણ સમાજના સંગઠનો લડાયક મૂડમાં છે.

# અમદાવાદમાં ખરીદી બાદ ખુશ-ખુશ થઈને ઘરે જતાં યુવકનું મોપેડ સ્લિપ થયું, ગંભીર ઈજા બાદ મોત

**અમદાવાદ, તા.29**

સાણંદના ગીબપુરા રેલવે બ્રીજ નજીક ગત સાંજે એક અકસ્માત સર્જાયો હતો. ખરીદી કરીને પરત ફરી રહેલા એક આશાસ્પદ યુવાનની મોપેડ અચાનક સ્લિપ થઈ જતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકો અને 108ની મદદથી તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ કમનસીબે ટૂંકી સારવાર બાદ યુવાનનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે મૃતક યુવાનના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મૃતકની ઓળખ સંજય રાણા તરીકે થઈ છે, જેમની ઉંમર 37 વર્ષ હતી. તે સાણંદના લોખંડ બજાર વિસ્તારમાં પોતાના પરિવાર સાથે રહેતા હતા. તેઓ 28મી જાન્યુઆરીના રોજ મોપેડ લઈને અમદાવાદ ખરીદી કરવા ગયા હતા. પરત ફરતી વખતે સર્જાયેલા આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે તેમણે જીવ ગુમાવ્યો છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યા મુજબ, સંજય પોતાની મોપેડ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રહ્યો હતો. જેના કારણે વાહન પરનો કાબૂ ગુમાવતા એક્ટિવા સ્લિપ થઈ ગઈ હતી. રોડ પર પટકાતા સંજયભાઈને માથાના ભાગે જીવલેણ ઈજાઓ થઈ હતી.

આ ઘટના સ્થળે હાજર લોકોએ તુરંત 108 અને પરિવારને જાણ કરી હતી. તેમને પહેલા સાણંદ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકના મોટા ભાઈ જયેશભાઈએ સાણંદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અસલાલીમાં 1.86 કરોડના દારૂની બોટલ પર ફર્યું બુલડોઝર

**અમદાવાદ, તા.29**

અમદાવાદ ગ્રામ્યના અસલાલી ડિવિઝન હેઠળ આવતા વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા પ્રોહિબિશનના ગુનાઓમાં કબજે કરવામાં આવેલા વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો. પોલીસ દ્વારા અલગ-અલગ રેડ દરમિયાન પકડાયેલા કરોડોની કિંમતના મુદ્દામાલ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું.

અસલાલી ડિવિઝન પોલીસ દ્વારા કુલ 40,259 નંગ વિદેશી દારૂની બોટલો, જેની અંદાજિત કિંમત રૂપિયા 1,86,21,805/- થાય છે તેનો નાશ કરવામાં આવ્યો હતો. આ જથ્થો અસલાલી, કણભા અને વિવેકાનંદનગર પોલીસ



સ્ટેશનના વિસ્તારમાંથી છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન પકડવામાં આવ્યો હતો.

અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં આ તમામ મુદ્દામાલ પર રોલર ફેરવીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં ત્રણ મુખ્ય પોલીસ સ્ટેશનોના મુદ્દામાલનો સમાવેશ કરાયો હતો.

જેમાં અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ 01/10/2025થી તારીખ 20/01/2026 સુધી પકડાયેલી કુલ 28,555 બોટલ, કણભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ 01/08/2025થી તારીખ 31/12/2025 સુધી પકડાયેલી કુલ 2,999 બોટલ અને વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ 01/08/2025થી તારીખ 31/12/2025 સુધી પકડાયેલા કુલ 8,705 બોટલનો નાશ અસલાલી ખાતે કરાયો હતો. આમ અસલાલી ડિવિઝન દ્વારા કુલ રૂપિયા 1.86 કરોડથી વધુની કિંમતના મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો.

# રાજ્યમાં ઠંડીમાં આંશિક ઘટાડો: સૌથી ઠંડુ શહેર નલિયા, 48 કલાકમાં તાપમાનમાં 3થી 5 ડિગ્રીનો વધારો થશે....

**ગાંધીનગર, તા.29**

રાજ્યમાં થોડા સમયથી અનુભવાતી કડકડતી ઠંડીમાં હવે આંશિક ઘટાડો નોંધાવાની શક્યતા છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી 48 કલાકમાં રાજ્યના અનેક વિસ્તારોમાં તાપમાનમાં 3થી 5 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. જોકે પવનની ગતિ યથાવત્ રહેવાની આગાહી કરવામાં આવી છે. દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ 45થી 55 કિલોમીટર પ્રતિ કલાકે ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ત્રણ દિવસ બાદ ફરી એક વખત તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે, જેના કારણે ઠંડીમાં વધારો થઈ શકે છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના વિવિધ શહેરોમાં નોંધાયેલા લઘુત્તમ તાપમાનની વાત કરવામાં આવે તો અમદાવાદમાં 12.8 ડિગ્રી સેલ્સિયસ, અમરેલીમાં 11.6 ડિગ્રી, વડોદરામાં 13.8 ડિગ્રી, ભાવનગરમાં 15.2 ડિગ્રી અને ભુજમાં 11.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. દમણમાં 15.4 ડિગ્રી, ડીસામાં 11.3 ડિગ્રી, દીવમાં 11.9 ડિગ્રી અને દ્વારકામાં 14.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**

